


“એક નિર્દોષ વ્યક્તિ જે અન્યોનાં ભલાં માટે તેમજ તેમનાં દુશ્મનો-વૈરીઓ માટે પણ પોતાનું જીવન ન્યોછાવર કરી દે છે, તે જ જગતનો તારણહાર ગણાય છે. આ એક સંપૂર્ણ થયેલ સિધ્ધિ છે. ખ્રિસ્તનો જન્મ દરેક વ્યક્તિનાં હૃદયમાં થવો જોઈએ. અહિંસા એ ઈસુ ખ્રિસ્તના જીવનનો માર્ગ હતો.”


રાષ્ટ્રપિતા - મહાત્મા ગાંધી

*Source :*

*1 ) Gandhi, Christ and Christianity, P. No. 1, Author : Pascal Alan Nazareth*

*2 ) My encounter with truth, P. No. 88, Author : Mahatma Gandhi*

“એક પૂર્વીય વ્યક્તિ તરીકે જો મારે નાઝરેથના ઈસુનું ભજન કરવાનું હોય, તો મારા માટે એક જ માર્ગ છે, કે તેમનું ઈશ્વર તરીકે ભજન કરવું, બીજુ કાંઈજ નહિં” “જો નાઝરેથના ઈસુના સમયમાં હું પેલેસ્ટાઈનમાં રહેતો હોત, તો મેં તેમના પગ, મારા આંસુઓથી નહિ, પરંતુ મારા હૃદયના રક્તથી ધોયાં હોત.”



-વિશ્વ માનવ: સ્વામી વિવેકાનંદ

*Source:*

*1) The Complete Works of Swamy Vivekananda, Vol-4, P. No. 143, Author : Swamy Vivekananda*

*2) The Master As I Saw Him, P. No. 233, Author : Sister Nivedita*



“જ્યારે ઈસુ વધસ્તંભ પર હતા, ત્યારે તેમણે પોતાને બચાવ્યા નહિ, કારણ કે તેઓ દુનિયાનો ઉદ્ધાર કરવા જનમ્યા હતાં, પોતાને બચાવવા નહિં.” “મારા જ્ઞાનની સીમાઓમાં, જેમને ગુરૂ કહી શકાય તેવા એક જ યોગ્ય વ્યક્તિ છે, અને તે છે નાઝરેથના ઈસુ, અન્ય કોઈ જ નહિ.”

- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લીરાધાકૃષ્ણન

*Source :*

*1) A series of Vasan's life history, P. No. 15, Author : G.T. Ashwathnarayan*

*2) To the unknown God, Chapter 20, P. No. 161, Author : Vicki Harley Hollond*

“આ જગતની બે મહાસત્તાઓ “તલવાર” અને “પ્રેમ”છે. પ્રેમ હંમેશા તલવારને પરાજિત કરે છે. ઉદાહરણ સ્વરૂપ એલેક્ઝાંડર, સીઝર અને ચાર્લમેગ્ને જેવાઓએ તેમની તલવારોની મહાશક્તિથી સામ્રાજ્યો સ્થાપ્યાં. પરંતુ આજે તેઓનું અસ્તિત્વ નથી. જોકે, ફક્ત ઈસુ ખ્રિસ્તે જ તેમનું રાજ્ય પ્રેમના પાયા પર સ્થાપ્યું છે અને આજે પણ લાખો લોકો તેમના માટે પોતાને હોમી દેવા તૈયાર છે.”



- મહાન સમ્રાટ : નેપોલિયન બોનાપાર્ટ

*Source :*

*The message of Upanisad, P. No. 529, Author : Shri Swami Ranganathananda*

**Grace Brethren Assembly,**
Paper Town, Bhadravathi - 577302,
Shivamogga Dist, Karnataka State, INDIA.

# સત્યમેવ જયતે

(Gujarathi)

## TRUTH ALONE TRIUMPHS



*S. Giri*

# SATHYAMEVA JAYATE

***TRUTH ALONE TRIUMPHS***

**(Gujarati)**

# સત્યમેવ જયતે

સત્ય જ ફક્ત વિજયી થાય છે

***S.* Giri,** **D C Sc & E, S A S**

**SATHYAMEVA JAYATHE**
Post Box No:87, Shivamogga - 577201
Karnataka State, INDIA
E-Mail : satyamevjayate.life@gmail.com
Web site : www.satyamevjayate.life
Mob : 9845417088

**Publisher:**
**Grace Brethren Assembly**
Paper Town, Bhadravathi - 577 302,
Shivamogga Dist, Karnataka, INDIA



***Sathyameva Jayathe -*** *Written by S. Giri based on Spiritual Contents collected from Various Religious Books and opinion expressed from our great leaders.*

First Impression : May 2023

Pages : 72

Offering : Rs. 25/-

For Private Circulation only

**Publisher:**
**Grace Brethren Assembly**
Paper Town, Bhadravathi - 577 302,
Shivamogga Dist, Karnataka, INDIA

મોસ્ટ માનનીય રેવ.ડૉ.ફ્રાન્સિસ સેરાઓ એસ.જે.
બિશપ, શિવમોગ્ગા

બિશપ હાઉસ
મલ્લીગેનાહલ્લી, સાગર રોડ
શિવમોગ્ગા - ૫૭૭૨૦૫
કર્ણાટકા - ભારત
મો.નં.: +91 9448355813
Email:ancisserraosj@gmail.com

## અભિનંદન અને આશીર્વાદના

પ્રભુ ઈસુના સેવક એસ.ગીરીએ પ્રભુ ઈસુને પોતાના વ્યક્તિગત ઉદ્ધારકર્તાના રૂપમાં સ્વીકારેલા છે. અને તેમના દ્વારા લખવામાં આવેલ 'સત્યમેવ જયતે' નામની આ નાની પુસ્તિકા દ્વારા તેમણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પરિચય આપ્યો છે. આ પહેલાં પણ આ પુસ્તકનો પંદર ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે.અને ભારતના દરેક ખૂણે-ખૂણે રહેતા તમામ લોકો મધ્યે આ પુસ્તક પહોંચી ચૂક્યું છે.

આ પુસ્તકમાં લગભગ વીસ પ્રકરણો છે અને આ વીસ પ્રકરણોમાં ભારતીય શાસ્ત્રો તેમજ પરંપરાઓમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંદેશાઓ વિષે પ્રકાશ પાડવામાં આવ્યો છે.પવિત્ર કુરાનમાં મરિયમ અને ઈસુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની પણ નોંધ આ પુસ્તકમાં કરવામાં આવેલી છે તે આપણે જોઈ શકીએ છીએ. લેખકની કલ્પના છે કે આ પુસ્તકના વાચકોને મહાત્મા ગાંધી તેમજ મધર ટેરેસાની જેમ પ્રભુ ઈસુ ખ્રિસ્તના માર્ગમાં ચાલવા માટે પ્રેરણા પૂરી પાડે છે.

અંધકારમાંથી અજવાળામાં દરેક વ્યક્તિએ ચાલવાની જરૂર છે. પ્રભુ ઈસુ સ્વર્ગ તેમજ પૃથ્વીના પ્રકાશ છે. આ પ્રકાશ આપણને આ જગતના અંધકારથી બચાવી શકે છે. જેઓ તેમના પર વિશ્વાસ કરે છે, તેઓને ધન્ય છે. અને અંધકારમાં ખોવાઈ ગયેલા લોકોને દોરવણી આપવી આપણી એક ફરજ બને છે. લગભગ ૨૦૦૦ વર્ષ પહેલા જન્મેલાં પ્રભુ ઈસુ ઘણાં બધા જીવનો માટે એક આશાનું પ્રતિક બની ગયા છે.પવિત્ર શાસ્ત્ર બાઇબલમાં આપણે વાંચીએ છીએ કે, "પ્રભુ યહોવાનો આત્મા મારા પર છે, કારણ કે દીનોને વધામણી કહેવા માટે પ્રભુ યહોવાએ મને અભિષિક્ત કર્યો છે.બંદીવાનોને છુટકારાની તથા કેદીઓને કેદખાનુ ઉઘડવાની ખબર પ્રસિદ્ધ કરવા માટે તેમજ અંધ વ્યક્તિઓને દૃષ્ટિદાન આપવા માટે યહોવાએ માન્ય કરેલું કૃપાનું વર્ષ પ્રસિદ્ધ કરવા માટે માટે મને મોકલવામાં આવ્યો છે." ઈશ્વરનું રાજ્ય



સત્ય, ન્યાય તેમજ તે છે જે માનવીઓની સાથે ગૌરવપૂર્ણ વ્યવહાર કરે છે .પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને આ માર્ગ ઉપર આપણા જીવનનું નેતૃત્વ કરવાને માટે આપણને આમંત્રણ આપે છે. આ પુસ્તક આપણા સંદેશાને હંમેશા સમર્થન આપે છે.

અમો પ્રભુ ઈસુના સેવક એસ.ગીરીના જીવન તેમજ તેમના બહુમૂલ્ય યોગદાનને માટે ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આશા રાખીએ છીએ આ પુસ્તક ભારતમાં રહેતા ઘણાં બધા લોકો માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવન તેમજ તેમના સેવાકાર્યનો પરિચય કરાવશે, તેમજ આપણે બધા પણ તેમના નામમાં આશીર્વાદિત થઈશું. ઈશ્વર તમે સર્વ લોકોને ખૂબ જ આશિષ આપો.

ઈસુ ખ્રિસ્તમાં તમારો સેવક,

મોસ્ટ માનનીય રેવ.ડૉ.ફ્રાન્સિસ સેરાઓ એસ.જે.
બિશપ, શિવમોગ્ગા

**લેખકનાં બે બોલ :** આપણે જીવનના દરેક ક્ષેત્રોમાં નિર્ણયો લઈએ છીએ, પરંતુ આપણે ઘણીવાર ઈશ્વરને લગતા વિષયને એટલી જ ગંભીરતાથી તેનું નિરીક્ષણ કે અભ્યાસ કરતા નથી જેટલી અન્ય બાબતોમાં કરીએ છીએ. ઈશ્વરની ઉપાસના કરવી એ એવું કોઈ કાર્ય નથી, જેમાં આપણે પોતાની ઈચ્છા મુજબ કરી શકીએ. પરંતુ ઈશ્વરની ઉપાસના કે આરાધના આપણે તેમની ઈચ્છા મુજબ જ કરવી જોઈએ. આથી, સત્યની શોધમાં મારા વ્યાપક અભ્યાસ દરમ્યાન એકત્રિત થયેલી સમજણો અને તારણોને હું તમારી સાથે વહેંચવાના કાર્યને મારી ફરજ માનું છું. મારા આ સંશોધન કાર્યને દરેક વ્યક્તિ યોગ્ય રીતે મેળવી શકે તે માટે, મેં તેમને આ પુસ્તકરૂપે સંકલિત કર્યું છે.

આ પુસ્તક આપણા રાષ્ટ્રના બંધારણની રૂપરેખા હેઠળ લખાયું છે. આ પુસ્તક કોઈપણ પૂર્વગ્રહ, પક્ષપાત કે વ્યક્તિગત હિતથી મુક્ત છે. અંતે, માત્ર સત્ય જ વિજયી થાય છે, અને મારી હૃદયપૂર્વકની આશા છે કે આ સત્ય શક્ય તેટલા લોકો સુધી પહોંચે. આ જ કારણે, મેં આ પુસ્તકને "સત્યમેવ જયતે - માત્ર સત્ય જ વિજયી થાય છે" એવું શિર્ષક આપ્યું છે.

ઘણી બધી વિનંતીઓના પ્રતિસાદરૂપે, આ પુસ્તકનું પંદર ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યું છે, તેથી હું તમો સર્વમાંથી દરેકને આ પુસ્તકનો સર્વશ્રેષ્ઠ રીતે ઉપયોગમાં લેવા માટે પ્રોત્સાહિત કરું છું.

**એસ.ગીરી**

## પ્રસ્તાવના

સત્યના શોધક શ્રી એસ.ગીરીએ વિવિધ વિષયોના શાસ્ત્રગ્રંથો, પુસ્તકોનો અભ્યાસ કરીને સંશોધન કરીને, તેમજ મહાન નેતાઓ દ્વારા કરવામાં આવેલ નિવેદનોનું અવલોકન કરીને તેમજ ઈસુ ખ્રિસ્તના જીવન તેમજ સેવાકાર્યનો અભ્યાસ કર્યા બાદ આ પુસ્તક ''સત્યમેવ જયતે'' નામનું આ પુસ્તક લખ્યું જેથી દૈવી સત્યોને સરળતાથી સામાન્ય માનવી પણ સમજી શકે. આ પુસ્તક ચોક્કસપણે સત્યની શોધ કરનાર સત્યશોધકને ઘણી બધી રીતે મદદરૂપ થશે. માનવીના શાશ્વત પ્રશ્નો જેવા કે : ''હું કોણ છું ? હું અહીં શા માટે આવ્યો છું ? હું ક્યાં જવાનો છું ? જીવનનો હેતુ શો હોય છે ? આ બધાં પ્રશ્નોને આ પુસ્તકમાં સંબોધવામાં આવ્યાં છે. મૃત્યુ પછીનું જીવન કંઈ નથી. પરંતુ અનંતજીવનની શરૂઆત તથા ભવિષ્યનાં પડકારોનો સામનો કેવી રીતે કરવો તેની તૈયારીઓ વિશે આ પુસ્તકમાં વિગતવાર જણાવવામાં આવ્યું છે. અસંખ્ય લોકો જીવન સંબંધી મૂંઝવણ અનુભવતા હોય છે. તેઓ અશાંત હોય, શાંતિ તથા સુખની શોધમાં તેઓ સતત અપરાધભાવનાથી પીડાતા હોય છે. આ સંબંધી વિવિધ પ્રકારનાં મતમતાંતરો ઘણાં બધાં ગુરૂઓ દ્વારા પ્રસારિત કરવામાં આવતા હોય છે, પરંતુ અધિકૃત તથા સ્વીકાર્ય મત શો છે તે એક વિવાદનું મૂળ છે. આપણું જીવન અમૂલ્ય છે પણ તે ત્વરિત જતું રહેવાનું છે. પૃથ્વી પર લેવામાં આવેલો નિર્ણય આપણાં અનંતકાળિક જીવન પર પ્રભાવ પાડે છે. આ ગંભીરતાને ધ્યાનમાં લઈને શ્રીમાન એસ. ગીરીએ માનવીનાં અંતિમ પ્રયાણ વિશે ઘણી બધી હકીકતો પ્રકાશમાં લાવી છે, એટલે કે સ્વર્ગ તથા નર્ક તેમજ કેવી રીતે સ્વર્ગમાં પ્રવેશ કરવો તે સ્પષ્ટ અને ખુલ્લા અભિગમવાળાં વાચકને ખાતરી થશે કે તે સત્યને શોધી શકશે તથા આશીર્વાદો પણ માણી શકશો.

આ પુસ્તક મૂળભૂત રીતે કન્નડ ભાષામાં લખવામાં આવ્યું હતું. જેમ જેમ તેની લોકપ્રિયતા વધતી ગઈ. તેમ તેમ તેનું અંગ્રેજી તથા અન્ય ભાષાઓમાં અનુવાદ થવા લાગ્યો. અર્થોને અર્થસભર કરવા માટે પુસ્તકમાં ઉલ્લેખિત શાસ્ત્રભાગોને શબ્દાનુસાર સમજાવવામાં આવ્યાં છે. વિશ્વાસ છે કે જેમ જેમ તમે આ પુસ્તકો વાંચશો તથા સમજશો તેમ તેમ આ પુસ્તક એક મહાન આશીર્વાદમાં ફેરવાઈ જશે.

- પ્રભુદાસ ટી.એસ.નિવૃત્ત મેનેજર (HRD), MPM, ભદ્રવતી



## અનુક્રમણિકા

1. ભારતીય સંસ્કૃતિ ........ 7
2. માનવીય આત્મા માટે મરણ નથી ........ 9
3. સ્વર્ગની રાહે/વાટ ........ 13
4. ઈશ્વરની ક્ષમા/દયા ........ 15
5. વૈદિક કાળમાં બલિદાનની પદ્ધતિઓ ........ 17
6. ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન અને સ્વર્ગારોહણ ........ 20
7. ઈસુ ખ્રિસ્ત પાછા આવશે ........ 22
8. આપણને પાપમાંથી કોણ મુક્ત કરી શકે ? ........ 23
9. ઈસુ ખ્રિસ્તે જે કહ્યું તે આપણે શા માટે માનવું જોઈએ ? ........ 24
10. પવિત્ર બાઇબલનો ઈતિહાસ ........ 27
11. શ્રીમંત માણસ અને ભિખારી લાજરસનું દૃષ્ટાંત ........ 30
12. ઈસુ ખ્રિસ્ત કોણ છે ? તમારો નિર્ણય શો છે ? ........ 31

## દૈનિક સમાચારપત્રોમાં પ્રકાશિત લેખો

13. ઈસુ ,પવિત્ર ઈશ્વર ........ 32
14. પહાડ પરના ઈસુ ખ્રિસ્તના ગિરીપ્રવચનનો સારાંશ ........ 34
15. ઈસુ ખ્રિસ્ત દ્વારા કરવામાં આવેલા મહત્ત્વપૂર્ણ ચમત્કારો ........ 38
16. વ્યભિચારમાં પકડાયેલી એક સ્ત્રી ઈસુ ખ્રિસ્ત સમક્ષ ચુકાદા માટે રજૂ કરવામાં આવી ........ 44
17. 'મૃત્યુ પછી શું થાય છે' એ પ્રશ્નનો બાઈબલમાં સ્પષ્ટ ઉત્તર ?........47
18. વધસ્તંભ પર ઈસુ ખ્રિસ્ત દ્વારા ઉચ્ચારવામાં આવેલી સાત વાણીઓ ........ 51
19. ઈસુના શિક્ષણની ઘોષણા સમગ્ર વિશ્વમાં થઈ ........ 52
20. ઈશ્વરીય જ્ઞાન ........ 67

## 1. ભારતીય સંસ્કૃતિ

હિન્દુ ધર્મને વિશ્વનો સૌથી પ્રાચીન ધર્મ માનવામાં આવે છે તેમજ વિશ્વમાં ત્રીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે. આર્યોએ મધ્ય પૂર્વમાંથી સ્થળાંતર થઈને ઉત્તર ભારતના સિંધુખીણ વિસ્તારમાં આશરે ઈ.સ.પૂર્વે ૩૦૦૦માં વસવાટ કર્યો. તેમની ભાષા અને સંસ્કૃતિ સિંધ પ્રાંતમાં રહેતા સ્થાનિક લોકો સાથે ભળી ગઈ. આ પ્રદેશમાં રહેતા લોકો હિંદુ તરીકે ઓળખાવા લાગ્યા. તેઓ જે ધર્મ પાળતા હતા તે પાછળથી હિંદુ ધર્મ ગણાવવા લાગ્યો. તેઓ સ્થાયી થઈને તેમના રાજ્યોની સ્થાપના કર્યા બાદ, તેઓએ કુદરતી રીતે તેમના સાચા સર્જકની શોધ કરી. વૈદિકકાળથી તેઓની સંધ્યાની પૂજાવિધિ દરમ્યાન ઋગ્વેદમાંથી નીચે જણાવેલ શ્લોકનું ઉચ્ચારણ કરતા.

(દેવાથાર્ચના વિધિ પાના નં...62)

**यानि कानि च पापानि जन्मांतर कृतानि च ।**
**तानि तानि विनश्यंति प्रदक्षिण पदे पदे ॥**
**पापोऽहं पापकर्माहं पापात्मा पापसम्भवः ।**
**त्राहि मां कृपया देव शरणागत वत्सल ।**
**अन्यथा शरणं नास्ति त्वमेव शरणं मम ॥**
**तस्मात् कारुण्य भावेन रक्ष रक्ष जनार्दन ॥**
**आ...नमः। प्रदक्षिण नमस्कारान समर्पयामि ॥**

***yāni kāni cha pāpāni janmāntara kṛutāni cha |***
***tāni tāni vinaśyanti pradakṣiṇa pade pade||***
***Pāpōhaṁ pāpa karmahaṁ pāpātma pāpasambhava |***
***Trahi mām kṛupāya dēva śharanagata vatsala |***
***An'yathā śharanaṁ nāsti tvamēva śharanaṁ mama ||***
***Tasmath karun'ya bhāvēna rakṣha rakṣha Janārdana ||***
***ā… Namaḥ | pradakṣiṇa namaskāran samarpayāmi ||***



**અર્થ :** અરે પ્રભુ ‘‘મેં જે કંઈ બધા પાપો મારા જીવનકાળ દરમ્યાન (અગાઉના પૂર્વજન્મ સાથેના) આચર્યા હોય, તમારી આસપાસ ચકરાવો ખાતા તેનો નાશ થઈ જાય છે. હું પાપી હોવાને કારણે મેં પાપી કૃત્યો કર્યા છે. હું પાપી હોવાને કારણે પાપ મારી પછવાડે રહે છે. ઈશ્વર તમારી શરણમાં જે કોઈ આવે છે તેમ તમે મારો બચાવ કરો. કૃપા કરીને મને બચાવો. તમારા સિવાય મારું બીજું કોઈ શરણ નથી. તેથી, હું તમારી સમક્ષ પ્રણામ કરું છું. અને મારા પર દયા કરો તેવી વિનંતી કરું છું. લોકોના માયાળુ શાસક મારો બચાવ કરો. હું મારી સ્તુતિ અને ઉપાસના અર્પીને તમારી તરફ ફરું છું.

દરેક માનવી જન્મથી (કુદરતી) પાપી હોય છે. અને જેમ જેમ તે વૃદ્ધિ પામે છે તેમ તેમ તે વધારે પાપીકૃત્યો આચરે છે. અને એ પ્રમાણે તે એક પાપી તરીકે પૃષ્ટિ પામે છે. પાપનો અર્થ ન્યાયીપણારહિત વિચાર અને કૃત્યો.

ધર્મગ્રંથ બાઈબલ કહે છે, ‘‘કોઈપણ વ્યક્તિ ન્યાયી નથી, એક પણ નથી. જો આપણે પાપરહિત હોવાનો દાવો કરીએ છીએ તો આપણે પોતાને ઠગીએ છીએ. અને આપણામાં સત્ય નથી.’’ તો પછી પાપમાંથી મુક્તિ ક્યાં છે. માણસના સારા કૃત્યો, ન્યાયી અને પવિત્ર કાર્યો, સખાવતના કાર્યો આપણને પાપના બંધનથી મુક્ત કરી શકતા નથી. ફરજીયાત નિયમો, ધાર્મિક વિધિઓ, કઠોર તપસ્યા અને આરાધનાની અવિકારી ભક્તિભાવની વિધિઓ આપણને પવિત્ર ઈશ્વરની હાજરીમાં ન્યાયી તરીકે ઊભા રાખી શકતી નથી. જ્યારે આપણે આપણી જાતને પાપમાં ખૂંપાવી દીધી છે. ત્યારે શું જેમ આપણે પાપમાં લપસ્યા છીએ તો શું આપણને સ્વર્ગ મળી શકે ? બાઈબલ કહે છે કે આપણે બધા અશુદ્ધ અને અપવિત્ર છીએ. અને આપણા ન્યાયીપણાનાં કાર્યો ઈશ્વર સમક્ષ ગંદા મલિન વસ્ત્રો જેવાં છે.

### શ્રી પુરંદરદાસ જીવન વિશે નીચે પ્રમાણે કહે છે.

***Bevu belladolidarenu phala havige haleradarenu phala ||***
***Kutilava bidadhiha manujaru mantrava pataneya maadidarenu phala ||***
***matha pitharanu balalisidathanu yatreya madidarenu phala ||***
***Kapatathanadali kaadutha janaranu japavanu maadidarenu phala ||***
***Pathigala nindhipa satiyaru bahuvidha vrutagala maadidarenu phala ||***
***Heena gunagalu ingade gangeya snaanava maadidarenu phala ||***

**અર્થ :** "ગોળમાં લીમડો રાખવાથી શો ફાયદો. ઝેરી સાપને દૂધ પીડાવવાનો શો ફાયદો .જો કોઈ માણસ પોતાની લુચ્ચાઈને છોડ્યા વિના મંત્રોનો પાઠ કરે છે તો તેને શો લાભ થાય છે ? તે યાત્રાધામ દ્વારા શું મેળવે છે, જો તે તેના માતાપિતાને હેરાન કરે છે ? જો તે લોકોને છેતરવામાં રચ્યોપચ્યો રહે છે,તો તેની પ્રાર્થનાઓથી શો લાભ છે,? જો પત્નીઓ સતત તેમના પતિઓની સાથે ઝઘડાઓ કરે છે, તો પત્નીઓના ધાર્મિક વ્રતો રાખવાથી શો ફાયદો થાય છે . દુષ્ટતાને દૂર કર્યા વિના, પવિત્ર ગંગા નદીમાં ડૂબકી મારવાથી અથવા સ્નાન કરવાથી શો લાભ થાય છે ?"

## 2. માનવીય આત્મા માટે મરણ નથી

શરૂઆતમાં, બધા જીવો - પક્ષીઓ અને પ્રાણીઓ ઈશ્વરના શબ્દ "**થાઓ**" ના પરાક્રમ દ્વારા જીવન અને માંસ/શરીર સાથે અસ્તિત્વમાં આવ્યાં અને તેમના મૃત્યુ પછી તેઓનું અસ્તિત્વ રહેતું નથી. જ્યારે માણસને બનાવતી વખતે, ઈશ્વરે કહ્યું કે, **"આપણે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ"** અને ઈશ્વરે ભૂમિની માટીમાંથી માણસ બનાવ્યું અને તેના નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો; અને માણસ સજીવ પ્રાણી થયું. આ રીત ઈશ્વરે માણસને માંસ, જીવન અને આત્મા સાથે બનાવ્યું. તેથી, માણસ શરીરમાં રહે છે અને તે તેનામાં જીવન અને આત્મા ધરાવે છે.

આ દુનિયામાં માણસનું જીવન અસ્થાયી છે. કોઈક દિવસે તો આપણે ચોક્કસપણે આ દુનિયા છોડીશું જ. આ દુનિયામાં જન્મેલો માણસ કદાચ બહાદુર, શ્રીમંત, બુદ્ધિશાળી અને સદાચારી હોઈ શકે, પરંતુ જે ક્ષણે તે મૃત્યુ વિશે સાંભળે છે, ત્યારે ડર અને ચિંતા તેને ત્રાસ પમાડે છે. આપણે આ જગતમાં કંઈ પણ લાવ્યાં નથી અને આ જગતને છોડીને જતાં કંઈ પણ લઈને જવાનાં નથી.આ જગતને છોડીને જતી વખતે આપણે જે કંઈ પ્રાપ્ત કર્યુ હશે તે આપણે છોડીને જવાનું છે.માનવીની પાસે મૃત્યુ રોગો, અકસ્માતો, કુદરતી આફતો દ્વારા અથવા અન્ય કોઈ પણ માધ્યમથી આવી શકે છે. આપણને ખબર નથી કે મૃત્યુ ક્યારે, ક્યાં અથવા કેવી રીતે આપણી પાસે આવે છે. ઈશ્વર દ્વારા મૃત્યુ નિયુક્ત કરાયેલ હોઈ, કોઈપણ વ્યક્તિ મૃત્યુથી બચી શકતી નથી.



શરીર મૃત્યુ પામે છે પણ આત્મા મૃત્યુ પામતો નથી. આત્મા શરીરમાં રહે છે અને જ્યારે તે શરીરને છોડે છે, ત્યારે શારિરીક મૃત્યુ થાય છે જ્યારે આત્મા અનંતકાળમાં પ્રવેશ કરે છે, કાં તો સ્વર્ગ અથવા નર્કમાં. આ બે સ્થળો સિવાય તેની કોઈ ત્રીજી કે અન્ય જગ્યા નથી

### નર્ક

આપણે આપણા આત્માઓને નર્કમાં પ્રવેશ કરાવવા માટે કશું જ કરવાનું હોતું નથી. તે સંપૂર્ણપણે મફત આવકાર છે. નર્કનો અર્થ એ નથી કે વ્યભિચાર, દારુ પીવો, કઢંગી નૃત્યો અથવા અન્ય કોઈ પાપી કૃત્યોમાં સમાયેલો આનંદ.નર્ક એક ભયાનક સ્થળ છે. તે ગંધકથી બળનારી અગ્નિની ખાઈ છે. તે અનંતકાળિક યાતના અને શિક્ષાની સ્થિતિ છે. હાલના સમયોમાં તે વૈજ્ઞાનિક રીતે પણ સાબિત થયું છે.
પવિત્ર કુરાન નીચે પ્રમાણે નર્કનું (સુરા ૨૩:૧૦૪ અને ૨૨:૧૯-૨૨)નું વર્ણન કરે છે.

22:Al-Hajj سُوْرَةُ الحَجّ ٢٢

**19: یہ دو (فریق) ایک دوسرے کے دشمن اپنے پروردگار**

**(کے بارے) میں جھگڑتے ہیں۔ تو کافر ہیں ان کے**
**(اور) گے جائیں کئے قطع کپڑے کے آگ لئے**

**گا جائے ڈالا پانی ہوا جلتا پر سروں کے ان**

**અર્થ :** આ બંને, વિશ્વાસીઓ અને અવિશ્વાસીઓમાંથી, વિશ્વાસીઓ તેમના ઈશ્વર વિશે સંતુષ્ટ થાય છે.પરંતુ જેઓ વિશ્વાસ કરતા નથી તેમને અગ્નિની જવાળાના વસ્ત્રો પહેરાવવામાં આવશે. તેમના માથા ઉપર ઉકળતું પાણી રેડવામાં આવશે.

**20: اس سے ان کے پیٹ کے اندر کی چیزیں اور کھالیں گل جائیں گی**

**અર્થ :** તેથી, માત્ર તેમની ત્વચા જ નહીં, પરંતુ તેમના પેટના ભાગો પણ પીગળવા લાગશે .

21 : اور ان )کے مارنے ٹھوکنے (کے لئ ے لوہے کے ہتھوڑے ہوں گ

**અર્થ :** અને તેમને શિક્ષા કરવા માટે લોખંડની છડીઓ હશે.

22 : جب وہ چاہیں گے کہ اس رنج )وتکلیف (کی وجہ

سے دوزخ سے نکل جائیں تو پھر اسی میں لوٹا دیئے

جائیں گے۔ اور (کہا جائے گا کہ) جلنے کے عذاب کا مزہ چکھتے رہو

**અર્થ :** જેટલી વાર ભયભીત આત્માઓ નર્કથી ભાગી જવાનો પ્રયત્ન કરશે તેટલીવાર તેમને ફરીથી તેમાં (નર્કમાં) એ કહેતા ખેંચી લાવવામાં આવશે કે સળગતી શિક્ષાનો સ્વાદ માણો.

### 23: Surah Al-Muminun سُوۡرَةُ المؤمنون ٣٢

104: ڑھائے ہوں گے

آگ ان کے مونہوں کو جھلس دے گی اور وہ اس میں تیوری چ

**અર્થ :** અગ્નિની જવાળાઓ તેમના ચહેરાની ચામડીને દઝાડે છે અને તેમના જડબાઓ પડી જાય છે / બહાર આવી જાય છે. તેઓ સદાને માટે નર્કમાં રહે છે. તેમને ઉકળતું પાણી પીવા માટે ફરજ પાડવામાં આવશે જે તેમના આંતરડાને પીગાળી નાખશે. તેઓ મૃત્યુ માટે પ્રાર્થના કરવાનું શરૂ કરશે. પરંતુ મૃત્યુ તેમનો ઉપહાસ કરશે.

પવિત્ર બાઈબલ પણ કહે છે કે નર્ક એ એક વાસ્તવિક સ્થળ છે જ્યાં “ કે, જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ હોલવાતો નથી,” ( માર્ક ૯:૪૮ ) પરંતુ ઈશ્વરની કૃપાથી અનંતકાળિક અગ્નિમાં પ્રવેશ કરવાથી દૂર થવાનો એક માર્ગ છે. ઈશ્વરે નર્ક, અનંતકાળિક અગ્નિની ઉત્પતિ શેતાન અને તેના દૂતોને શિક્ષા કરવાના હેતુથી કરી છે, અને મનુષ્યને શિક્ષા કરવાના હેતુથી ચોક્કસપણે નહી.



## સ્વર્ગ

પવિત્ર બાઈબલ કહે છે કે “ તમે સાંકડે બારણેથી અંદર પેસો; કેમ કે જે માર્ગ નાશમાં પહોંચાડે છે, તે પહોળો છે, ને તેનું બારણું મોટું છે, ને ઘણા તેમાં થઈને પેસે છે. કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે, ને તેનું બારણું નાનું છે. અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે.” (માથ્થી 7:13,14)

કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય? વળી માણસ પોતાના જીવનો શો બદલો આપશે? ( માર્ક 8:36,37)

**ઈસુ ખ્રિસ્તના શિષ્ય યોહાનને સ્વર્ગનું સંદર્શન થયું અને તેમણે પ્રકટીકરણના પુસ્તકમાં તેનું નીચે મુજબ વર્ણન કર્યું છે:**

“ વળી મેં પવિત્ર નગર, નવું યરૂશાલેમ, ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના પતિને સારુ શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું. તેનો કોટ મોટો તથા ઊંચો હતો; તેને બાર દરવાજા હતા, દરવાજા પાસે બાર દૂતો ઊભેલા હતા;તેના કોટનું ચણતર યાસપિસનું હતું; અને નગર નિર્મળ કાચના જેવા ચોખ્ખા સોનાનું હતું. નગરના કોટના પાયા દરેક પ્રકારના મૂલ્યવાન પાષાણથી સુશોભિત હતા. પહેલો પાયો યાસપિસ, બીજો નીલમ, ત્રીજો પાનું, ચોથો લીલમ,પાંચમો અકીક, છઠ્ઠો લાલ, સાતમો તૃણમણિ, આઠમો પિરોજ, નવમો પોખરાજ, દશમો લસણિયો, અગિયારમો શનિ, બારમો યાકૂત. તે બાર દરવાજા બાર મોતી હતા; તેઓમાંનો દરેક દરવાજો એક એક મોતીનો હતો; અને નગરનો રસ્તો ચોખ્ખા સોનાનો નિર્મળ કાચના જેવો હતો.કેમ કે ઈશ્વરનો મહિમા તેને પ્રકાશિત કરે છે, અને હલવાન તેનો દીવો છે.જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે, તથા અસત્ય આચરે છે, તે તેમાં કદી પ્રવેશ કરશે જ નહિ; પણ જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં છે તેઓ જ પ્રવેશ કરશે.અને ઈશ્વર પોતે તેઓની સાથે રહીને તેઓના ઈશ્વર થશે. તેઓ તેઓની આંખોમાંનું દરેક આંસુ લૂછી નાખશે; મરણ ફરીથી થનાર નથી; તેમ જ શોક કે રુદન કે દુઃખ ફરીથી થનાર નથી;

( પ્રકટીકરણ 21:2-27)

# 3. સ્વર્ગની વાટે

જ્યારે દૂતોએ પાપ કર્યું, ત્યારે ઈશ્વરે તેઓને મુક્ત રીતે છોડી મૂક્યા નહિ. પરંતુ તેઓને ન્યાયચુકાદાના મહાન દિવસને માટે અંધકારની સત્તા હેઠળ અનંતકાળિક સાંકળો વડે અનામત રાખ્યા. પરંતુ જ્યારે માનવીએ પાપ કર્યું,ત્યારે બાઈબલમાં ઈશ્વરનું વચન કહે છે ,'' કેમ કે ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.'' (યોહાન 3:16)

ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાના ૭૦૦ વર્ષ અગાઉ યશાયા પ્રબોધકે કહ્યું, ''કેમ કે આપણે માટે છોકરો જન્મયો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.'' યશાયા ૯:૬-૭. આ પ્રમાણે યશાયા પ્રબોધક સમજાવે છે. (પવિત્ર બાઈબલ)

યોહાન ૧:૧-૧૮. ''આદિએ શબ્દ હતો, અને શબ્દ ઈશ્વરની સંઘાતે હતો. અને શબ્દ ઈશ્વર હતો. તે જ આદિએ ઈશ્વરની સંઘાતે હતો. તેમનાથી સર્વ ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેમના વિના ઉત્પન્ન થયું નહિ. તેમનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું. શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને પિતાના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેમનો મહિમા અમે જોયો), તેઓ કૃપા તથા સત્યતાથી ભરપૂર હતા. કેમકે અમે સર્વ તેમની ભરપૂરીમાંથી કૃપા પર કૃપા પામ્યા. ઈશ્વરને કોઈ માણસે કદી જોયા નથી; એકાકીજનિત દીકરો કે, જે પિતાની ગોદમાં છે, તેમણે તેમને પ્રગટ કર્યા છે.''

લૂક ૨:૭. યૂસફ પણ પોતાનું તથા પોતાની ગર્ભવતી વેવિશાળ પત્ની મરિયમનું નામ નોંધાવવા ગયો, કેમ કે તે દાઉદના વંશ અને કુળમાંનો હતો. તેઓ ત્યાં હતાં, એટલામાં તેના દિવસ પૂરા થયા, અને તેને પોતાનો પ્રથમ દીકરો જન્મ્યો; તેણે તેને લૂગડામાં લપેટીને ગભાણમાં સૂવાડ્યો, કારણ કે તેઓને સારુ ધર્મશાળામાં કંઈ જગા નહોતી. અને પ્રભુના દૂતના સંદેશા મુજબ તેઓએ બાળકનું નામ ''ઈસુ'' રાખ્યું. જેનો અર્થ એ થાય છે : ''કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે.''



જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનારે ઈસુને પોતાની પાસે આવતા જોઈને કહ્યું, ''જુઓ, ઈશ્વરનું હલવાન કે, જે જગતનું પાપ હરણ કરે છે!'' યોહાન ૧:૨૯. કારણ કે આપણે માંસ અને લોહીના રૂપમાં હોવાથી ઈશ્વર પોતે આ જગતમાં માંસ અને લોહીના રૂપમાં આવ્યા. એટલે કે, ''બેશક સતધર્મનો મર્મ મોટો છે; તે મનુષ્યસ્વરૂપમાં પ્રગટ થયા, આત્મામાં ન્યાયી ઠરાવાયા, દૂતોના જોવામાં આવ્યા, તેમની વાત વિદેશીઓમાં પ્રગટ થઈ, તેમના પર જગતમાં વિશ્વાસ કરવામાં આવ્યો, અને તેમને મહિમામાં ઉપર લેવામાં આવ્યા.'' ૧ તિમોથી ૩:૧૬.

તેમ છતાં ઈસુ પ્રકૃતિમાં ઈશ્વર હતાં, તેમણે પોતાની જાતને ઈશ્વર સમાન હોવાનું પકડી રાખ્યું નહિ. પરંતુ દાસનું રૂપ ધારણ કરીને એટલે માણસોના રૂપમાં આવીને પોતાને ખાલી કર્યા. માણસ તરીકે દેખાવાને કારણે તેમણે પોતાને નમ્ર બનાવ્યા અને વધસ્તંભના મરણને આધીન થઈને પોતાને નમ્ર બનાવ્યા. ફિલિપી ૨:૭-૧૦. એને કારણે ઈશ્વરે તેમને ઘણો ઊંચા કર્યા, અને સર્વ નામો કરતાં તેમણે તેમને એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે, આકાશમાંના, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે;''

ઈશ્વરે આપણને સાર્વકાલિક જીવન આપ્યું અને તે અનંતજીવન ઈસુમાં છે. જો કોઈ ઈસુનો સ્વીકાર કરે છે તે અનંતજીવન પ્રાપ્ત કરશે. ઈસુએ વચન આપ્યું છે કે, '' કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકત્ર થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું.'' માથ્થી ૧૮:૨૦. ''જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે.''યોહાન ૧૫:૭. આથી તે માનવું વિશ્વસનીય છે કે ઈસુ પાપીઓનો બચાવ કરવા માટે આ જગતમાં આવ્યા હતા. તે લોકોને પાપના બંધનમાંથી છોડાવશે અને તેઓનું રક્ષણ કરશે.

ઈસુએ બકરા કે વાછરડાનું બલિદાન આપ્યું નહિ. પરંતુ આપણને આપણા પાપોથી છૂટકારો મેળવવા તથા આપણને અનંતકાળિક જીવન આપવાને માટે તેમણે પોતાનું લોહી વધસ્તંભ પર રેડ્યું. એક જ વારના ઈસુ ખ્રિસ્તના શરીરના અર્પણ દ્વારા આપણને પવિત્ર કરવામાં આવ્યા છે.

નીચે જણાવેલ પવિત્ર બાઈબલમાંના સાક્ષીઓ સાક્ષી આપે છે કે ઈસુ ઈશ્વરના પુત્ર છે :

➢ ઈશ્વરે પોતે કહ્યું છે,

1. **"આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું."** (માથ્થી 3:17)

➢ સિમોન પિતર, ઈસુના શિષ્યોમાંનો એકે કહ્યું છેઃ

2. **" તમે મસીહ, જીવતા ઈશ્વરના દીકરા કે પુત્ર છો."** (માથ્થી 16:16)

➢ વધસ્તંભના સમયે હાજર રહેલા જમાદારે કહ્યું :

3. **"ખરેખર તેઓ ઈશ્વરના પુત્ર હતા."** (માથ્થી 27:54)

➢ થોમા, પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંનો એક જેણે પાછળથી ભારતમાં સુવાર્તાપ્રચાર કરેલો, તેણે ઉત્થાન પામેલા ઈસુને જોઈને કહ્યું :

4. **"મારા પ્રભુ અને મારા ઈશ્વર."** (યોહાન 20:28)

➢ પ્રભુ ઈસુએ પોતે જ કહ્યું છે :

5. **જેણે મને જોયો છે તેણે પિતાને જોયા છે;**
**"હું પિતામાં છું ને પિતા (ઈશ્વર) મારામાં છે,"** (યોહાન 14:8-10)

➢ જ્યારે જ્યારે અશુદ્ધ આત્માઓ ઈસુને દેખતા ત્યારે તેઓ તેમને પગે પડીને પોકારી ઊઠતા કે,

6. **તમે ઈશ્વરના પુત્ર છો.** (માર્ક 3:11)

## 4. ઈશ્વરની દયા

ભગવદગીતામાં જ્ઞાનયોગ અધ્યાય-૪, શ્લોક-૮ નીચે પ્રમાણે છે.

**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥**

***paritrāṇāya sādhūnāḿ vināśāya cha duṣkṛtām |***
***dharmasaḿsthāpanārthāya sambhavāmi yuge yuge ||***



**અર્થ :** "હું દુષ્ટ લોકોનો નાશ કરવા તથા ન્યાયીઓનો બચાવ કરવા અને દરેક યુગમાં ન્યાયીપણું (ધર્મ) સ્થાપવા માટે યુગે યુગે જન્મ લઉં છું."

કારણ કે દરેક માનવીમાં પાપનો અંશ રહેલો હોવાથી, જો આવું થાય તો સમગ્ર વિશ્વ-જગતનો નાશ થાય અને આ જગતમાં ફક્ત ઈશ્વર જ રહી શકે. પરંતુ ઈશ્વર પ્રેમાળુ અને દયાળુ છે.આ બાબતમાં પવિત્ર કુરાનમાં ઈશ્વરના કથન સાથે શરૂઆત થાય છે. **અલ્લાહના નામમાં સૌથી દયાળુ અને કરુણાળુ ઈશ્વર.** પવિત્ર બાઈબલમાં પણ ઈશ્વરે કહ્યું, " દુષ્ટ માણસના મોતથી મને કંઈ આનંદ થતો નથી; પણ દુષ્ટ પોતાનાં દુરાચરણથી ફરે, અને જીવતો રહે એમાં મને આનંદ થાય છે; હઝ.૩૩ઃ૧૧. જો ઈશ્વરે આપણાં પાપો પ્રમાણે આપણને શિક્ષા કરી હોત તો આજે આપણે જીવીત રહી શક્યા ન હોત. જો આપણે આજે જીવીત છીએ તો તે ફક્ત તેમની દયાને કારણે છે. તેમની દયા કદીપણ નાશ પામતી નથી. પરંતુ દરરોજ તાજી થાય છે.

ઈસુએ પણ આ કહેવત કહી છે ,"બે માણસ પ્રાર્થના કરવા સારુ મંદિરમાં ગયા; એક ફરોશી, અને બીજો દાણી. ફરોશીએ ઊભા રહીને પોતાના મનમાં પ્રાર્થના કરી કે, ઓ ઈશ્વર, બીજા માણસોના જેવો જુલમી, અન્યાયી, વ્યભિચારી અથવા આ દાણીના જેવો હું નથી, માટે હું તમારી આભારસ્તુતિ કરું છું. અઠવાડિયામાં હું બે વાર ઉપવાસ કરું છું, અને મારી બધી આવકનો દશમો ભાગ આપું છું. પણ દાણીએ વેગળે ઊભા રહીને પોતાની આંખો આકાશ તરફ ઊંચી કરવા ન ચાહતાં છાતી કૂટીને કહ્યું કે, ઓ ઈશ્વર,હું પાપી છું, મારા પર દયા કરો. હું તમને કહું છું કે, પેલા કરતાં તે માણસ ન્યાયી ઠરીને પોતાને ઘેર ગયો; કેમ કે જે કોઈ પોતાને ઊંચો કરે છે તેને નીચો કરવામાં આવશે; અને જે પોતાને નીચો કરે છે તેને ઊંચો કરવામાં આવશે."

**આપણા ભારતનું બંધારણ રાષ્ટ્રપતિને આર્ટિકલ ૭૨ દ્વારા માફીનો સર્વોચ્ચ અધિકાર પ્રદાન કરે છે.**

પરંતુ તેમાં રાષ્ટ્રપતિનો અધિકાર સમાએલો છે. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલી માફી એ ગુના અને અપરાધની સજા હેઠળની વ્યક્તિને મુક્ત કરે છે. અને ગુનેગારને એવી પરિસ્થિતિમાં મૂકે છે કે જ્યાં તેને કોઈ ગુનેગાર ઠરાવી શકતું નથી. સજાને પાત્ર હોવાના ગુનેગાર તરીકે ચુકાદો આપતા પહેલા તેને માફી આપવી જોઈએ. ત્યારપછી તે સજામાંથી મુક્ત થઈ શકે છે. (આર્ટીકલ 72)

ભારતના પ્રથમ નાગરિક તરીકે આપણા દેશના રાષ્ટ્રપતિને સજા નાબૂદ કરવાનો આટલો મોટો સર્વોચ્ચ અધિકાર છે તો કલ્પના કરો કે જે ઈશ્વરે આપણને ઉત્પન્ન કર્યા છે અને જેમણે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યા છે એવા ઈશ્વરની પાસે કેટલી મોટી શક્તિ અને અધિકાર હશે. શું કોઈ તેમના ચુકાદાને પડકારી શકે ? અથવા કોઈ તેમના અધિકારને નકારી શકે ? વિચારો !

પવિત્ર બાઈબલ જણાવે છે કે ઈસુ ખ્રિસ્તે આપણી સામે લગાવવામાં આવેલા આરોપોને તેમણે વધસ્તંભના ખીલે લગાવી દીધા છે. તેથી આપણે હવે દોષિત નથી પરંતુ ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા માટે બંધાયેલા છીએ. એ માટે જેઓ ખ્રિસ્ત ઈસુમાં છે તેઓને હવે દંડાજ્ઞા નથી.

~*~*~*~*~*~

## 5. વૈદિક કાળમાં બલિદાનની પદ્ધતિઓ

સમગ્ર માનવજાતને માટે પ્રાચીન વેદોમાં પ્રાણીઓના બલિદાન દેવોને ચઢાવવામાં આવતા હતા. જેથી સમગ્ર માનવજાત પાપની માફી મેળવી શકે. યજુર્વેદમાં ખૂબ જ સ્પષ્ટપણે પ્રાણીઓના બલિદાન વિષેની લાયકાતો આપવામાં આવી છે.

| હિન્દુશાસ્ત્રોમાંથી અવતરણો | પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં પૂર્ણ થએલ |
|---|---|

पशुं स्नपयन्ति कूटकर्णखण्डश्लोणसप्तशफ वर्जम् ॥

***1. Pashum snapayanthi kutakarnakhandaslona sapthashapha varjam ||***

Āpastamba-Śrauta-sūtra
(= 7-12-1 Page No : 421)

**અર્થ :** જે પ્રાણીનું બલિદાન આપવાનું છે તે નિષ્કલંક, દોષરહિત તેમજ પવિત્ર હોવું જોઈએ .

1.ઈસુ એક પવિત્ર, નિર્દોષ,નિષ્કલંક, પાપીઓથી અલગ છે. (હિબ્રૂ.7:26)

2. ઈસુએ કહ્યું : તમારામાંનો કોણ મારા પર પાપ સાબિત કરે છે ?
(યોહાન 8:46)

3. તે અતિ મનોહર છે.
(ગીતોનું ગીત 5:16)



धर्षा मानुषानिति नि युनक्ति धृत्या अद्भ्यस्त्वौषधीभ्यः ॥

***2. dharṣhā mānuṣhān', iti ni yunakti dhṛtyā ||***

Taittirīya-Samhitā
(kanda 6, Q. No.3, Page No : 477 )

**અર્થ :** જે પ્રાણીનું બલિદાન આપવાનું છે તેને પોસ્ટ (યૂપા) સાથે બાંધવું જોઈએ.

ત્યાં તેઓએ ઈસુને તથા તેમની સાથે બીજા બેને વધસ્તંભે જડ્યા; દરેક બાજુએ એકને, તથા વચમાં ઈસુને. પિલાતે એક લેખ લખીને વધસ્તંભ પર ચોઢ્યો. **ઈસુ નાઝારી, યહૂદીઓનો રાજા** એવો એ લેખ હતો. (યોહાન 19:18-19)



अमायुं कृण्वन्तं संज्ञपयत इत्युक्त्वा पराङावर्ततेऽध्वर्युः ॥

***3. Amayum krunvantham sangnapayata Ityuktva paradavarthathe dhwaryuhu||***

Āpastamba-Śrauta-sūtra
(= 7-16-6, Page No : 433)

**અર્થ :** જે પ્રાણીનું બલિદાન કરવામાં આવે છે તે શાંત હોવું જોઈએ અને પ્રાણીના હાડકાં તોડવા જોઈએ નહીં.તેને કોઈ પીડા કે ત્રાસ આપવો જોઈએ નહીં.

3. તેમના પર જુલમ ગુજારવામાં આવ્યો તોપણ તેમણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડ્યું નહિ; હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે તેમના જેવા, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેના જેવા તેઓ હતા; તેમણે તો પોતાનું મોં ઉઘાડ્યું જ નહિ.
(યશાયા 53:7)

પણ જ્યારે તેઓ ઈસુની પાસે આવ્યા ત્યારે તેઓએ તેમને મરણ પામેલા જોઈને તેમના પગ ભાંગ્યા નહિ.
(યોહાન 19:33)

दधातीडामुप ह्वयते पशवो वा इडा पशूनेवोप ह्वयते ॥

***4. dadhāti iḍām upa hvayate pashavo vā iḍā pashūn eva upa hvayate ||***

Taittirīya-Samhitā
(kanda 6, Q. No. 3,
Page No : 495)

4. અને તેઓ ભોજન કરતા હતા ત્યારે ઈસુએ રોટલી લઈને, તથા આશીર્વાદ માગીને ભાંગી; અને શિષ્યોને તે આપીને કહ્યું કે, લો, ખાઓ; એ મારું શરીર છે. (માથ્થી 26:26)

**અર્થ :** જે પ્રાણીનો ભોગ આપ્યો હોય તેનું માંસ ખાવું જોઈએ.

वपाश्रपणी पुनरन्वारभतेऽस्मिन्नेव लोके प्रति तिष्ठति ॥

***5. vapāshrapaṇī punar anvārabhate asminneva loke prati tiṣhṭhati ||***

Taittirīya-Samhitā
(kanda 6, Q. No. 3,
Page No : 486)

5. પછી સૈનિકોએ તેમનાં લૂગડાં ઉતારી લઈને તેમને કિરમજી ઝભ્ભો પહેરાવ્યો. અને તેઓએ કાંટાનો મુગટ ગૂંથીને તેમના માથા પર મૂક્યો, (માથ્થી 27:28-30)

**અર્થ :** બલિદાન પામેલ પ્રાણી કાંટાથી વીંધાવવું જોઈએ .

यत्पशुरपां पेरुरसीत्याहैष ह्यपां पाता ॥

***6. yat pashur apām perur asi ityātha eṣha hi apām pātā ||***

Taittirīya-Samhitā
kanda 6, Q. No. 3,
Page No : 478)

6. એ પછી ઈસુ હવે સઘળું પૂરું થયું એ જાણીને, શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે કહે છે કે, મને તરસ લાગી છે. હવે ત્યાં સરકાથી ભરેલું એક વાસણ મૂકેલું હતું; માટે તેઓએ એક વાદળી સરકાથી ભરીને ઝુફા પર મૂકીને તેમના મોં આગળ ધરી. માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું કે, સંપૂર્ણ થયું; અને માથું નમાવીને તેમણે પ્રાણ છોડ્યો. (યોહાન 19:28-29)

**અર્થ :** બલિદાન પામેલ પ્રાણીને પાણી આપવું જોઈએ



स आत्मनो वपामुदखिदत्तामग्नौ प्रागृह्णात् ॥

***7. sa ātmano vapām udakkhidat tām agnau prāgṛhṇāt ||***

Taittirīya-Samhitā
(kanda 2, 1st Awathaar,
2nd Hanasu, Page No : 3)

7. બકરાના તથા વાછરડાના રક્તથી નહિ, પણ પોતાના જ રક્તથી, માણસોને સારુ સનાતન ઉદ્ધાર મેળવીને પરમપવિત્રસ્થાનમાં એક જ વખત ગયા હતા.તો ખ્રિસ્ત,જેમણે સનાતન આત્માથી પોતાની પંડનું દોષ વગરનું બલિદાન ઈશ્વરને આપ્યું, ઈસુનું રક્ત તમારા હૃદયને જીવતા ઈશ્વરને ભજવા સારુ નિર્જીવ કામોથી કેટલું બધું વિશેષ શુદ્ધ કરશે? (હિબ્રૂ.9:12-14)

**અર્થ :** સર્જક (બ્રહ્મા) પોતાના શરીરનું અર્પણ કર્યું .

**પ્રિય વાચકો, શું આપણને વૈદિક યુગમાં પાપોની ખંડણી માટેના પ્રાણીઓના બલિદાન અને ઈસુ ખ્રિસ્તે આપણા પાપો માટે બલિદાન આપવાની વચ્ચે સંપૂર્ણ સમાનતા જોવા મળતી નથી ?**

~*~*~*~*~*~

## 6. ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન અને સ્વર્ગારોહણ

અને વિશ્રામવારની આખરે, અઠવાડિયાને પહેલે દહાડે કેટલીક સ્ત્રીઓ જે કબરમાં ઈસુના શરીરને મૂકવામાં આવ્યું હતું ,ત્યાં આવે છે. અને જુઓ, મોટો ધરતીકંપ થયો, કેમ કે પ્રભુનો દૂત આકાશથી ઊતર્યો, ને ત્યાં આવીને કબરના મોં પરથી પથ્થરને ગબડાવીને તેના પર બેઠો. ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું, **બીહો મા, કેમ કે હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો. તેઓ અહીં નથી, કેમ કે તેમના કહ્યા પ્રમાણે તેઓ ઊઠ્યા છે; આવો, ને જ્યાં પ્રભુ સૂતા હતા તે જગા જુઓ.** ત્યારબાદ ઈસુએ શિષ્યોને દર્શન આપીને કુશળતા પાઠવી. તેઓએ આવીને તેમના પગ પકડ્યા, ને તેમનું ભજન કર્યું. તે જ દિવસે ઈસુએ બીજા શિષ્યોને પણ દર્શન આપ્યું. થોમા ઈસુના બાર શિષ્યોમાંનો એક તે તેઓની સાથે ન હતો.

થોમાએ કહ્યું “તેમના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના તથા તેમની કૂંખમાં મારો હાથ ઘાલ્યા વિના હું વિશ્વાસ કરવાનો નથી.” આઠ દહાડા પછી ફરીથી તેમના શિષ્યો ઘરમાં હતા; થોમા પણ તેઓની સાથે હતો; ત્યારે બારણાં બંધ કર્યાં હોવા છતાં, ઈસુએ આવીને વચમાં ઊભા રહીને કહ્યું કે, “તમને શાંતિ થાઓ.” પછી તેઓ થોમાને કહે છે કે, “તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો; અને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ; અને અવિશ્વાસી ન રહે, પણ વિશ્વાસી થા.” થોમાએ ઉત્તર આપ્યો કે, **“મારા પ્રભુ અને મારા ઈશ્વર.”** આ એ જ શિષ્ય હતો જે ભારતમાં આવ્યો હતો. ઈસુ ખ્રિસ્ત વિષેની મજબૂત સાક્ષીને કારણે તમિલનાડુ તેમજ કેરાલામાં તેણે ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કર્યો.

જે પ્રમાણે ઈસુએ અગાઉ કહ્યુ હતું તે પ્રમાણે તેઓ મરણમાંથી ઉત્થાન પામ્યાં જો કે રોમન સરકારે કબર પર મહોર લગાવીને તેનો જાપતો ગોઠવ્યો હતો.જે કબરમાં ઈસુનું શરીર રાખવામાં આવ્યું હતું તે કબર હવે આમજનતા માટે યરૂશાલેમમાં ખુલ્લી છે. હવે તે કબરમાં ઈસુનું શરીરનું નથી.કારણકે ઈસુ ખ્રિસ્ત મરણમાંથી સજીવન થયા છે. ઉત્થાન પામેલા ઈસુ ખ્રિસ્તે ચાલીસ દિવસના સમયગાળા દરમ્યાન તેમનાં શિષ્યોને જુદાંજુદાં સ્થળોએ અગિયાર વખત દર્શન આપ્યું. સ્વર્ગારોહણ પહેલાં, ઈસુએ પોતાનાં શિષ્યોને કહ્યું,“આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને આપવામાં આવ્યો છે. આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો. જે કોઈ વિશ્વાસ કરે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહિ કરે, તે અપરાધી ઠરશે. વિશ્વાસ કરનારાઓને હાથે આવા ચમત્કારો થશે : મારે નામે તેઓ ભૂતો કાઢશે, નવી બોલીઓ બોલશે;તેઓ માંદાઓ પર હાથ મૂકશે, એટલે તેઓ સાજા થશે. આશરે પાંચસો માણસોની હાજરીમાં પ્રભુ ઈસુને આકાશમાં લઈ લેવામાં આવ્યાં અને તેઓ ઈશ્વરને જમણે હાથે બેઠા.

શિષ્યો બહાર જઈને સર્વ સ્થળે સુવાર્તા પ્રગટ કરી;આજે વિશ્વ મરણ પામેલાં ઈસુની આરાધના કરતું નથી, પરંતુ મરણમાંથી ઉત્થાન પામેલાં ઈસુની આરાધના કરે છે અને સદાકાળને માટે જીવન જીવે છે.



# 7. ઈસુ ખ્રિસ્ત પાછા આવશે

જ્યારે ઈસુને સ્વર્ગમાં લઈ લેવામાં આવ્યા ત્યારે દૂતોએ શિષ્યોને કહ્યું, “ગાલીલના માણસો, તમે આકાશ તરફ જોતા કેમ ઊભા રહ્યા છો? એ જ ઈસુ, જેમને તમારી પાસેથી આકાશમાં લઈ લેવામાં આવ્યા છે તે, જેમ તમે તેમને આકાશમાં જતાં જોયા તેમ જ પાછા આવશે.” (પ્રે.કૃ.1:11)

કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ દૂતની વાણીસહિત તથા ઈશ્વરના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૂએલાં છે તેઓ પ્રથમ ઊઠશે;પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારા છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારુ તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને અમે સદા પ્રભુની સાથે રહીશું.

( 1થેસ્સા.4:16-17)

હું થોડી વારમાં આવું છું; અને દરેક માણસને તેની કરણીઓ પ્રમાણે ભરી આપવાનો બદલો મારી પાસે છે. અને મરણ તથા હાદેસની કૂંચીઓ મારી પાસે છે.

(પ્રક્ટી.1:18, 22:12)

જીવનના ઝાડ પર તેઓને હક મળે, અને તેઓ દરવાજામાં થઈને નગરમાં પ્રવેશ કરે, એ માટે જેઓ પોતાનાં વસ્ત્ર ધુએ છે તેઓને ધન્ય છે. (પ્રક્ટી. 22:14)

પણ તમે પોતાના વિષે સાવધાન રહો, રખેને અતિશય ખાનપાનથી, તથા સંસારી ચિંતાથી તમારાં મન જડ થઈ જાય, જેથી તે દિવસ ફાંદાની પેઠે તમારા પર ઓચિંતો આવી પડે. કેમ કે તે દિવસ આખી પૃથ્વી ઉપરના સર્વ વસનારા પર આવી પડશે. પણ હર વખત જાગતા રહો, અને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાંથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઊભા રહેવાને તમે પ્રબળ થાઓ. (લૂક 21:34-36)

પયગંબર મોહમ્મદ (PBUH) ઈસુ ખ્રિસ્ત વિષે નીચે પ્રમાણે કહે છે.



જે કોઈ ઈસુને ઈશ્વરના સંદેશાવાહક તરીકે સ્વીકારતા નથી,તેમને મુસ્લિમ તરીકે ગણવામાં આવતા નથી. અને જે કોઈ તેમની ભવિષ્યવાણી માનવાનો ઈનકાર કરે છે તેમને ઈસ્લામમાંથી બહાર કાઢી મુકવામાં આવશે.

પવિત્ર કુરાનમાં ઘણાં બધાં નામોમાં ફક્ત એક સ્ત્રીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે ઈસુની માતા મરિયમ. પવિત્ર કુરાનમાં માતા મરિયમનું

આલેખન આ જગત માટે એક નમૂનારૂપ કરવામાં આવ્યું છે. "હું તેના નામમાં સોગંદ ખાઉં છું કે જેનો હાથ મારું જીવન છે." માતા મરિયમનો દીકરો ચોક્કસપણે એક ન્યાયી ન્યાયાધીશ તરીકે તમારી આગળ શાસન કરવા ઊતરશે. જ્યાં સુધી ઈસુ ફરીથી આવશે નહીં ત્યાં સુધી પુનરુત્થાનની ક્ષણ થનાર નથી.

આથી જણાવવા માગું છું કે પવિત્ર બાઈબલમાં આપવામાં આવેલી અસંખ્ય ભવિષ્યવાણીઓ પૂર્ણ થઈ ચૂકી છે, તેમાંય વિશેષ કરીને ઈઝરાયેલ દેશની પુનઃસ્થાપના,તેમની હરણફાળ આગેકૂચ, આસપાસનાં દૂશ્મન દેશો તરફથી હૂમલાઓ આ સઘળી બાબતો પ્રભુ ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પર તેમનું રાજ્ય સ્થાપવા માટે તેમના આગમનની તરફ અંગૂલિનિર્દેશ કરે છે.

~*~*~*~*~

## 8. આપણને પાપમાંથી કોણ મુક્ત કરી શકે?

પ્રાચીન સમયથી ભારત દેશ તેના સાંસ્કૃતિક વારસા માટે પ્રખ્યાત છે. આપણા સાધુ સંતો, પ્રખ્યાત વિચારકો અને ફિલોસોફરો અત્યંત પ્રભાવશાળી હતા. આવી એક અર્થસભર પ્રાર્થના બૃહદારણ્યક ઉપનિષદ 1:3:28માં આ પ્રમાણે છે.

**असतो मा सद्गमय ।**
**तमसो मा ज्योतिर्गमय ।**
**मृत्योर्मा अमृतं गमय ।**
**ॐ शान्तिः शान्तिः शान्तिः ॥**

| | |
|---|---|
| અસતો મા સદ્‌મય | અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા, |
| તમસો મા જ્યોતિર્ગમય | ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા, |
| મૃત્યોર્મા અમૃતં ગમય | મહામૃત્યુમાંથી ,અમૃત સમીપે નાથ લઈ જા |
| ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિ | ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિ |

ઈસુ ખ્રિસ્તે કહ્યું, "**માર્ગ તથા સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી.**" (યોહાન 14:6)

અહીં મહેરબાની કરીને તપાસ કરો કે, શું ઈસુ ખ્રિસ્ત, જૂઠા, છેતરનાર કે પાગલ છે ? તેવું નીચે જણાવેલ બાબતો વાંચીને કહો અને તમારી જાતે નક્કી કરો.



## 9. ઈસુ ખ્રિસ્તે જે કહ્યું તે આપણે શા માટે માનવું જોઈએ ?

ઈસુ ખ્રિસ્ત કોઈ કાલ્પનિક વ્યક્તિ અથવા કાલ્પનિક પાત્ર નથી. પૃથ્વી પરનું તેમનું જીવન સાબિત થયું છે. અને માનવ ઈતિહાસમાં તેની નોંધ કરવામાં આવી છે. તારણહારના આ વિશ્વમાં તેમના આગમન વિશેના ઘણાંબધાં ઐતિહાસિક પૂરાવાઓ ઉપલબ્ધ છે. જેમ કે તેઓ એશિયાખંડના ઈઝરાયેલ દેશમાં રહેતા હતા. લોકોના પાપોની માફી માટે તેમણે પોતાનું લોહી વધસ્તંભ પર વહેવડાવ્યું અને ત્રીજા દિવસે તેઓ પુનુરુત્થાન પામ્યાં તેમજ ત્યાર બાદ તેઓનું સ્વર્ગારોહણ થયું. તેમના લોહીના ડાઘવાળું કપડું હજી પણ લંડનના સંગ્રહાલયમાં સાચવી રાખવામાં આવ્યું છે. ઘણાં બધાં વૈજ્ઞાનિક પરિક્ષણો પછી પણ એ સાબિત થયું છે કે આ કપડું તે ઈસુ ખ્રિસ્તનું પોતાનું જ છે. ઈસુના બાર શિષ્યોમાંનો એક શિષ્ય સંત થોમાએ ભારતની મુલાકાત લીધી હતી. ઈસુના જન્મથી ઇતિહાસને બે સમયગાળામાં જોવા મળે છે. જેમાંનો એક સમયગાળો ઈસુ ખ્રિસ્ત પહેલાં (B.C.) અને બીજો સમયગાળો (A.D.) ઈસુ ખ્રિસ્ત એ એક ખરેખર અજોડ વ્યક્તિત્વ છે અને તેમના જેવું માનવઈતિહાસમાં આવું કોઈપણ સામર્થ્યવાન વ્યક્તિએ કર્યું નથી.

નીચેના કારણો સાબિત કરે છે કે ઈસુના કથનો વિશ્વાસપાત્ર છે.

1. ઈસુ સૌથી પવિત્ર છે. (જુઓ પાના નં.32)
2. ઈસુએ જે પ્રમાણે ઉપદેશ આપ્યો તે પ્રમાણે તેઓ જીવ્યા.તેને કારણે તેમનો ઉપદેશ કે શિક્ષણ સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું. (જુઓ પાના નં.34)
3. ઈસુ ખ્રિસ્ત પાસે કુદરત, દુષ્ટાત્માઓ અને મરણ પર અધિકાર છે. તેમણે ઘણા બધા ચમત્કારો, ચિહ્નો અને અદ્‌ભુત કાર્યો કર્યાં. (જુઓ પાના નં.38)
4. ઈસુ ખ્રિસ્તના વચનો અને કાર્યો અધિકારથી ભરેલા હતા. વધસ્તંભ પરના છ કલાક દરમ્યાન તેમની વેદના વચ્ચે તેમણે કોઈપણ પ્રકારનું માનસિક સંતુલન ગુમાવ્યું ન હતું. તેમણે સાત વાણીઓ પણ ઉચ્ચારી. જે કોઈપણ હતાશ વ્યક્તિ માટે શક્ય ન હોઈ શકે. અને તેથી આપણે કોઈપણ કિંમતે કે ભોગે એવું કહી શકીએ નહિ કે તે પાગલ છે. (જુઓ પાના નં. 51)
5. અવરોધો, સતાવણી અને વિરોધ વચ્ચે પણ તેમનું સુવાર્તા પ્રચારનું કાર્ય કદી પણ અટક્યું નથી. અને કદી પણ અટકશે નહીં. (જુઓ પાના નં.52)
6. પવિત્ર બાઈબલના શિક્ષણને અનુસરવાથી તેમજ તેના પર વિશ્વાસ કરવાથી કોઈપણ માણસ ઈશ્વરી ડહાપણ પ્રાપ્ત કરશે. (જુઓ પાના નં.67)

ઈસુ ખ્રિસ્તના જન્મ સંબંધી પવિત્ર બાઈબલ કહે છે, “જુઓ કુંવારી ગર્ભધારણ કરશે અને પુત્રને જન્મ આપશે .” એ જ પ્રમાણે પવિત્ર કુરાન પણ નીચે પ્રમાણે તેના દસ્તાવેજીકરણ આપે છે.

## ٣ سُوۡرَةُ آل عِمرَان 3:Al-i'Imran

45: (وہ وقت بھی یاد کرنے کے لائق ہے) جب فرشتوں نے (مریم سے کہا)
کہ مریم خدا تم کو اپنی طرف سے ایک فیض کی بشارت دیتا ہے جس کا نام
مسیح (اور مشہور) عیسیٰ ابن مریم ہوگا (اور) جو دنیا اور آخرت میں باآبرو
اور (خدا کے) خاصوں میں سے ہوگا

**અર્થ :** એક દૂતે કહ્યું, “અરે મરિયમ, ઈશ્વરે તમને એક શુભ સમાચાર આપ્યા છે. તેનું નામ ઈસુ, મરિયમનો દીકરો થશે. તે સ્વર્ગમાં અને પૃથ્વી પર મહિમાવંત થશે તેમજ તે ઈશ્વરનો સંદેશાવહક બનશે.”

47: مریم نے کہا پروردگار میرے ہاں بچہ کیونکر ہوگا کہ کسی انسان نے
مجھے ہاتھ تک تو لگایا نہیں فرمایا کہ خدا اسی طرح جو چاہتا ہے پیدا کرتا
ہے جب وہ کوئی کام کرنا چاہتا ہے تو ارشاد فرما دیتا ہے کہ ہوجا تو وہ ہو
جاتا ہے

**અર્થ :** મરિયમે આ સાંભળીને કહ્યું, “હે મારા પ્રભુ, આવું કેવી રીતે થશે ? હું કુંવારી છું. અને મેં કોઈ માણસને જાણ્યો નથી.” દૂતે કહ્યું, “તે કેવી રીતે થશે, જે કંઈ અલ્લાહ ઈચ્છે છે તે ફક્ત તેમના ઉચ્ચારણથી ઉત્પન્ન કરશે.” આ પ્રમાણે થાઓ અને તેઓ અસ્તિત્વમાં આવશે.”



49 : اور (عیسیٰ) بنی اسرائیل کی طرف پیغمبر (ہو کر جائیں گے اور کہیں گے)
کہ میں تمہارے پروردگار کی طرف سے نشانی لے کر آیا ہوں وہ یہ کہ
تمہارے سامنے مٹی کی مورت بشکل پرند بناتا ہوں پھر اس میں پھونک
مارتا ہوں تو وہ خدا کے حکم سے (سچ مچ) جانور ہو جاتا ہے اور اندھے
اور ابرص کو تندرست کر دیتا ہوں اور خدا کے حکم سے مردے میں جان
ڈال دیتا ہوں اور جو کچھ تم کھا کر آتے ہو اور جو اپنے گھروں میں جمع کر
رکھتے ہو سب تم کو بتا دیتا ہوں اگر تم صاحب ایمان ہو تو ان باتوں میں
تمہارے لیے (قدرت خدا کی) نشانی ہے

**અર્થ :** ઈસાએ કહ્યું, “હું તમારા ઈશ્વર પાસેથી નિશાનીઓ લઈને આવ્યો છું. અહીં તમારા માટે માટીમાંથી હું પક્ષી આકારની એક વસ્તુ બનાવું છું. અને તેમાં જીવનનો શ્વાસ ફૂંકીશ અને તે જીવંત પક્ષી બનશે. અલ્લાહની આજ્ઞાથી હું આંધળા, રક્તપિત્તિયાને સાજા કરીશ. અને જેઓ મરણ પામેલા છે તેઓને જીવંત કરીશ.

55 : اس وقت خدا نے فرمایا کہ عیسیٰ! میں تمہاری دنیا میں رہنے کی مدت پوری
کرکے تم کو اپنی طرف اٹھا لوں گا اور تمہیں کافروں (کی صحبت) سے پاک
کر دوں گا اور جو لوگ تمہاری پیروی کریں گے ان کو کافروں پر قیامت تک
فائق (وغالب) رکھوں گا پھر تم سب میر ے پاس لوٹ کر آؤ گے تو جن باتوں
میں تم اختلاف کرتے تھے اس دن تم میں ان کا فیصلہ کردوں گا

**અર્થ :** અલ્લાએ કહ્યું, “અરે ઈસુ, હું તમને મારી પાસે લઈ જઈશ. જેમણે તમારો નકાર કર્યો છે તેઓથી હું તમને પવિત્ર કરીશ.અને પુનરુત્થાન ન થાય ત્યાં સુધી જેઓએ તમારો નકાર કર્યો છે તેઓ તમને અનુસરશે. તેઓની પ્રશંસા કરીશ. તમારામાંનો દરેક વ્યક્તિ મારી પાસે આવવો જોઈએ.

## મહાત્મા ગાંધીજીની સાક્ષી

એક વખત, એક ગોરા વ્યક્તિએ ગાંધીજીની તરફ જોઈને પૂછ્યું, "તમે ભારત માટે કેવી રીતે આઝાદી મેળવશો ?" તેમણે શાંતિપૂર્વક બાઈબલ ઉઘાડીને માથ્થીના પાંચમાં અધ્યાયની કલમો બતાવીને તેમને પૂછ્યું, "શું તમે આ વાંચ્યું નથી ?" "જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે." (માથ્થી ૫:૫) - શા માટે હું નમ્ર થઈને ભારત માટે આઝાદી મેળવી શકું નહીં ? આ જ પ્રમાણે આપણા દેશે અહિંસા એટલે બાઈબલના શિક્ષણનો અમલ કરીને આઝાદી મેળવી. ગાંધીજીએ ફક્ત બાઈબલનું શિક્ષણ તેમના જીવનમાં અપનાવ્યું એટલું જ નહિ, પરંતુ તેમણે આ સત્ય ભારતદેશના લોકોને પણ સમજાવ્યું અને તેમણે વિજય પ્રાપ્ત કર્યો. નહી તો ભારત દેશને ઘણાં બધા પુત્રો અને પુત્રીઓના બલિદાન ફોકટમાં આપવા પડ્યા હોત.તેથી ગાંધીજી મહાત્મા કહેવાયા અને તેમને "રાષ્ટ્રપિતા" તરીકે નવાજવામાં આવ્યા. તેમના મરણપ્રસંગે સમગ્ર વિશ્વના દેશોએ તેમના રાષ્ટ્રધ્વજોને અર્ધી કાઠીએ ફરકાવ્યા હતા,તેવું ગૌરવ અન્ય કોઈને આપવામાં આવ્યું નથી. અને તેમની પ્રેમાળ છબી આપણી ચલણી નોટોમાં પણ છાપવામાં આવે છે. આ વલણને કારણે તેઓ સમગ્ર વિશ્વને માટે એક આદર્શરૂપ બન્યા.તેથી આજે પણ વિશ્વના ઘણાં બધા દેશો તેમની જન્મજયંતિની ઉજવણી કરે છે.

## 10. પવિત્ર બાઈબલનો ઈતિહાસ

"બાઈબલ" શબ્દ ગ્રીક શબ્દ ' બિબ્લોસ'માંથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'પુસ્તકો' અથવા 'ઓળિયાંઓ' થાય છે. આવા ઓળિયાઓ કે પુસ્તકોના સમુહને પવિત્ર બાઈબલ કહેવામાં આવે છે, ૧૬૦૦ વર્ષના ગાળામાં ૪૦ કરતા વધુ ( જેમકે ખેડૂતો,પશુપાલકો,પ્રબોધકો,રાજાઓ,વૈધો અને પ્રખ્યાત હસ્તીઓ ) લેખકો દ્વારા તેને લખવામાં આવ્યું છે તેમજ એશિયા, યુરોપ અને આફ્રિકામાંના જુદા જુદા ભાગોમાં તે લખવામાં આવ્યું છે. પવિત્ર બાઈબલ હિબ્રૂ તેમજ ગ્રીક ભાષામાં અલગ અલગ પ્રકારની સામગ્રીઓ જેવી કે પ્રાણીઓના સૂકવેલા ચામડા, પાંદડાઓનાં ઓળિયાં તેમજ પથ્થર પર લખવામાં આવ્યા. જુદા જુદા માપ હોવાથી અને ગ્રીક ભાષાની લેખન પદ્ધતિ જમણીથી ડાબી હતી જ્યારે હિબ્રૂ ભાષાની લેખન પદ્ધતિ ડાબેથી જમણી તરફ હતી તેથી તેને પુસ્તકના રૂપમાં ગોઠવવું અશક્ય બન્યું હતું.



વિશ્વના ઈતિહાસમાં, લેટિન ભાષામાં ઈસવીસન ૧૪૫૦માં બાઈબલ પ્રથમ વખત છાપવામાં આવ્યું. ઈસવીસન ૧૭૨૭માં ભારતમાં સૌ પ્રથમ તમિલ ભાષામાં તેને છાપવામાં આવ્યું. મોટા ભાગનો જૂનો કરાર હિબ્રૂ ભાષામાં જ્યારે નવો કરાર ગ્રીક ભાષામાં લખવામાં આવ્યો છે.સંપૂર્ણ બાઈબલનું ભાષાંતર લેટિન ભાષામાં આશરે ઈ.સ. ૩૮૩ થી ૪૦૫માં થઈ ચૂક્યું હતું ,જો કે લેટિન ભાષા મોટેભાગે ધર્મ-ઉપદેશકો અને મઠવાસીઓની હતી.ઈ.સ. ૧૩૮૦ થી ૧૩૮૨માં સૌ પ્રથમ જહોન વિકલિફ જેમણે ફક્ત અંગ્રેજી ભાષામાં તેનો અનુવાદ કર્યો.વિલિયમ ટિન્ડલે સૌ પ્રથમ ઈ.સ. ૧૫૨૫માં બાઈબલની ૩૦૦૦ નકલો અંગ્રેજી ભાષામાં છાપી અને ઈ.સ.૧૫૩૦માં ૧૫૦૦૦ નકલો. સમયાંતરે અંગ્રેજી ભાષામાં ઘણાં બધાં વર્ઝનો છાપવામાં આવ્યાં,તેમાંથી કિંગ જેમ્સ વર્ઝન જે ઈ.સ.૧૬૧૧માં પ્રકાશિત થયેલું તેને પ્રમાણિત વર્ઝન ગણવામાં આવે છે તે વધારે લોકપ્રિય થવા લાગ્યું.

બાઈબલના બધા પુસ્તકોમાં એકતા જોવા મળે છે. અને તેઓના અલગ અલગ પુસ્તકોમાં વૈજ્ઞાનિકપણે,પુરાતત્વીય,ઐતિહાસિક અને પ્રબોધકીયની રીતે કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ જોવા મળતો નથી. બાઈબલમાં જણાવેલ કોઈ પણ ઘટનાઓ,વ્યક્તિઓ તેમજ પરિસ્થિતિઓની માહિતી આજે પણ ચકાસી શકાય છે. બાઈબલનાં સત્યો વડે માનવજાતની સંસ્કૃતિ પર અદ્ભૂત પ્રભાવ પડ્યો છે.તેમાં દુનિયાની શરૂઆતથી અંત સુધી માણસજાતના તારણ વિશેની બાબતોનો સમાવેશ કરવામાં આવેલો છે.આ પુસ્તકનો સંદેશો વ્યક્તિના જીવનને વિજયવંતરૂપમાં રૂપાંતર કરે છે.આપઘાતની ક્ષણે પહોંચેલો વ્યક્તિ બાઈબલ દ્વારા જીવનનો અર્થ કે તેનું મૂલ્ય પ્રાપ્ત કરે છે.કેમ કે ઈશ્વરનું વચન કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે. બાઈબલ થાકેલાઓને આશ્વાસન, શોક કરનારાઓ માટે દિલાસો અને આશાહીનો માટે આશા પૂરી પાડે છે.આ પુસ્તક તમામ રાષ્ટ્રો કે પ્રજાઓ તેમજ સઘળા યુગોની સંસ્કૃતિને સંબંધિત છે. "દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે;" (૨ તિમ.૩:૧૬). આ પુસ્તકનો લેખક ઈશ્વર પોતે છે. હાલમાં, પવિત્ર બાઈબલ કે તેના વિવિધ ભાગો

વિશ્વની ૨૭૦૦ કરતાં વધારે ભાષાઓમાં પ્રસિદ્ધ કરવામાં આવેલાં છે, તેથી ૯૫% લોકો બાઇબલને પોતાની માતૃભાષામાં વાંચી શકે છે. દરેક ખ્રિસ્તી કુટુંબમાં આત્મિક પોષણ માટે તેઓની પાસે પોતાનું વ્યક્તિગત બાઇબલ હોય છે. દરેક વર્ષે બાઇબલની કરોડો નકલોનું વિતરણ થાય છે અને આમ સૌથી વધુ વેચાણ પામતું પુસ્તક બાઇબલ છે. આ બાબત સાબિત કરે છે કે **'બાઈબલ'** સાચેજ અજોડ અને સત્ય પુસ્તક છે.

ભારતીય ચલણમાં સમ્રાટ અશોકના સ્તંભલેખની છબી આપવામાં આવેલી છે. સમ્રાટ અશોકે ઈસુ ખ્રિસ્તથી લગભગ ૪૦૦ વર્ષ પહેલાં શાસન કર્યું હતું. તેની નીચે અથર્વવેદના મુંડક ઉપનિષદની કલમ 3.1.6. માં જાહેર કરવામાં આવેલ "સત્યમેવ જયતે " શ્લોક આપવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે સત્યનો જ વિજય થશે અથવા તો સત્ય જ રહેશે. જો ઈસુ પ્રભાવી ભક્ષક કે છેતરપિંડી કરનાર અને તેમના વચનો (શિક્ષણ) સાચું ન હોત તો તેઓ આજદિન સુધી સત્ય રહ્યા ન હોત. તેમનું શિક્ષણ સમગ્ર વિશ્વમાં અસંખ્ય લોકોમાં બદલાણ લાવનાર તરીકે ફેલાયેલું છે.આજે પણ ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ વિશ્વના મોટાભાગના દેશોમાં જોવા મળે છે. એક માત્ર પુસ્તક જે સમગ્ર વિશ્વમાં જાતિ, ધર્મ કે પંથને ધ્યાનમાં લીધા વગર વિશ્વભરમાં દરેક વ્યક્તિ દ્વારા તે નિઃશંકપણે વાંચવામાં આવતું પુસ્તક એટલે કે પવિત્ર બાઇબલ. મને લાગે છે કે, હું મારી મર્યાદાની બહાર વાત કરતો નથી.પૃથ્વી અને સ્વર્ગનો નાશ થાય તો પણ તેમનો ઉપદેશ કદી પણ નાશ પામશે નહિ કારણ કે તેમાં સત્ય સમાયેલું છે.

જે કોઈ વ્યક્તિ બાઈબલનાં શિક્ષણને અનુસરે છે તેનામાં દિવ્ય ગુણો જેવાં કે પ્રેમ,દયા,ભાઈચારો ઓતપ્રોત થઈ જાય છે અને તે તારણ (મુક્તિ) પામે છે તેમજ સ્વામી વિવેકાનંદ,મહાત્મા ગાંધી અને મધર ટેરેસા જેવું આર્દશ જીવન જીવવા દોરવણી આપે છે.






# 11. શ્રીમંત માણસ અને ભિખારી લાજરસનું દ્દષ્ટાંત

એક શ્રીમંત માણસ હતો, તે કિરમજી રંગના મુલાયમ વસ્ત્ર પહેરતો હતો, અને નિત્ય દબદબાસહિત મોજમઝા કરતો હતો. લાજરસ નામે એક ભિખારી જેને આખે શરીરે ફોલ્લાં હતા, તે તેના દરવાજા આગળ પડેલો હતો. શ્રીમંતની મેજ પરથી પડેલા કકડા વડે તે પેટ ભરવા ચાહતો હતો; વળી કૂતરા પણ આવીને તેના ફોલ્લાં ચાટતા હતા.

તે ભિખારી મરી ગયો ત્યારે દૂતો તેને ઇબ્રાહિમપિતાની ગોદમાં લઈ ગયા; શ્રીમંત પણ મરી ગયો, અને તેને દાટવામાં આવ્યો. હાદેસમાં પીડા ભોગવતાં તેણે પોતાની આંખો ઊંચી કરીને વેગળેથી ઇબ્રાહિમને તથા તેની ગોદમાં બેઠેલા લાઝરસને જોયા. તેણે ઘાંટો પાડીને કહ્યું કે, 'ઇબ્રાહિમ પિતા, મારા પર દયા કરીને લાજરસને મોકલો કે, તે પોતાની આંગળીનું ટેરવું પાણીમાં બોળીને મારી જીભને ઠંડી કરે; કેમ કે આ બળતામાં હું વેદના પામું છું.'

પણ ઇબ્રાહિમે તેને કહ્યું, 'દીકરા, તારા જીવનમાં તું તારાં સારાં વાનાં પામ્યો હતો, અને લાજરસ તો ભૂંડાં વાનાં પામ્યો હતો તે સંભાર; પણ હમણાં અહીં તે દિલાસો પામે છે, અને તું વેદના પામે છે. એ સર્વ ઉપરાંત, અમારી તથા તમારી વચમાં એક મોટી ખાઈ આવેલી છે, તેથી જેઓ અહીંથી તમારી પાસે આવવા ચાહે, તેઓ આવી ન શકે, અને ત્યાંથી કોઈ અમારી પાસે આ પાર પણ આવી શકે નહિ.' તેણે કહ્યું કે, 'પિતા, હું તને વિનંતી કરું છું કે, તેને મારા પિતાને ઘેર મોકલો; કેમ કે મારે પાંચ ભાઈઓ છે કે, તે તેઓને સાક્ષી આપે, રખેને તેઓ પણ આ પીડાને ઠેકાણે આવી પડે.' પણ ઇબ્રાહિમ કહે છે કે, 'તેઓની પાસે મૂસા તથા પ્રબોધકો છે; તેઓનું તેઓ સાંભળે.' તેણે કહ્યું કે, 'ઇબ્રાહિમ પિતા, એમ નહિ; પણ જો કોઈ મૂએલાંમાંથી ઊઠીને તેઓની પાસે જાય, તો તેઓ પસ્તાવો કરે.' તેણે તેને કહ્યું કે, 'જો મૂસા તથા પ્રબોધકોનું તેઓ નહિ સાંભળે, તો જો મૂએલામાંથી કોઈ ઊઠે, તોપણ તેઓ માનવાના નથી.'

(લૂક 16:19-31)

## 12. ઈસુ ખ્રિસ્ત કોણ છે ? તમારો નિર્ણય શો છે ?

મારા વ્હાલા ભાઈ બહેનો, અગાઉના પાનાઓમાં મેં જણાવ્યું હતું કે, ઈસુ કોણ છે તે વિષે તમે શું વિચારો છો ? શું તે છેતરનાર, જૂઠુ બોલનાર, પાગલ કે તે સત્ય ઈશ્વર છે ? જો તમે જાહેર કરો કે ઈસુ ઈશ્વર છે તો તમે પણ મુક્તિ કે તારણ પ્રાપ્ત કરી શકો છો,તારણ કે મોક્ષ કોઈ પણ વ્યક્તિ ક્ષણભરમાં મેળવી શકે છે.કારણકે તારણ કે મોક્ષ ઈશ્વર દ્વારા તૈયાર કરવામાં આવેલું હોઈ તે ઈશ્વર દ્વારા કૃપા વડે આપવામાં આવે છે અને આપણે ફકત વિશ્વાસ દ્વારા પ્રાપ્ત કરવાની જરૂર છે .તેના માટે તમારે ઘણાં બધાં પુનર્જન્મ કે તીર્થયાત્રાઓ કરવાની જરૂર નથી. પોતાને શિક્ષા કરવાની કે દાનધર્મ કરવાની જરૂર નથી. તે કોઈ પણ પ્રકારની જાતિ, પંથ, સંપ્રદાય, સ્ત્રી કે પુરુષોના ભેદભાવ વગર આ તારણ મફતમાં ઈશ્વરે પ્રાપ્ત કરાવ્યું છે.કારણ કે બાઈબલ જણાવે છે દરેક જણને તારણ કે મુક્તિ મળે અને સત્યના જ્ઞાનમાં આગળ વધે. ઉદાહરણ તરીકે પસ્તાવો કરનાર ચોર જેને પણ ઈસુ ખ્રિસ્તની સાથે વધસ્તંભ પર જડવામાં આવ્યો હતો તે ક્ષણના એક ભાગમાં સ્વર્ગમાં પ્રવેશ પામી શક્યો કારણકે તેણે ઈસુને પોતાનાં રાજ્યમાં યાદ કરવાની પ્રાર્થના કરી હતી.

**જો તમે તારણ કે મોક્ષ મેળવવા ઈચ્છો છો, તો તમારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાની જરૂર છે અને તમે આ પ્રાર્થના પણ કરી શકો છો.**

કૃપા તથા દયાથી ભરપૂર એવા ઈસુ, ૨૦૨૦ વર્ષ પહેલાં આ જગતમાં આવવાને માટે તેમજ મને તારણ આપવા તથા આ સત્ય પ્રગટ કરવા માટે હું તમારો આભાર માનું છું. હું સ્વીકારું છું કે હું એક પાપી છું અને માનુ છું કે, તમે સાચા ઈશ્વર છો તેમજ પવિત્ર ઈશ્વર થઈને મારા પાપોને કારણે વધસ્તંભ પર દુ:ખ સહન કર્યું તેમજ મરણ પામ્યા, હું મારા પાપોનો પસ્તાવો કરું છું.મારા હૃદયનાં ઊંડાણમાંથી વિશ્વાસ કરતાં હું કબૂલ કરું છું કે તમે સત્ય ઈશ્વર છો, વધસ્તંભ પર તમારું પવિત્ર લોહી વહેડાવીને મરણ પામ્યા,દફનાવવામાં આવ્યાં તેમજ ત્રીજા દિવસે તમે ઉત્થાન પામ્યાં.મારાં પાપો માફ કરવા માટે તમારો આભાર તેમજ જીવનના પુસ્તકમાં મારો સમાવેશ કરવાને માટે પ્રભુ તમારો આભાર. અને મને આશા છે કે તમે ફરીથી આવશો અને મને સ્વર્ગમાં લઈ જશો. પ્રભુ તમારો આભાર.

ઈશ્વરના રાજ્યનો વારસદાર બનાવવા માટે હું તમને અભિનંદન આપું છું. અને મહેરબાની કરીને તમે મને યાદ રાખશો. તમારો આભાર.



**પ્રકરણો 13 થી 20, સ્થાનિક દૈનિક વર્તમાનપત્રો પ્રકાશિત લેખો અહીં આભારસહ ફરીથી પ્રકાશિત કરવામાં આવે છે .**

સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર “શિવામોગા”માં તા.**25-12-2012** ના રોજ એક લેખ પ્રકાશિત કરવામાં આવ્યો.

## 13. ઈસુ, પવિત્ર ઈશ્વર

**“ ઈસુ ખ્રિસ્ત ઈશ્વર હતાં. આપણે ફક્ત ઈસુ ખ્રિસ્ત જે ઈશ્વરનું માનવીય પ્રકટીકરણ છે,તેની જ આરાધના કરવી જોઈએ. જે ઈશ્વર આપણા માટે માનવી બન્યા. દરેક સમયે તમે ખ્રિસ્તથી ઉપરનાં ઈશ્વરનો પ્રયત્ન કરશો, તો તમે સમગ્ર બાબતની હત્યા કરો છો “**

**- સ્વામી વિવેકાનંદ**

( ધી કંમપ્લીટ વર્કસ ઓફ સ્વામી વિવેકાનંદ,ભાગ-8 પાના નં: 182)

ઈસુની પવિત્રતા,જે પવિત્ર બાઈબલમાં જાહેર કર્યા મુજબ આપણી મધ્યે રહેતા હતા, જે નીચે પ્રમાણે છે :

- **પ્રભુના દૂતે ઈસુના જન્મ વિષે કુમારિકા મરિયમની સાથે વાતચીત કરી.**

  પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે તારાથી જનમશે તે પવિત્ર, ઈશ્વરનો દીકરો, કહેવાશે.” (લૂક 1:35)

- **ઈસુ સંપૂર્ણપણે માનવી સ્વરૂપમાં જન્મ્યા હતા અને લોકો મધ્યે સાડા તેત્રીસ વર્ષ સુધી રહ્યા.**

  “કેમ કે આપણી નિર્બળતા પર જેને દયા આવી શકે નહિ એવા નહિ, પણ સર્વ વાતે જે આપણી જેમ પરીક્ષણ પામેલા છતાં નિષ્પાપ રહ્યા એવા આપણા પ્રમુખયાજક છે.” (હિબ્રૂ.4:15)

- **જયારે લોકોએ ઈસુમાં કોઈ પણ દોષ શોધવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમણે કહ્યું,**

  “ તમારામાંનો કોણ મારા પર પાપ સાબિત કરે છે? (યોહા.8:46)

➢ **દરેક ધર્મશાસ્ત્ર જણાવે છે કે પાપનું વેતન મરણ છે. અને લોહી વહેવડાવ્યા વગર પાપનો નાશ થઈ શકતો નથી.**

" આપણે તેમનામાં ઈશ્વરના ન્યાયીપણારૂપ થઈએ, માટે જેમણે પાપ જાણ્યું નહોતું તેમને તેમણે આપણે વાસ્તે પાપરૂપ કર્યા." (2 કરિં.5:21)

➢ **જ્યારે બકરા અને ગોધાઓના લોહીથી માનવી પાપોને શુદ્ધ કરવાનું અશક્ય બન્યું.**

" એમનામાં, એમના લોહી દ્વારા, તેમની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે;" (એફે.1:7)

➢ **પ્રભુના ૧૨ શિષ્યોમાંનો એક શિષ્ય યહૂદાને સમજણ આવી કે તેણે ફક્ત ચાંદીના ૩૦ સિક્કા માટે પ્રભુ ઈસુનો વિશ્વાસઘાત કર્યો.**

" નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કર્યું છે." (માથ.27: 4)

➢ **જ્યારે સાન્હેદ્રીન, યહૂદી ધાર્મિક આગેવાનોની સર્વોચ્ચ સંસ્થા ઈસુની પૂછપરછ માટે મળી હતી.**

" હવે મુખ્ય યાજકોએ તથા આખી ન્યાયસભાએ ઈસુને મારી નંખાવવા સારુ તેમની વિરુદ્ધ સાક્ષી શોધી; પણ તેઓને કંઈ જડી નહિ.કેમ કે ઘણાઓએ તેમની વિરુદ્ધ જૂઠી સાક્ષી પૂરી; પણ તેઓની સાક્ષી મળતી આવતી નહોતી." (માર્ક 14:55-56)

➢ **રોમન ગર્વનર પિલાતે** કહ્યું કે ,"આ માણસ લોકને ભુલાવે છે, એવું કહીને તમે તેમને મારી પાસે લાવ્યા છો; પણ મેં તમારી આગળ તેમની તપાસ કર્યા છતાં, **જે વાતોનું તમે તેમના પર તહોમત મૂકો છો તે સંબંધી કંઈ પણ અપરાધ આ માણસમાં મને જણાયો નથી;** તેમ જ હેરોદને પણ જણાયો નથી; કેમ કે તેણે તેમને અમારી પાસે પાછો મોકલ્યો;**મરણદંડને યોગ્ય તેમણે કંઈ કર્યું નથી."**

(લૂક 23:14,15)

➢ **પિલાતે** મુખ્ય યાજકોને તથા લોકોને કહ્યું, **"આ માણસમાં મને કંઈ અપરાધ જણાતો નથી."** (લૂક 23:4)

➢ "અને ન્યાયાસન પર તે બેઠો હતો, ત્યારે તેની સ્ત્રીએ તેને કહેવડાવી મોકલ્યું કે, તે **ન્યાયીને** તું કંઈ કરતો ના, કેમ કે આજ મને સ્વપ્નમાં તેમને લીધે ઘણું દુ:ખ થયું છે." (માથ.27:19)



➢ **બે ચોરોમાંના એક ચોરે જેને ઈસુની સાથે વધસ્તંભે જડવામાં આવ્યો હતો તેને બીજા ચોરની આગળ સાક્ષી આપી.**

આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ ; કેમ કે આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ; **પણ એમણે કંઈ પણ ખોટું કર્યું નથી.** (લૂક 23: 41)

➢ **રૂમી સૂબેદાર જે ઈસુ ખ્રિસ્તના વધસ્તંભની ઘટનાનું નિરીક્ષણ કરતો હતો તેણે કહ્યું,**

**"ખરેખર આ તો ન્યાયી માણસ હતા."** (લૂક 23:47)

➢ **બાર શિષ્યોમાંનો એક શિષ્ય પિતર, જે ઈસુની સાથે સાડાત્રણ વર્ષ સુધી રહ્યો હતો, તેણે સાક્ષી આપી અને કહ્યું,**

**" તેમણે કંઈ પાપ કર્યું નહિ, અને તેમના મોંમાં કદી કંઈ કપટ માલૂમ પડ્યું નહિ.** તેમણે નિંદા સહન કરીને સામી નિંદા કરી નહિ; દુ:ખો સહન કરીને ધમકી આપી નહિ; પણ અદલ ન્યાય કરનારને પોતાને સોંપી દીધો."

(1 પિત.2:22, 23)

**ઈસુ ખ્રિસ્ત સંપૂર્ણપણે જન્મ, જીવન, મરણ અને પુનરુત્થાનમાં પવિત્ર છે. આજે પણ તેમના વિષે કોઈપણ વ્યક્તિ એક પણ ભૂલ કે પાપ શોધી શકી નથી. તેમની સરખામણી કોની સાથે થઈ શકે ? શું આ ઈશ્વર હોવા ના જોઈએ ? પ્રભુ ઈસુ ખ્રિસ્તની સ્તુતિ થાઓ.**

~*~*~*~*~

**17-03-2013ના રોજ કર્ણાટક રાજ્યના દૈનિક અખબાર સંયુક્ત કર્ણાટકમાં એક લેખ પ્રકાશિત કરવામાં આવ્યો.**

## 14. એ-ઈસુના ગીરિપ્રવચનનો સારાંશ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેમની આત્મકથા "મારા સત્યના પ્રયોગો"માં તેમણે કહ્યું હતું કે, જ્યારે તેઓ પવિત્ર બાઇબલમાંથી ગીરિપ્રવચન વાંચતા હતાં ત્યારે તે તેમના હૃદયને ઊંડાણપૂર્વક સ્પર્શી ગયું. ઈસુ ખ્રિસ્તનું શિક્ષણ ફક્ત ખ્રિસ્તીઓ વ્યક્તિઓ માટે જ નથી. પરંતુ દરેક વ્યક્તિઓ માટે તે આવશ્યક છે.

**અહીં ગીરિપ્રવચનનો સારાંશ આપવામાં આવેલો છે, જેનાથી ગાંધીજી પ્રભાવિત થયાં હતાં અને ભારતને સ્વતંત્રતા આપવા માટેના અહિંસક લડતનું હથિયાર તરીકે વાપર્યુ હતું.**

## ધન્ય કોણ છે  અને તેઓ શું પ્રાપ્ત કરે છે ?

" આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે."
"જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ દિલાસો પામશે."
"જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે."
"જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ધરાશે."
"દયાળુઓને ધન્ય છે; કેમ કે તેઓ દયા પામશે."
"મનમાં જેઓ શુદ્ધ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ઈશ્વરને જોશે."
"સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમ કે તેઓ ઈશ્વરના દીકરા કહેવાશે."
"ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય છે; કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે."

## માનવીનું જીવન કેવું હોવું જોઈએ ?

### (ઈસુએ તેમણે જે કંઈ ઉપદેશ આપ્યો તે પ્રમાણેનું જીવન જીવ્યું)

"તમે જગતનું મીઠું છો; પણ જો મીઠું બેસ્વાદ થયું હોય તો તે શાથી ખારું કરાશે? બહાર ફેંકાવા તથા માણસોના પગ તળે  છુંદાવા વગર તે બીજા કંઈ કામનું નથી."

" તમે જગતનું અજવાળું છો. પહાડ પર વસાવેલું નગર સંતાઈ રહી શકતું નથી.  અને દીવો કરીને તેને માપ તળે નહિ,પણ દીવી પર મૂકવામાં આવે છે, ત્યારે ઘરમાંનાં બધાંને તે અજવાળું આપે છે.   તેમ જ તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો."

"અને જો તારી આંખ તને ઠોકર ખવડાવે, તો તેને કાઢી નાખીને તારી પાસેથી ફેંકી દે; બન્ને આંખ છતાં તું નરકાગ્નિમાં નંખાય, એ કરતાં કાણો થઈને જીવનમાં પેસવું એ તારે માટે સારું છે."

જ્યાં સુધી તું તારા વાદીની જોડે માર્ગમાં છે, ત્યાં સુધી તેની સાથે વહેલો મળી જા; રખેને વાદી તને ન્યાયાધીશને સોંપે, ને ન્યાયાધીશ તને સિપાઈને સોંપે, ને તું કેદખાનામાં નંખાય.



પણ હું તમને કહું છું કે જે ભૂંડો હોય તેની સામા ન થાઓ : પણ જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે, તેની તરફ બીજો પણ ફેરવ.અને જે તારું બદન લેવા સારુ તારા પર દાવો કરે, તેને તારો અંગરખો પણ લેવા દે.

તમે તમારા વૈરીઓ પર પ્રીતિ કરો, ને જેઓ તમારી પાછળ પડે  છે તેઓને સારુ પ્રાર્થના કરો;  જેઓ તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જેઓ તમારું અપમાન કરે છે તેઓને સારુ પ્રાર્થના કરો.એ માટે કે તમે આકાશમાંના તમારા પિતાના દીકરા થાઓ;

કેમ કે જેઓ તમારા પર પ્રીતિ કરે છે, તેઓ પર જો તમે પ્રીતિ કરો છો, તો તમને શું ફળ છે? દાણીઓ પણ શું એમ નથી કરતા? કારણ કે તે  (ઈશ્વર)પોતાના સૂરજને ભૂંડા તથા ભલા પર ઉગાવે છે, ને ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે.

માણસો તમને જુએ એવા હેતુથી તેઓની આગળ તમારાં ધર્મકૃત્યો કરવાથી સાવધાન રહો; નહિ તો આકાશમાંના તમારા પિતાથી તમને ફળ મળવાનું નથી.પણ તું જ્યારે દાનધર્મ કરે, ત્યારે જે તારો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે; પણ જ્યારે તું પ્રાર્થના કરે, ત્યારે તારી ઓરડીમાં પેસ, ને તારું બારણું બંધ કરીને ગુપ્તમાંના તારા પિતાની પ્રાર્થના કર, ને ગુપ્તમાં જોનાર તારા પિતા તને બદલો આપશે.

પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો, પણ તમે પોતાને સારુ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જતા નથી.  કેમ કે જ્યાં તમારું દ્રવ્ય છે ત્યાં જ તમારું ચિત્ત પણ રહેશે.

કોઈથી બે ધણીની ચાકરી કરાય નહિ; ઈશ્વરની તથા દ્રવ્યની સેવા તમારાથી કરાય નહિ.  શિષ્ય પોતાના ગુરુ કરતાં મોટો નથી, પણ પ્રત્યેક જન સંપૂર્ણ રીતે કેળવાયા પછી પોતાના ગુરુ સરખો થશે.

હિત કરવાની શક્તિ તારા હાથમાં હોય તો જેને માટે તે ઘટારત હોય તેનાથી તે પાછું ન રાખ.  તારી પાસે હોય, તો તારા પડોશીને એમ ન કહે, જા, ને ફરી આવજે, અને હું તને કાલે આપીશ.

કોઈ તને લગ્નમાં નોતરે ત્યારે મુખ્ય આસન પર ન બેસ; રખેને તારા કરતાં કોઈ માનવંતો માણસ તેણે નોતરેલો હોય,  અને જેણે તને તથા તેને નોતર્યા તે આવીને તને કહે કે, એને જગા આપ; ત્યારે તારે લજવાઈને સહુથી નીચી જગાએ બેસવું પડશે.  પણ કોઈ તને નોતરે ત્યારે સહુથી નીચી જગાએ જઈને બેસ; કે જેણે તને

નોતર્યો તે આવે ત્યારે તે તને કહે કે, મિત્ર, ઉપર આવ; ત્યારે તારી સાથે જમવા બેઠેલા સર્વની આગળ તને માન મળશે. કેમ કે જે કોઈ પોતાને ઊંચો કરે છે તેને નીચો કરવામાં આવશે; અને જે પોતાને નીચો કરે છે તેને ઊંચો કરવામાં આવશે.

કોઈનો ઇનસાફ ન કરો, એટલે તમારો ઇનસાફ નહિ કરાશે; શું આંધળો આંધળાને દોરી શકે? શું બન્ને ખાડામાં પડશે નહિ? ઓ ઢોંગી, તું પહેલાં પોતાની આંખમાંથી ભારોટિયો કાઢ, અને ત્યાર પછી તારા ભાઈની આંખમાંથી તણખલું કાઢવાને તને સારી પેઠે સૂઝશે.

કેમ કે જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારો આકાશમાંનો પિતા તમને પણ માફ કરશે.જો કોઈ તમારો અપરાધી હોય, તો તેને માફ કરો; માટે જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો;

જેઓ મને પ્રભુ, પ્રભુ, કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના પિતાની ઇચ્છા પ્રમાણે કરે છે તેઓ જ પેસશે. એ માટે જે કોઈ મારી આ વાતો સાંભળે છે, ને પાળે છે, તેને એક ડાહ્યા માણસની ઉપમા આપવામાં આવશે કે, જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું.

અને ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાના કદને એક હાથભર વધારી શકે છે? કેમ કે તમારો આકાશમાંનો પિતા જાણે છે કે એ બધાંની તમને અગત્ય છે. આકાશનાં પક્ષીઓને જુઓ; તેઓ તો વાવતાં નથી, ને કાપતાં નથી, ને વખારોમાં ભરતાં નથી, તોપણ તમારો આકાશમાંનો પિતા તેઓનું પાલન કરે છે; તો તેઓ કરતાં તમે અધિક નથી શું? પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.(માથ્થી અધ્યાય ૫ અને લૂક અધ્યાય ૬)

## પ્રાર્થના કેવી રીતે કરવી ?

ઓ આકાશમાંના અમારા પિતા, તમારું નામ પવિત્ર મનાઓ; તમારું રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપો. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યા છે, તેમ તમે અમારાં ઋણો અમને માફ કરો. અને અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાથી અમારો છૂટકો કરો.કેમ કે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તમારાં છે. આમીન.



**02-04-2013ના રોજ પાવન શિવમોગા સ્થાનિક દૈનિક અખબારમાં પ્રકાશિત લેખ.**

## 15. ઈસુ ખ્રિસ્ત દ્વારા કરવામાં આવેલા સૌથી મહત્ત્વના ૩૭ ચમત્કારો


જો હું તેની કપડાની કોરને અડકીશ તો સાજી થઈશ

2020 વર્ષ પહેલાં ઈસુ ખ્રિસ્ત આ જગતમાં જનમ્યા અને આ પૃથ્વી પરના લોકો મધ્યે 33 ½ વર્ષ રહ્યા. તેમના સાડાત્રણ વર્ષના સેવાકાર્ય દરમ્યાન ૩૭ જેટલા સૌથી મહત્ત્વના ચમત્કારો જેની નોંધ પવિત્ર બાઇબલમાં કરવામાં આવી છે. તે નીચે પ્રમાણે છે.

1. જ્યારે કાના ગામના લગ્નજમણમાં દ્રાક્ષારસ ખૂટી ગયો ત્યારે ખ્રિસ્તે 20 થી 30 ગેલન પાણી ભરેલા પથ્થરના છ કુંડમાંથી પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો. (યોહાન *2:1-11*)
2. અધિકારીનો દીકરો બિમાર પડ્યો ત્યારે તે જ ક્ષણે ઈસુએ તે અધિકારીને કહ્યું "ચાલ્યો જા, તારો દીકરો જીવતો રહ્યો છે." અને તેમનો દીકરો સાજો થયો. *(યોહાન 4:43-54)*
3. સભાસ્થાનમાં અશુદ્ધ ભૂત વળગેલો એક માણસ હતો; તેણે મોટે ઘાંટે બૂમ પાડીને કહ્યું કે,"અરે, ઈસુ નાઝારી, તમારે ને અમારે શું છે? શું તમે અમારો નાશ કરવા આવ્યા છો? તમે કોણ છે તે હું જાણું છું, એટલે ઈશ્વરનો પવિત્ર." ઈસુએ તેને ધમકાવીને કહ્યું કે,"છાનો રહે, ને તેનામાંથી નીકળ."ભૂત તેને લોકોની વચમાં પાડી નાખીને તેને કંઈ પણ નુકસાન કર્યા વિના તેમાંથી નીકળ્યું. (લૂક *4:31-36*)
4. અને ઈસુએ પિતરનાં ઘરમાં આવીને તેની સાસુને તાવે માંદી પડેલી જોઈ.અને તેઓ તેના હાથને અડક્યા, એટલે તેનો તાવ જતો રહ્યો, (માથ.*8:14-15*)
5. અને સાંજ પડી ત્યારે તેઓ ઘણા ભૂતવળગેલાઓને તેમની પાસે લાવ્યા, ને તેમણે શબ્દથી તે આત્માઓને બહાર કાઢ્યા, ને સઘળાં માંદાંઓને સાજાં કર્યાં. (માથ.*8:16*)

.6. સિમોન પિતર, જે એક માછીમાર હતો, જેણે આખી રાત મહેનત કરી, પણ કંઈ પણ માછલી પકડી શક્યો નહિ; ત્યારે તે નિરાશ થઈ ગયો. ઈસુએ તેની હોડીમાં બેસીને લોકોને બોધ કર્યો. બોધ કરી રહ્યા પછી ઈસુના કહેવાથી પિતરે જાળો નાખી અને તેઓએ માછલાંનો મોટો જથો ઘેરી લીધો . (લૂક *5:1-6*)

7. એક રક્તપિત્તિઓ માણસ ઈસુને જોઈને તેમને પગે પડ્યો; અને તેમને વિનંતી કરી કે, "હે પ્રભુ, જો તમે ચાહો તો તમે મને શુદ્ધ કરી શકે છો." ઈસુએ પોતાનો હાથ લાંબો કરીને તેને અડકીને કહ્યું કે," હું ચાહું છું, તું શુદ્ધ થા;" અને તરત તેનું રક્તપિત્ત જતું રહ્યું. (લૂક *5:12-13*)

8. એક જમાદારે ઈસુની પાસે આવીને તેમને વિનંતી કરી કે," ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષઘાતી થઈને પડેલો છે, ને તેને ભારે પીડા થાય છે.ઓ પ્રભુ, તમે મારા છાપરા તળે આવો એવો હું યોગ્ય નથી; પણ તમે કેવળ શબ્દ બોલો,એટલે મારો ચાકર સાજો થશે." અને ઈસુએ તે જમાદારને કહ્યું કે, "જા, જેવો તેં વિશ્વાસ કર્યો છે તેવું જ તને થાઓ." અને તે જ ઘડીએ તેનો ચાકર સાજો થયો. (માથ.*8:5-13*)

9. ત્યારે ઈસુ પક્ષઘાતીને કહે છે કે ઊઠ, તારો ખાટલો ઊંચકીને તારે ઘેર ચાલ્યો જા. અને તે ઊઠીને પોતાને ઘેર ગયો. (માથ.*9:2-8*)

10. ઈસુએ સભાસ્થાનમાં એક માણસ હતો કે જેનો હાથ સુકાઈ ગયેલો હતો તેની ભણી જોઈને તે માણસને કહે છે કે, "તારો હાથ લાંબો કર." અને તેણે તે લાંબો કર્યો; અને તેનો હાથ સાજો થયો. (માર્ક *3:1-6*)

11. જ્યારે એક વિધવાનો એકનો એક દીકરો હતો મરણ પામ્યો ,ત્યારે તેને જોઈને પ્રભુને તેના પર કરુણા આવી અને તેના કોફીન બોક્ષને અડકીને કહ્યું કે," જુવાન, હું તને કહું છું કે, ઊઠ." ત્યારે જે મૂએલો હતો તે બેઠો થયો, અને બોલવા લાગ્યો. *(લૂક 7:11-17)*

12. અને પવનનું મોટું તોફાન થયું, ને હોડીમાં મોજાંઓ એવાં ઊછળી આવ્યાં કે તે ભરાઈ જવા લાગી. અને ઈસુએ ઊઠીને પવનને ધમકાવ્યો તથા સમુદ્રને કહ્યું કે," છાનો રહે, શાંત થા." અને પવન બંધ થયો, ને મહા શાંતિ થઈ. (માર્ક *4:35-41*)

13. ગેરસાનીઓના દેશમાં અશુદ્ધ આત્મા વળગેલો એક માણસ હતો, તે કબરસ્તાનોમાં રહેતો હતો.પણ ઈસુને દૂરથી જોઈને તે દોડી આવ્યો, ને તેમને પગે લાગ્યો; અને મોટે ઘાંટે પોકારીને બોલ્યો,"ઈસુ, પરાત્પર ઈશ્વરના દીકરા, મારે ને તમારે શું છે? હું તમને ઈશ્વરના સમ દઉં છું કે,તમે મને દુઃખ ન દો".ઈસુએ



કહ્યું ,"અરે અશુદ્ધ આત્મા, તું એ માણસમાંથી નીકળ." ત્યારબાદ તે માણસ ભૂતોની સેનામાંથી છૂટકારો પામ્યો અને તે હોશમાં આવેલો જોવા મળ્યો. (માર્ક *5:1-20*)

14. અને એક સ્ત્રી હતી કે જેને બાર વરસથી લોહીવા હતો,તે ભીડમાં ઈસુની પછવાડે આવીને તેમના વસ્ત્રને અડકી. કેમ કે તેણે ધાર્યું કે, "જો હું માત્ર તેમના વસ્ત્રને અડકું તો હું સાજી થઈશ." અને તત્કાળ તેનો રક્તસ્રાવ બંધ થઈ ગયો. (માર્ક *5:21-34*)

15. યાઈર નામે એક માણસ આવ્યો, તે સભાસ્થાનનો અધિકારી હતો,ઈસુ આ અધિકારીના ઘરે પહોંચે તે પહેલા તેની દીકરી મરણ પામી. જ્યારે ઈસુ તે અધિકારીના ઘરમાં આવીને છોકરીનો હાથ ઝાલીને તે તેને કહે છે કે,"ટલિથા કૂમ." જેનો અર્થ એ છે કે, "છોકરી, હું તને કહું છું, ઊઠ." અને તરત છોકરી ઊઠીને ચાલવા લાગી. (માર્ક *5:35-43*)

16. અને ઈસુ ત્યાંથી જતા હતા, તેવામાં બે આંધળા તેમની પાછળ જઈને બૂમ પાડવા લાગ્યા કે, "ઓ દાઉદના દીકરા, અમારા પર દયા કર." ઈસુ તેઓની આંખોને અડક્યો અને તેમની આંખોની રોશની પાછી મળી.(માથ.*9:27-30*)

17. ભૂતવળગેલા એક મૂંગા માણસને ઈસુની પાસે લાવવામાં આવ્યો. અને ભૂત કાઢવામાં આવ્યું ત્યારે તે મૂંગો બોલતો થયો. (માથ.*9:32-34*)

18. યરૂશાલેમમાં મેંઢાભાગળની પાસે એક બેથઝાથા કુંડમાં એક જણ આડત્રીસ વરસથી માંદો પડેલો હતો. ઈસુએ તેને પડેલો જોઈને તેને પૂછે છે કે, "શું તું સાજો થવા ચાહે છે? "ઈસુ તેને કહે છે કે," ઊઠ, તારું બિછાનું ઊંચકીને ચાલ."તરત તે માણસ સાજો થઈને પોતાનું બિછાનું ઊંચકીને ચાલતો થયો. (યોહાન 5:1-9)

19. લોકોનું ખૂબ મોટું ટોળું ઈસુની પાછળ પાછળ આવતું હતું, ત્યારે તેઓ પર તેને દયા આવી; અને તેણે તેઓમાંનાં માંદાંઓને સાજાં કર્યાં. અને સાંજ પડી ત્યારે તેઓની પાસે માત્ર પાંચ રોટલી ને બે માછલી હતી .ઈસુએ તે પાંચ રોટલી તથા બે માછલી લઈ આકાશ તરફ જોઈને તેમણે આશીર્વાદ માગ્યો, ને રોટલી ભાંગીને શિષ્યોને આપી, ને શિષ્યોએ લોકોને આપી.અને તેઓ સહુ ખાઈને ધરાયાં; પછી છાંડેલા કકડાઓથી બાર ટોપલી ભરાઈ. અને જેઓએ ખાધું તેઓ સ્ત્રીછોકરાં ઉપરાંત આશરે પાંચ હજાર પુરુષ હતા. (માથ.*14:13-21*)

20. રાતના ચોથે પહોરે ઈસુને સમુદ્ર પર ચાલતા જોઈને શિષ્યો ગભરાઈ ગયા.ત્યારે પિતરે તેમને ઉત્તર દીધો કે," પ્રભુ, એ જો તમે હો,તો મને આજ્ઞા આપો કે હું પાણી પર ચાલીને તમારી પાસે આવું."અને તેમણે કહ્યું કે,"આવ."ત્યારે પિતર હોડી પરથી ઊતરીને ઈસુ પાસે જવાને પાણી પર ચાલવા લાગ્યો. (માથ.*14:22-33*)

21. અને ઈસુ અને તેના શિષ્યો ગન્નેસરેત દેશમાં આવ્યા. અને જ્યારે તે જગાના લોકોએ તેમને ઓળખ્યા, ત્યારે તેઓએ તે આખા દેશમાં ચોતરફ માણસોને મોકલીને બધાં માંદાંઓને તેમની પાસે આણ્યાં. અને તેઓએ તેમને વિનંતી કરી કે, કેવળ તમારાં વસ્ત્રની કોરને જ તમે અમને અડકવા દો; અને જેટલા અડક્યા તેટલા સાજા થયા. (માથ.*14:34-36*)

22. કેમ કે એક સ્ત્રી જેની નાની દીકરીને અશુદ્ધ આત્મા વળગેલો હતો,ને તેમના પગ આગળ પડી. તે સ્ત્રી ગ્રીક હતી, ને સિરિયાના ફિનીકિયા કુળની હતી. અને તેણે પોતાની દીકરીમાંથી ભૂત કાઢવાને ઈસુને વિનંતી કરી.અને તેણે તેમને કહ્યું કે, ‘‘આ વાતને લીધે જા; તારી દીકરીમાંથી ભૂત નીકળ્યું છે.’’અને તેણે પોતાને ઘેર આવીને જોયું તો છોકરી ખાટલા પર સૂતેલી છે, ને તેનામાંથી ભૂત નીકળ્યું છે. (માર્ક *7:24-30*)

23. અને તેઓ એક બહેરા બોબડાને ઈસુની પાસે લાવે છે, ને તેના પર હાથ મૂકવાને તેમને વિનંતી કરે છે. અને ઈસુએ તેના કાનોમાં પોતાની આંગળી ઘાલી, ને થૂંકીને તેની જીભને અડક્યો; અને આકાશ તરફ જોઈને તેણે નિસાસો મૂકીને કહ્યું કે, ‘‘ **એફફથા,**’’ એટલે ‘‘**ઊઘડી જા.**’’ અને તરત તેના કાનો ઊઘડી ગયા, ને તેની જીભનું બંધન છૂટ્યું, ને તે સાફ બોલ્યો. (માર્ક *7:31-37*)

24. અને ઈસુને ત્રણ દિવસથી તેમની સાથે રહેલાં લોકો પર દયા આવે છે અને ઈસુ તેઓને ભૂખ્યાં વિદાય કરવા માગતા ન હતા.અને તેમણે સાત રોટલી તથા માછલી લઈ તેમણે સ્તુતિ કરીને ભાંગી, ને પોતાના શિષ્યોને આપી, ને શિષ્યોએ પછી લોકોને આપી.અને જેઓએ ખાધું તેઓ સ્ત્રીછોકરાં ઉપરાંત ચાર હજાર પુરુષ હતા.અને બધાં ખાઈને તૃપ્ત થયાં; પછી છાંડેલા કકડાઓની તેઓએ સાત ટોપલી ભરી. (માથ.*15:32-39*)

25. અને કેટલાક લોકો ઈસુની પાસે એક આંધળાને લાવે છે, ને તેને અડકવા સારુ તેઓ તેમને વિનંતી કરે છે. ઈસુએ તેની આંખોમાં થૂંકીને તેના પર હાથ મૂકીને તેને પૂછ્યું કે,‘‘ તું કંઈ જુએ છે? ’’અને ઊંચું જોઈને તેણે કહ્યું કે,‘‘ હું માણસોને દેખું છું; કેમ કે તેઓને ઝાડોના જેવા ચાલતાં દેખું છું.’’ ત્યારબાદ ઈસુએ ફરીથી તેની આંખો પર હાથ મૂક્યા અને તેની દૃષ્ટિ તેને પાછી મળી અને તે સઘળું સ્પષ્ટ રીતે જોવા લાગ્યો. (માર્ક *8:22-26*)

26. ઈસુએ એક જન્મથી આંધળા માણસને દીઠો.તેઓ ભોંય પર થૂંક્યા, અને તે થૂંકથી કાદવ બનાવીને, તેમણે તે કાદવને તે આંધળાની આંખો પર ચોપડ્યો; અને તેને કહ્યું કે,‘‘ તું જઈને શિલોઆહ અર્થાત મોકલેલાના કુંડમાં ધો.’’ ત્યારે તે ગયો, અને ધોઈને દેખતો થઈને ઘેર આવ્યો. (યોહાન *9:1-7*)



27. એક માણસે તેની પાસે આવીને તેની આગળ ઘૂંટણ ટેકવીને કહ્યું કે, ’’ઓ પ્રભુ, મારા દીકરા પર દયા કરો; કેમ કે તેને ફેફરાનું દરદ છે, ને તે ઘણો પીડાય છે;’’ પછી ઈસુએ તે ભૂતને ધમકાવ્યું; અને તે તેનામાંથી નીકળ્યું; અને છોકરો તે ઘડીથી સાજો થયો. (માથ. *17:14-21*)

28. ત્યારે ઈસુએ પિતરને કહ્યું,‘‘તું સમુદ્રકિનારે જઈને ગલ નાખ; અને જે માછલી પહેલી આવે તેને પકડી લે, ને જ્યારે તું તેનું મોં ઉઘાડશે ત્યારે તેમાંથી તને નાણું મળશે, તે લઈને મારા માટે ને તારે સારુ તેઓને કર તરીકે આપ.’’ તેમણે જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે બન્યું. (માથ.*17:24-27*)

29. તે વખતે ભૂતવળગેલા કોઈ આંધળા,મૂંગા માણસને તેઓ તેની પાસે લાવ્યા અને ઈસુએ તેને સાજો કર્યો, એટલે જે આંધળો તથા મૂંગો હતો તે બોલવા ને જોવા લાગ્યો. (માથ.*12:22*)

30. જેને અઢાર વરસથી મંદવાડનો આત્મા વળગેલો હતો એવી એક સ્ત્રી હતી; તે કૂબડી હતી; અને કોઈ પણ રીતે સીધી ઊભી થઈ શકતી નહિ. તેને જોઈને ઈસુએ તેને બોલાવીને કહ્યું કે, ‘‘બાઈ, તારા મંદવાડથી તું છૂટી થઈ છે.’’ તેમણે તેના પર હાથ મૂક્યા કે, તરત તે ટટાર થઈ, અને તે સ્ત્રીએ ઈશ્વરની સ્તુતિ કરી. (લૂક *13:10-13*)

31. એક માણસ ઈસુની આગળ હતો, તેને જલંદરનો રોગ થયો હતો.ઈસુએ તેને અડકીને સાજો કર્યો, અને તેને જવા દીધો. (લૂક *14:1-4*)

32. ઈસુ એક ગામમાં પ્રવેશ કરતાંની સાથે જ તેમને દશ રક્તપિત્તિઆ સામા મળ્યા; તેઓએ વેગળા ઊભા રહીને ઘાંટો પાડીને કહ્યું કે, ‘‘હે ઈસુ,સ્વામી, અમારા પર દયા કરો.’’ તેઓને જોઈને તેમણે કહ્યું કે, ‘‘જાઓ, તમે તમારાં શરીરને યાજકોને દેખાડો.’’ તેઓને રસ્તે ચાલતાં ચાલતાં શુદ્ધ કરવામાં આવ્યા. (લૂક *17:11-19*)

33. જે લાજરસ ઉપર ઈસુ પ્રેમ રાખતા હતા,તે મરણ પામ્યો અને તેને કબરમાં મૂક્યાને ચાર દહાડા થઈ ગયા હતા.ત્યારે તેની બહેનોને રડતી જોઈને, ઈસુએ મનમાં નિસાસો મૂક્યો, અને પોતે વ્યાકુળ થયા. ઈસુ પોતે પણ રડ્યા. ઈસુ ફરીથી નિસાસો મૂકીને કબર આગળ આવ્યા અને તેમણે ઊંચે સ્વરે પોકાર્યું કે,’’લાજરસ બહાર આવ.’’ ત્યારે જે મરી ગયેલો હતો તે કફનથી હાથે ને પગે વીંટાયેલો બહાર આવ્યો; અને તેના મોં પર રૂમાલ બાંધેલો હતો.ઈસુએ તેઓને કહ્યું, ‘‘ એનાં બંધન છોડી નાખો, અને તેને જવા દો.’’ (યોહા.*11:1-44*)

34. તિમાયનો દીકરો બાર્તિમાય જે આંધળો ભિખારી હતો તે યરીખોમાં માર્ગની કોરે બેઠો હતો અને તે ભીખ માગતો હતો . અને એ ઈસુ નાઝારી છે,એમ

સાંભળીને તે બૂમ પાડવા તથા કહેવા લાગ્યો કે, "ઓ ઈસુ, દાઉદના દીકરા, મારા પર દયા કરો." અને ઈસુએ તેને કહ્યું કે, "હું તારે સારુ શું કરું, એ વિષે તારી શી ઈચ્છા છે?" આંધળાએ તેમને કહ્યું કે, "સ્વામી, હું દેખતો થાઉં." અને ઈસુએ તેને કહ્યું કે, "જા; તારા વિશ્વાસે તને બચાવ્યો છે."અને તરત તે દેખતો થયો. ( માર્ક *10:46-52*)

35. હવે સવારે નગરમાં પાછા આવતાં ઈસુ ભૂખ્યા થયાં.ને રસ્તાની કોરે એક અંજીરીને જોઈને તેઓ તેની પાસે ગયો,પણ તેના પર એકલાં પાતરાં વગર બીજું કંઈ ન મળવાથી તેમણે તેને કહ્યું કે,"હવેથી તારા પર કદી ફળ ન લાગો;" અને એકદમ તે અંજીરી સુકાઈ ગઈ. (માથ.*21:18-19*)

36. જ્યારે યહૂદા ઈસુનો શિષ્ય તેમને પરસ્વાધીન કરે છે,ત્યારે ઈસુનાં શિષ્યોમાંનો એક શિષ્યે મુખ્ય યાજકના ચાકરને ઝટકો મારીને તેનો જમણો કાન કાપી નાખે છે .પણ ઈસુએ તેના કાનને સ્પર્શ કરીને તેને સાજો કરે છે. (લૂક *22:47-53*)

37.ઈસુને વધસ્તંભ પર જડાવ્યા બાદ ,ઈસુનાં શિષ્યો ઈશ્વરના વચનનો પ્રચાર કરવાને બદલે માછીમારી કરવા નીકળી પડે છે.પણ તે રાત્રે તેઓને હાથ એક પણ માછલી આવી નહિ.પણ બીજા દિવસ પરોઢિયે વેળાએ ઉત્થાન પામેલાં ઈસુ તેઓને કહે છે કે, "છોકરાઓ, તમારી પાસે કંઈ ખાવા માટે માછલી છે ?" તેઓએ તેમને ઉત્તર આપ્યો કે," નથી." ત્યારે તેમણે તેઓને કહ્યું કે, "હોડીની જમણી તરફ જાળ નાખો, એટલે તમને મળશે." તેથી તેઓએ તે તરફ જાળ નાખી; પછી એટલી બધી માછલી તેમાં ભરાઈ આવી કે તેઓ તેને ખેંચી શક્યા નહિ. ( યોહાન *21:1-14*)

ઈસુએ કરેલાં બીજાં કામો પણ ઘણાં છે, જો તેઓમાંનું દરેક લખવામાં આવે તો એટલાં બધાં પુસ્તકો થાય કે તેનો સમાવેશ આ જગતમાં થાય નહિ, એમ હું ધારું છું. (યોહાન *21:25*)

ઈસુ ખ્રિસ્તે કહ્યું,"હું તમને નિશ્ચેજ કહું છું કે, હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ રાખનાર પણ કરશે, અને એના કરતાં પણ મોટાં કામ કરશે; અને જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ ." (યોહાન *14:12-13*)

**ઈશ્વર સર્વસમર્થ, સર્વવ્યાપી, સર્વજ્ઞાની અને સર્વશક્તિમાન છે. તેમના માટે કંઈપણ અશક્ય હોતું નથી. ઈસુ ખ્રિસ્તો અશુદ્ધ આત્માઓ,કુદરત,મરણ અને માનવીય બિમારીઓ પર અધિકારનો અમલ કરીને તમામ પ્રકારના ચમત્કારો કર્યા છે. તેમના માટે કંઈપણ અશક્ય ન હતું, કારણ કે તેઓ ઈશ્વર છે. ચાલો આપણે આ હકીકતને કબૂલ કરીએ અને તેમનું નમન કરીને તેમની સ્તુતિ કરીએ.**



**તારીખ 04-04-2013ના રોજ વિજય કર્ણાટકા નામના રાજ્યવ્યાપી સમાચારપત્રમાં એક લેખ પ્રકાશિત કરવામાં**

## 16. વ્યભિચારમાં પકડાયેલી એક સ્ત્રીને ઈસુની પાસે તેનો ન્યાય કરવા માટે લાવવામાં આવી

**"પણ નોંધ કરો કે આ વિરાટકાય વ્યક્તિએ , સદીઓ તથા યુગો પસાર થયાં, તેમ છતાં, જે શક્તિ તેમણે વિશ્વ પર છોડી છે તે હજુ પણ ખેંચાયેલ નથી કે હજુ પણ પૂરેપૂરી વપરાઈ નથી. જેમ જેમ યુગો ઉમેરાતાં જાય છે, તેમ તેમ તે નવા નવા જોમ કે ઉત્સાહ સાથે વધતી જાય છે. કોઈએ પણ હજુ સુધી ઈશ્વરને જોયાં નથી. પરંતુ ઈશ્વરપુત્ર દ્વારા જોયાં છે. અને તે સત્ય છે. અને આપણે ક્યાં ઈશ્વરને જોઈએ છીએ પરંતુ તે ઈશ્વર તો પુત્રમાં છે તેને છોડીને આપણે ક્યાં જોઈએ?" - સ્વામી વિવેકાનંદ**

(ધી કમ્પ્લીટ વર્ક્સ ઑફ સ્વામી વિવેકાનંદ, Vol-4, Page No:136)

પરોઢિયે ફરીથી ઈસુ મંદિરના દરબારમાં જોવા મળ્યા. જ્યાં ઘણાં બધા લોકો તેમની આજુબાજુ એકઠા થયેલાં હતાં. અને તેઓ તેમને શિક્ષણ આપવા માટે બેઠાં. ત્યારે શાસ્ત્રીઓ તથા ફરોશીઓ વ્યભિચારમાં પકડાયેલી એક સ્ત્રીને લાવે છે; અને તેને વચમાં ઊભી રાખીને, તેઓ તેમને કહે છે કે, " ગુરુ, આ સ્ત્રી વ્યભિચાર કરતાં જ પકડાઈ છે. હવે મૂસાએ નિયમશાસ્ત્રમાં આપણને આજ્ઞા આપી છે કે,તેવી સ્રીઓને પથ્થરે મારવી; તો તમે તેને વિષે શું કહો છો ?"પણ તેમના પર દોષ મૂકવાનું



કારણ તેમને મળી આવે માટે તેમનું પરીક્ષણ કરતાં તેઓએ એ પ્રમાણે કહ્યું. પણ ઈસુએ નીચા વળીને ભોંય પર આંગળીએ લખ્યું. તેઓએ તેમને પૂછવાનું ચાલું રાખ્યું , ત્યારે તેમણે ઊભા થઈને તેઓને કહ્યું કે, "તમારામાં જે કોઈ પાપ વગરનો હોય તે પહેલો તેના

**પર પથ્થર નાખે.**"ફરી તેમણે નીચા વળીને આંગળી વડે ભોંય પર લખ્યું. તેઓ એ સાંભળીને ઘરડાથી માંડીને એક પછી એક નીકળી ગયા, અને એકલા ઈસુને તથા વચમાં ઊભી રહેલી સ્ત્રીને મૂકી ગયા. ત્યારે ઈસુએ ઊભા થઈને તેને પૂછ્યું કે, "બાઈ, તેઓ ક્યાં છે? શું કોઈએ તને દોષિત ઠરાવી નથી? " તેણે કહ્યું કે, "પ્રભુ, કોઈએ નહિ." ત્યારે ઈસુએ કહ્યું કે, "હું પણ તને દોષિત નથી ઠરાવતો; તું ચાલી જા; હવેથી પાપ કરતી ના." (યોહાન *8:1-11*)

**ધારો કે તમે તે પરિસ્થિતિમાં ફરોશીમાંના કોઈ એક વ્યક્તિ હોત તો, શું તમે તે સ્ત્રીને પથ્થરે મારી હોત ?**

ઈસુ ખ્રિસ્તે કદાચ તે સ્ત્રીને મારી નાખવા માટે પથ્થર મારી શક્યા હોત, કારણ કે તેઓ પવિત્ર હતા અને તેઓ સંપૂર્ણપણે પવિત્ર છે. પવિત્ર બાઈબલ જણાવે છે કે, "કેમ કે તેમણે અપકાર કર્યો નહોતો ને તેમના મુખમાં કપટ નહોતું." ઈશ્વરે તેમના દીકરાને (ઈસુને) જગતને દોષિત ઠરાવવાને બદલે બચાવવાને માટે મોકલ્યા હતા. **ઈસુ ખ્રિસ્ત ન્યાયીઓને બચાવવા માટે આવ્યા ન હતા અને પાપીઓનો નાશ કરવા માટે પણ નહિ,** પરંતુ તેઓ પાપીઓને શોધવા માટે, તેમને બચાવવા માટે, અને તેમને તારણનું અનંતજીવન ( મોક્ષ) મળે તે માટે તેઓ આવ્યા હતા.

"યહોવા, યહોવા, દયાળુ તથા કૃપાળુ ઈશ્વર,મંદરોષી, અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂર;હજારો પર કૃપા રાખનાર, અન્યાય તથા ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર; અને દોષિતને નિર્દોષ નહિ જ ઠરાવનાર;" (નિર્ગમન 34:6,7)

"તેઓના હૃદયનાં વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે. સમજનાર કોઈ નથી,ઈશ્વરને શોધનાર કોઈ નથી;કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે;" (ઉત. 6:5, રોમન 3:11, 23)

"જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે." (નીતિવચન 28:13)

"જે કંઈ અશુદ્ધ છે, અને જે કોઈ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે, તથા અસત્ય આચરે છે, તે તેમાં (સ્વર્ગમાં)કદી પ્રવેશ કરશે જ નહિ; પણ જેઓ પોતાનાં પાપોનો



સ્વીકાર કરીને પસ્તાવો કરે છે તેમજ એવો વિશ્વાસ કરે છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારાં પાપોની માફીને કારણે વધસ્તંભ પર જડવામાં આવ્યાં,તેઓનો બચાવ થશે. જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં છે તેઓ જ સ્વર્ગમાં પ્રવેશ કરશે."

(«õxe 21:27)

"અને તેઓ (ઈસુ)આપણાં પાપનું પ્રાયશ્ચિત છે; અને કેવળ આપણાં જ નહિ પણ આખા જગતનાં પાપનું તેઓ પ્રાયશ્ચિત છે." (1 યોહાન 2:2)

"અને ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. આપણામાં પાપ નથી, એમ જો આપણે કહીએ, તો આપણે પોતાને ઠગીએ છીએ, અને આપણામાં સત્ય નથી. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તેઓ વિશ્વાસુ તથા ન્યાયી છે." (1 યોહાન 1:7-9)

કેમ કે પાપનો મુસારો મરણ છે ( અનંતકાળિક નર્ક ). નિયમશાસ્ત્ર પ્રમાણે ઘણું કરીને સઘળી વસ્તુઓ રક્તથી શુદ્ધ કરવામાં આવે છે, ને રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી. કેમ કે ગોધાઓનું તથા બકરાઓનું રક્ત પાપો દૂર કરવાને સમર્થ નથી.ઈશ્વરે પેલી સ્ત્રી જે વ્યભિચારમાં પકડાએલી તેનાં પાપો તથા આપણાં પાપો ઈસુ પર નાખ્યાં છે . ઈસુ ખ્રિસ્તે આપણાં સઘળાં પાપો માફ કર્યાં છે, અને વિધિઓનું ખત (ચાર્જશીટ) જે આપણી વિરુદ્ધ હતું, અને આપણને પ્રતિકૂળ હતું, તેને ભૂંસી નાખીને તથા વધસ્તંભે તેને ખીલા મારીને વચમાંથી કાઢી નાખ્યું; ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે. આપણને ઈસુ,પરમ પવિત્ર ઈશ્વર દ્વારા શુદ્ધ કરવામાં આવ્યાં છે.ઈસુએ ઈશ્વરની ઇચ્છાને આધીન થઈને દરેક જાતિ,પ્રજાઓ,ધર્મ,ભાષાઓનાં સઘળાં લોકોનાં પાપો માથે લઈ લીધાં.આમ ઈસુએ વધસ્તંભ પર "સંપૂર્ણ થયું"નો પોકાર કરીને હલવાનનું પવિત્ર રક્ત વહેડાવીને આપણો બચાવ કર્યો છે.પણ આપણા અપરાધોને લીધે તેઓ વીંધાયા, આપણાં પાપોને લીધે તે કચડાયા, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેમને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.

(રોમન 6:23, હિબ્રૂ 9 અને 10, , યશાયા 53:5-6,, કલોસી 2:14)

"વધસ્તંભ પર તેમણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ; તેમના ઘાઓથી આપણે સાજા થયા." (1 પિતર 2:24)

"કેમ કે ઈશ્વર એક જ છે, અને ઈશ્વર તથા માણસોની વચ્ચે એક જ મધ્યસ્થ પણ છે, એટલે ખ્રિસ્ત ઈસુ પોતે માણસ, જેમણે સઘળાં માણસોના ઉદ્ધારને સારુ પોતાનું સ્વાર્પણ કર્યું; " (1 તિમોથી 2:4-6)

## પાપમાંથી મુક્તિ મેળવવા માટે અને નર્કમાંથી છૂટીને સ્વર્ગમાં પ્રવેશ મેળવવા માટે આપણે શું કરવું જોઈએ ?

પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ (મોક્ષ મેળવવા) પામશે.'' જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેઓને મૂએલામાંથી પાછો ઉઠાડયા, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ.'' કેમ કે ''જે કોઈ પ્રભુને નામે વિનંતી કરશે તે તારણ (મોક્ષ)પામશે.'' (પ્રે.કૃ.16:31, રોમન 10:9-13)

~*~*~*~*~*~

**તા.24-03-2013 રાજ્ય દૈનિક સમાચાર પત્ર ઉદયવાણીમાં અને તા.25-05-2013ના રોજ પ્રજાવાણીમાં પ્રકાશિત થયેલ લેખ.**

## 17. મરણ પછી શું થાય છે તેના વિશે બાઈબલમાં સ્પષ્ટપણે ઉત્તર આપવામાં આવેલ છે.

જો તમે તારણ પામવા માંગો છો, તો ઈસુ ખ્રિસ્તની આરાધના કરો, કેમ કે ઈશ્વરની બધી જ ભાવનાઓ જેની તમે કલ્પના કરી શકો તે કરતાં પણ તે મહાન છે. - સ્વામી વિવેકાનંદ

(ધી કમ્પ્લીટ વર્ક્સ ઑફ સ્વામી વિવેકાનંદ,Vol-4, Page No:182)

જગતનો અંત થાય કે ન થાય પરંતુ એક બાબત ચોક્કસ છે કે એક દિવસ કે બીજા દિવસે આપણે બધાંએ આ જગતને છોડીને જવાનું છે. તેથી એ જાણવું જરૂરી છે કે હું કોણ છું ? મરણ પછી હું ક્યાં જઈશ ? પવિત્ર બાઈબલ તે વિશે શું જણાવે છે તે નીચે પ્રમાણે છે :

### આકાશ અને પૃથ્વીની ઉત્પત્તિ અને માનવીનું પાપમાં પતન

આદિએ ઈશ્વરે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં.ત્યારબાદ ઈશ્વરે પોતાની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું.ઈશ્વરે ભૂમિની માટીનું માણસ બનાવ્યું, ને તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફૂંક્યો;અને માણસ સજીવ પ્રાણી થયું.અને યહોવા ઈશ્વરે આદમને ભર ઊંઘમાં નાખ્યો; અને તે ઊંઘી ગયો ત્યાર પછી તેમણે તેની પાંસળીઓમાંની એક લઈને તેને ઠેકાણે માંસ ભર્યું;અને યહોવા ઈશ્વરે જે પાંસળી માણસમાંથી લીધી હતી, તેની એક સ્ત્રી બનાવીને માણસની પાસે તેઓ લાવ્યાં. અને



યહોવા ઈશ્વરે પૂર્વ તરફ એદનમાં એક વાડી બનાવી; અને તેમાં પોતાના બનાવેલા માણસને રાખ્યું.અને યહોવા ઈશ્વરે તે માણસને એવો હુકમ આપ્યો કે,''વાડીના હરેક વૃક્ષ પરનું ફળ તું ખાયા કર; પણ ભલુંભૂંડં જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે.'' શેતાનથી પરીક્ષણ પામીને તે સ્ત્રીએ ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરીને ફળ તોડીને ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું,ને તેણે ખાધું.આ પ્રમાણે માનવજાતમાં પાપનો પ્રસાર થયો.અને યહોવાએ જોયું કે માણસની ભૂંડાઈ પૃથ્વીમાં ઘણી થઇ,ને તેઓના હૃદયનાં વિચારની હરેક કલ્પના નિરંતર ભૂંડી જ છે.અને યહોવાએ પૃથ્વી પર માણસ ઉત્પન્ન કર્યું, તેનો તેને પશ્ચાત્તાપ થયો, ને હૃદયમાં તે ખેદિત થયો. (ઉત.1 – 6)

## અંતસમયની નિશાનીઓ

કેમ કે પ્રજા પ્રજાની વિરુદ્ધ, તથા રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઊઠશે, દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપ થશે. પણ એ બધાં તો દુઃખોનો આરંભ જ છે. અને તે વેળાએ ઘણા ઠોકર ખાશે, ને એકબીજાને પરસ્વાધીન કરાવશે, ને એકબીજા પર વૈર રાખશે. અને જૂઠા પ્રબોધકો (જેઓ ભવિષ્ય ભાખશે ) ઘણા ઊઠશે, ને ઘણાને ભુલાવશે, અને અન્યાય વધી જવાના કારણથી ઘણાખરાનો પ્રેમ ઠંડો થઈ જશે.પણ અંત સુધી જે કોઈ ટકશે તે જ તારણ પામશે. અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે; અને ત્યારે જ અંત આવશે. (માથ.24:7-14)

## જગતનો અંત ક્યારે આવશે અને અંત સમયે શું થશે ?

પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દિવસ આવશે; તે વેળાએ આકાશો મોટી ગર્જનાસહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે. (2 પિત.3:10)

**આશરે ૨૦૦૦ વર્ષો પહેલાં યોહાન, ઈસુ ખ્રિસ્તનો વ્હાલો શિષ્ય જેને પ્રકટીકરણનું સંદર્શન થયું હતું. જેની નોંધ નીચે પ્રમાણે કરી છે.**

તો મોટો ધરતીકંપ થયો; અને સૂર્ય નિમાળાના કામળા જેવો કાળો થયો, અને આખો ચંદ્ર લોહી જેવો થઈ ગયો; અને જેમ ભારે પવનથી અંજીરી હાલી ઊઠે છે, અને તેનાં કાચાં ફળ તૂટી પડે છે, તેમ આકાશમાંના તારાઓ પૃથ્વી પર પડ્યા.વળી આકાશ વાળી લીધેલા ઓળિયાની પેઠે જતું રહ્યું; અને દરેક પહાડ તથા બેટને પોતપોતાને ઠેકાણેથી ખસેડવામાં આવ્યા. જગતના રાજાઓ, મોટા માણસો, સેનાપતિઓ, શ્રીમંતો, પરાક્રમીઓ તથા દરેક દાસ તથા સ્વતંત્ર, એ તમામ ગુફાઓમાં

તથા પહાડોના ખડકોને ઓથે સંતાઈ ગયા; તેઓ પહાડોને તથા ખડકોને કહે છે કે, "અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો; કેમ કે તેઓના કોપનો મોટો દહાડો આવ્યો છે; અને કોનાથી ઊભું રહેવાય? " (પ્રક્ટી.6:12-17)

## શા કારણે ઈશ્વરે નર્કની ઉત્પત્તિ કરી ?

ન્યાયકરણના દિવસે ઈશ્વર ડાબી તરફનાઓને પણ તેઓ કહેશે કે, "ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ. કેમ કે હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ; હું તરસ્યો હતો, પણ તમે મને પાણી પાયું નહિ; હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ; નગ્ન હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ; માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિ." ત્યારે તેઓ પણ તેમને ઉત્તર દેશે કે," પ્રભુ, ક્યારે અમે તમને ભૂખ્યા કે, તરસ્યા કે, પારકા કે, નગ્ન,માદા કે, કેદમાં દેખીને તમારી સેવા નહિ કરી?" ત્યારે તેઓ તેઓને ઉત્તર દેશે, "હું તમને ખચીત કહું છું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ, એટલે તે મને કર્યું નહિ." અને તેઓ સાર્વકાલિક શાસનમાં ( નર્કમાં )જશે, પણ ન્યાયીઓ સાર્વકાલિક જીવનમાં (તારણ કે મોક્ષ) જશે. (માથ.25:41-46)

## આપણાં મરણ પછી શું થશે ?

જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે; (હિબ્રૂ.9:27)

## ન્યાયશાસનને બે પ્રકારમાં વહેંચવામાં આવે છે

**1.** સ્વર્ગમાં પ્રવેશ પામતાં પહેલાં જેઓનાં પાપ માફ કરવામાં આવ્યાં છે તેઓ દરેકને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે. કેમ કે દરેકે શરીરમાં રહીને જે જે ભલું કે ભૂડું કર્યું હશે તે પ્રમાણે ફળ કે ઈનામ આપવામાં આવશે કદાચ મુગટ,ઈનામ અને વેતન આપવામાં આવશે. (2 કરિંથી 5:10)

**2.** જેઓનાં પાપ માફ નથી કરવામાં આવ્યાં તેઓ દરેકને જગતનાં અંત વખતે એક મોટા શ્વેત રાજ્યાસનની આગળ ઊભાં રહેવું પડશે જ્યાં પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં.તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો.અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો.જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડ્યો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો. (પ્રક્ટી.20:12-15)





"પણ બીકણો, અવિશ્વાસીઓ, ભ્રષ્ટ થયેલા, ખૂનીઓ,વ્યભિચારીઓ, જાદુક્રિયા કરનારા, મૂર્તિપૂજકો તથા સઘળા જૂઠાઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે; એ જ બીજું મરણ છે." જ્યાં તેઓનો કીડો મરતો નથી, ને અગ્નિ હોલવાતો નથી, કેમ કે અગ્નિથી હરેક સલૂણું કરાશે. (પ્રક્ટી.21:8,,માર્ક 9:48)

## નર્કમાંથી છૂટકારો પામીને સ્વર્ગમાં આપણે શા માટે પ્રવેશ કરવો જોઈએ ?

1. અને જુઓ, એક શ્રીમંતે ઈસુની પાસે આવીને કહ્યું કે,"ઉપદેશક, સર્વકાળનું જીવન (મોક્ષ)પામવા સારુ હું શું સારું કરું?" ત્યારે ઈસુએ તેને કહ્યું,"જો તું સંપૂર્ણ થવા ચાહે છે, તો જઈને તારું જે છે તે વેચી નાખ, ને દરિદ્રીઓને આપી દે, એટલે આકાશમાં તને દ્રવ્ય મળશે; અને આવીને મારી પાછળ ચાલ." પણ તે જુવાન એ વાત સાંભળીને દિલગીર થઈને ચાલ્યો ગયો, કેમ કે તેની મિલકત ઘણી હતી. ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે,"હું તમને ખચીત કહું છું કે દ્રવ્યવાનને આકાશના રાજયમાં પેસવુ કઠણ છે.વળી હું તમને ફરીથી કહું છું કે દ્રવ્યવાનને દેવના રાજયમાં પેસવું મુશ્કેલ છે." "આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે." (માથ.19: 16-26, 5:3)
2. ઈસુ માર્થાને કહે છે કે, પુનરુત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તોપણ જીવતો થશે; અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહિ જ; તું શું એવો વિશ્વાસ રાખે છે? (યોહાન 11:25-26)
3. "બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી." (પ્રે.કૃ.4:12)
4. "તેમને (ઈસુ)વિષે સઘળા પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ.10:43)

## 06-04-2012ના રોજ શિવમોગા જિલ્લાનાં સર્વ સ્થાનિક દૈનિક અખબારોમા પ્રકાશિત લેખ.

### 18. ઈસુ ખ્રિસ્ત દ્વારા વધસ્તંભ પર ઉચ્ચારવામાં આવેલી સાત વાણીઓ

➢ **જેઓ ઈસુ પર નિર્દયતાથી પીડા આપી રહ્યા હતાં તેઓ તરફ જોઈને ઈસુએ કહ્યું:**

**1. "હે પિતા, તેઓને માફ કરો; કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી."**

(લૂક 23:34)

➢ એક ચોર જેને પણ ઈસુની પાસે વધસ્તંભ પર જડવામાં આવ્યો હતો અને જેણે પોતાના પાપની કબૂલાત કરીને સ્વર્ગ માટેની ઈસુને વિનંતી કરી હતી તેની તરફ જોઈને ઈસુએ કહ્યું :

**2. "હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં (સ્વર્ગમાં) હોઈશ."**

(લૂક 23:43)

➢ જ્યારે ઈસુએ પોતાની માને તથા જેના પર પોતે પ્રેમ રાખતા હતા તે શિષ્યને પાસે ઊભા રહેલાં જોયાં, ત્યારે તેમણે કહ્યું :

**3. "બાઈ જો, તમારો દીકરો! ત્યાર પછી તઓ તે શિષ્યને કહે છે કે, જો તારી મા!"**

(યોહાન 19:26-27)

➢ જ્યારે ઈસુ આપણાં પાપોને માટે ઈશ્વરના સંપૂર્ણ ન્યાયશાસનનો ભાર સહન કરી રહ્યા હતાં અને આત્મિક અલગતા અનુભવતા હતાં, ત્યારે તેમણે કહ્યું :

**4. "એટલે મારા દેવ, મારા દેવ, તમે મને કેમ મૂકી દીધો છે?"** (માર્ક 15:34)

➢ ઈસુને આગલી રાત્રે પકડવામાં આવ્યાં હતાં અને બીજા દિવસે સવારના ૯ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી તેઓ વધસ્તંભ પર વેદના સાથે જડાયેલા રહ્યાં.શાસ્ત્રવચન પૂર્ણ થાય માટે તેમણે કહ્યું :

**5. "મને તરસ લાગી છે."** (યોહાન 19:28)

➢ જ્યારે ઈસુએ વધસ્તંભ પર ઉદ્ધારકાર્ય પૂર્ણ કર્યું ,ત્યારે તેમણે કહ્યું :

**6. "સંપૂર્ણ થયું;"** **(યોહાન 19:30)**

➢ જ્યારે ઈસુએ વધસ્તંભ પર ઈશ્વરપિતાની ઈચ્છાને પરિપૂર્ણ કરી ,ત્યારે તેમણે મરણ પામતાં કહ્યું :

**7. "ઓ પિતા , હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું;"** (લૂક 23:46)



ઈશ્વરે સમગ્ર જગતના પાપનો ભાર ઈસુ ખ્રિસ્ત પર મૂક્યો હતો. ઈસુ જેઓ પાપરહિત પવિત્ર હોવા છતાં પણ તેમણે આપણાં પાપો માથે લીધાં, વધસ્તંભ પર શારીરિક તથા આત્મિક રીતે ૬ કલાક સુધી સહન કર્યું અને મરણ પામતાં **"સંપૂર્ણ થયું" એટલે કે લોકોને તેઓનાં પાપથી ઉદ્ધાર કરવાનું કાર્ય પૂર્ણ થયું**. તેથી જે દિવસે પાપના બંધનમાંથી ઉદ્ધાર થવાનું કાર્ય પૂર્ણ થયું તે દિવસને **"ભલો શુક્રવાર"** "ગુડફ્રાઈડે" તરીકે ઓળખીએ છીએ.

~*~*~*~*~*~

## 06-12-2013ના રોજ શિવામોગા સ્થાનિક દૈનિક અખબારમાં પ્રકાશિત એક લેખ.

### 19. ઈસુ ખ્રિસ્તના શિક્ષણનો પ્રચાર સમગ્ર વિશ્વમાં

**"બીજાઓનાં કલ્યાણ માટે તમારું જીવન સમર્પિત કરો : મહાન બલિદાનથી જ મહાન કાર્ય શક્ય બને છે. જે વ્યક્તિ પોતાના હૃદયના લોહી દ્વારા બીજાઓ માટે માર્ગ તૈયાર કરે છે તે એક મહાન વ્યક્તિ છે."** **- સ્વામી વિવેકાનંદ**

(વિદ્યુત વાણી પાના નં.6 અને 7)

લગભગ ૨૦૨૦ વર્ષો પહેલાં, ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં માનવી દેહમાં અવતાર ધારણ કરીને 33 ½ વર્ષો જીવ્યા હતાં. પૃથ્વી પરના તેમના જીવનના છેલ્લા 3 ½ વર્ષ દરમ્યાન ઇઝરાએલ દેશની ભૂમિમાં દુશ્મનાવટ, સ્વાર્થીપણું અને ભ્રષ્ટાચારથી ખદબદતી આ દુનિયાને ઈશ્વરના રાજ્ય વિશે પ્રચાર કર્યો. પોતાના સેવાકાર્યની શરૂઆતમાં તેમણે ૧૨ શિષ્યોને પ્રેરિતો નામ અપાવીને પસંદ કર્યાં. તેમણે તેઓને આજ્ઞાઓ કરી. "જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા હું તમને મોકલું છું." અને ઇઝરાએલનાં લોકોને કહ્યું, "ઈશ્વરનું રાજ્ય તમારી પાસે આવ્યું છે. પાપનો પસ્તાવો કરો તથા તારણ પામો. શિષ્યોએ હરખાતાં હરખાતાં પાછા આવીને કહ્યું કે, "પ્રભુ, તમારા નામથી ભૂતો પણ અમારે તાબે થયાં છે,ઈસુએ કહ્યું " પરંતુ આત્માઓ તમારે તાબે થયા, તેને લીધે તમે હરખાશો નહિ, પણ તમારાં નામ સ્વર્ગમાં લખેલાં છે, તેને લીધે હરખાઓ."

ત્યારે પિતરે ઈસુને પૂછ્યું, "જો, અમે બધું મૂકીને તમારી પાછળ આવ્યા છીએ, તો અમને શું મળશે ? અને ઈસુએ તેઓને કહ્યું, "અને જે કોઈએ ઘરો,ભાઈઓ,બહેનો,માતપિતાઓ,બાળકો અને ખેતરો મારા નામને ખાતર પડતા મૂકી દીધા છે,તેઓ સોગણાં પામશે અને અનંતજીવનનો વારસો પામશે." માથ્થી ૧૯:૨૯. પુનરુત્થાન બાદ ઈસુએ તેમના સ્વર્ગારોહણ પહેલાં પૃથ્વી પરનાં ચાલીસ દિવસો દરમ્યાન પોતાનાં શિષ્યોને અગિયાર વખત દર્શન આપ્યું. ઈસુને આકાશમાં લઈ લેવામાં આવ્યાં તે પહેલાં, તેમણે પોતાનાં શિષ્યોને કહ્યું, "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." **"આખા જગતમાં જઈએ આખી સૃષ્ટિને સુવાર્તા (મોક્ષનો માર્ગ)પ્રગટ કરો."**

બાર શિષ્યો વૈભવી જીવન જીવવા માટે કે કોઈ ખ્યાતિ કે નામ માટે ઈસુને અનુસર્યા ન હતા. હકીકતમાં, ઈસુએ તેઓને ક્યારેય મુશ્કેલીમુકત જીવનનું વચન આપ્યું ન હતું કે પૃથ્વી પર સુંદર ભવિષ્યની લાલચ આપી ન હતી. જો કે શિષ્યો પાસે યરૂશાલેમ શહેરમાં અથવા ગાલીલની ભૂમિમાં આરામદાયક જીવન જીવવાની યોજના ઘડવા માટેની દરેક તક હતી. તેમ છતાંએ તેઓએ સ્વેચ્છાપૂર્વક જીવન જીવવા માટે જોખમભર્યો કે ધમકીઓથી ભરેલો માર્ગ પસંદ કર્યો. તેઓએ વિચરતી જાતિની જેમ-ભટકતું જીવન જીવીને શાંતિ, પ્રેમ અને સમાધાનના ઉપદેશનો પ્રચાર કર્યો. ઈસુ ખ્રિસ્તે આ જ ઉપદેશ તેઓને શીખવ્યો હતો.

## જે રીતે ઈસુએ 12 પ્રેરિતોને પસંદ કર્યા અને તેઓનો નિર્ણય

(માથ્થી 10:2-4; માર્ક 3:16-19;લૂક 6:14-16)

અને ઈસુ ગાલીલના સમુદ્રને કાંઠે ચાલતા હતા તેવામાં તેમણે સિમોન તથા તેના ભાઈ આન્દ્રિયાને સમુદ્રમાં જાળ નાખતા દીઠા; કેમ કે તેઓ માછલાં પકડનારા હતા.અને ઈસુએ તેઓને કહ્યું કે, મારી પાછળ આવો, ને હું તમને માણસોને પકડનારા કરીશ.અને તરત તેઓ પોતાની જાળો મૂકીને તેની સાથે ગયા. (માર્ક 1:16-18)



1. **પિતર** : પિતર એક માછીમાર હતો અને ઈસુના વ્હાલાં શિષ્યોમાંનો એક શિષ્ય હતો. તે મજબૂત મનનો માણસ હતો, તેમ છતાં તેનામાં પણ નબળાઈઓ હતી. જ્યારે ઈસુ ખ્રિસ્તે આ નમ્ર વ્યક્તિને પોતાની પાસે બોલાવ્યો ત્યારે તેણે ઘૂંટણીયે પડીને કહ્યું, "ઓ પ્રભુ, મારી પાસેથી જાઓ; કારણ કે હું પાપી માણસ છું." તે એક સીધો સાદો અને પ્રેમાળ પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિ હતો. તેણે ઈસુની આગળ કબૂલાત કરી હતી કે, "તમે મસીહ, જીવતા ઈશ્વરના દીકરા છો. તમારી પાસે અનંતજીવનને લગતાં વચનો કે બોધ છે." ખ્રિસ્તે પિતરને તાલીમ આપી હતી. તેમણે અન્ય કોઈપણ શિષ્યને તાલીમ આપી ન હતી. તેમણે પિતરને જેટલો ઠપકો આપ્યો હતો તેટલો તેમણે અન્ય કોઈ શિષ્યની પ્રશંસા કે નિંદા કરી ન હતી. જો કે તે કોઈ મહાન વિદ્વાન ન હતો, તો પણ ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાન બાદ, તેણે એકલાંએ કરેલાં ઈશ્વરનાં વચનોના બોધથી ૩૦૦૦ લોકોને ઈસુ ખ્રિસ્ત તરફ દોરી લાવ્યો. તેના પડછાયાથી લોકો સાજાપણું પામતા હતા. ઈશ્વરે તેનો સામર્થ્યપૂર્વક ઉપયોગ કર્યો. ઈસુના પુનરુત્થાન બાદ, તેણે હિંમતથી ઈશ્વરના વચનનો ઉપદેશ કર્યો. જ્યારે તેને રોમ શહેરમાં વધસ્તંભ પર જડવામાં આવતો હતો, ત્યારે તે ખ્રિસ્તની જેમ મરણ પામવાને યોગ્ય નથી તેમ જણાવીને તેને વધસ્તંભ પર ઉંધા મોઢે લટકાવીને મારી નાખવાની વિનંતી કરી. અને તેની વિનંતી પ્રમાણે તેની હત્યા કરવામાં આવી. **વધ કરાએલ વર્ષ :ઈ.સ. 64**

2. **આન્દ્રિયા** :તે પિતરનો ભાઈ હતો અને અગાઉ તે યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય હતો. એક વખતે યોહાન બાપ્તિસ્મા કરનારે ઈસુને જોઈને કહ્યું, "જુઓ, ઈશ્વરનું હલવાન, જે જગતનું પાપ દૂર કરે છે." ત્યારે આન્દ્રિયાએ ઈસુને અનુસરવાનું શરૂ કર્યું. તે એ છે કે જે પિતરને ઈસુની પાસે દોરી લાવ્યો. જો કે તે યોહાન બાપ્તિસ્મા કરનાર દ્વારા અગાઉથી તાલીમ પામેલો અને સક્ષમ આગેવાન હોવા છતાં, તે પિતરની સાથે રહ્યો અને ઘણાં બધાં લોકોને ખ્રિસ્ત તરફ દોરી જતા સેવાકાર્યમાં તે કરોડ રજ્જૂ સમાન ઊભો રહ્યો. તેમજ ખ્રિસ્તની મંડળીનાં બાંધકામમાં ખૂબજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે આપણા બધા માટે એક રોલ-મોડેલ સમાન છે. અંતમાં, તેને એવી જગ્યાએ નિર્દયતાપૂર્વક ચાબૂકથી મારવામાં આવ્યો, જ્યાં આશરે ૩૦૦૦ કરતાં વધારે લોકોમાં ઈશ્વરના વચનનો પ્રચાર કરવામાં આવ્યો, જ્યાં સુધી તેને મૃત પામેલો જાહેર કરવામાં ન આવ્યો ત્યાં સુધી બે દિવસ સુધી " x" આકારના વધસ્તંભ પર લટકાવી રાખવામાં આવ્યો. જેઓ તેને પીડા આપતા હતા તથા લોકોને મારી નાખતા હતા તેઓને તેણે જીવનના છેલ્લાં શ્વાસ સુધી ઈસુનો પ્રેમ તથા તારણનો ઉપદેશ આપતો રહ્યો. **વધ કરાએલ વર્ષ : ઈ.સ.70**

**3.** **યાકૂબ** : યાકૂબ યોહાનનો મોટો ભાઈ હતો અને તે ઈસુ ખ્રિસ્તનો દૂરનો સંબંધી હતો અને તેથી તે કદાચ ઈસુ ખ્રિસ્તને બાળપણથી ઓળખતો હતો. તે "ગર્જનાનો દીકરો"ના ઉપનામ તરીકે ઓળખાતો. તે પણ ઈસુના સેવાકાર્યમાં સામેલ થયો હતો. તેનો ઘૂંટણ ઊંટના પગ જેવાં ખરબચડા હતા કારણ કે તે હંમેશાં તેના ઘૂંટણો પર પ્રાર્થના કરતો હતો, એકવાર ઈસુ પિતર, યોહાન તથા યાકૂબને તેડીને પ્રાર્થના કરવા માટે ઊંચા પહાડ પર ગયા, જ્યાં ઈસુનું રૂપાંતર તેઓની નજર સામે થયું. તેમના ચહેરાનું સ્વરૂપ સુર્યની જેમ પ્રકાશતું હતું તેમજ તેમનાં વસ્ત્ર ઊજળાં તથા ચળકતાં થયાં. આ ઉપરાંત બીજો એક વિશેષ પ્રસંગ હતો,જ્યારે ઈસુ પિતર, યાકૂબ તથા યોહાનને ગેથસેમાને વાડીમાં પ્રાર્થના કરવા ગયા, કેમકે તેમનો વધસ્તંભ પર જડવાનો સમય નજીક આવી રહ્યો હતો. સ્પેનના રાજા હેરોદે રાજાએ ઘણાં બધાં વિશ્વાસીઓને યાતનાઓ આપી હતી એટલું જ નહિ પણ તેમણે યાકૂબનો તલવારથી શિરચ્છેદ પણ કરાવ્યો હતો.તે ઈસુના પ્રથમ શિષ્ય (પ્રેરિત) હતો જે શહીદ થયો હતો. **વધ કરાએલ વર્ષ : ઈ.સ. 44-45**

4. **યોહાન** : યોહાન, યાકૂબનો ભાઈ તે પણ "ગર્જનાનો દીકરો" તરીકે ઓળખાતો હતો. તે ઈસુનો સૌથી વહાલો શિષ્ય હતો, જે હંમેશાં ઈસુની છાતીને અઢેલીને રહેતો હતો. જ્યારે ઈસુને વધસ્તંભ પર જડવામાં આવ્યાં, ત્યારે બીજા બધાં શિષ્યો બીકનાં માર્યા નાસી છૂટ્યાં હતાં, પરંતુ આ શિષ્ય ઈસુની સાથે રહેલો. અને તેના તરફ જોઈને ઈસુએ પોતાની માતાને "જો તારો દીકરો" અને પછી ઈસુ યોહાનને કહે છે કે, "જો તારી મા". તે સમયથી તેણે ઈસુની માતાની ખૂબ જ પ્રેમથી પોતાના ઘરમાં સંભાણ રાખી હતી. તેની પાસે કેટલો બધો મહાન આશીર્વાદ ! એક વખત તેઓને ઊકળતા તેલમાં નાખવામાં આવ્યાં હતાં, પરંતુ ઈશ્વરે તેને કોઈપણ જાતની ઈજા કર્યા વગર બચાવ્યો હતો."કેમ કે જે કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે, પણ જે કોઈ મારે લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચાવશે." ઈસુના આ શબ્દો તેમના જીવનમાં સાચાં પડતાં જોવા મળી છે.જ્યારે યોહાનને પાત્મસ નામે બેટમાં દેશનિકાલ કરવામાં આવ્યો, ત્યારે ત્યાં તેને ઈસુનું દર્શન થયું. તેમજ જગતનાં અંતમાં શું શું



બનવાનું છે તેનું સંદર્શન આપવાની કૃપા બક્ષવમાં આવી. જેનું વર્ણન બાઈબલનાં પ્રક્ટીકરણના પુસ્તકમાં કરવામાં આવ્યું છે. તે એકમાત્ર શિષ્ય છે જેનું તેની પાકટવયે ખૂબ જ વૃદ્ધાવસ્થામાં કુદરતી મૃત્યુ થયું હતું. **મરણ વર્ષ : ઈ.સ.94**

5. **ફિલિપ** : ફિલિપ નામના શિષ્યનો ઉલ્લેખ યોહાન રચિત સુસમાચારમાં મુખ્ય રીતે થયેલ છે, ખાસ કરીને ગ્રીક સમુદાય સાથેના સંદર્ભમાં. ગ્રીક નામ ધરાવવાના અને શક્ય તેટલા ગ્રીક ભાષા પ્રવીણ હોવાના કારણે, ફિલિપ ઘણીવાર ગ્રીક સમુદાયના લોકોને પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ જોડાવવાનો એક પુલ બન્યા હતા. છેલ્લા પ્રભુ ભોજન દરમિયાન, ફિલિપે ઈસુને પૂછ્યું, "પ્રભુ, અમને પિતા બતાવો, એટલે અમારે બસ છે." આ વિનંતી એક ઊંડી ક્ષણ તરફ દોરી ગઈ, જ્યાં પ્રભુ ઈસુએ પિતા અને પુત્રની એકતા વિશે શિક્ષણ આપ્યું. નવા કરારમાં ફિલિપને પ્રેરિતોમાં સતત પાંચમું સ્થાન આપવામાં આવ્યું છે. પરંપરા મુજબ, હિરાપોલિસ શહેરમાં તેમનું શિરચ્છેદ કરીને શહીદ કરવામાં આવ્યા હતા. તેમને ઘણી વાર લેટિન ક્રોસના ચિહ્ન દ્વારા દર્શાવવામાં આવે છે, જે તેમના વિશ્વાસ અને શહાદતને પ્રગટાવે છે. ફિલિપ સાથે સંકળાયેલા અન્ય પ્રતીકોમાં બે રોટલી સાથેનો ક્રોસ, બ્રેડની ટોપલી, પિતૃસત્તાક ક્રોસ સાથેનો ભાલો અને સુથારના ચોરસ સાથે જોડાયેલ ક્રોસનો સમાવેશ થાય છે. જુલાઈ ૨૦૧૧માં, પુરાતત્વવિદોએ તુર્કીના ડેનિઝલી નજીક હિરાપોલિસમાં ફિલિપની કબર શોધી કાઢી. તાજેતરમાં શોધાયેલા ચર્ચમાં, શિલાલેખો અને કબરની અનોખી ડિઝાઈન તેને શહીદ પ્રેષિતની કબર તરીકે ઓળખાવે છે. આ નોંધપાત્ર શોધ ફિલિપના અંતિમ વિશ્રામ સ્થાનની ઐતિહાસિક પુષ્ટિ પૂરી પાડે છે, જેનો તુર્કી સમાચાર સ્ત્રોતો દ્વારા અહેવાલ આપવામાં આવ્યો છે. **વધ કરાએલ વર્ષ : ઈ.સ.54**

**6. બર્થોલ્મી** : તે મૂસાના નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોના લખાણો જેમાં મસીહા એટલે કે ઈસુ ખ્રિસ્ત તારનાર જેમના સંબંધી લખવામાં આવ્યું તે વિશે અભ્યાસ કરતો હતો અને મસીહાની રાહ જોતો હતો. તે ઇઝરાયેલી હતો, જે ઈસુના શિષ્ય ફિલિપ દ્વારા તેમને મળવા માટે આવ્યો હતો. પ્રભુ ઈસુ તેને ખરો

ઈઝરાયેલી તરીકે જેનામાં કંઈ પણ કપટ નથી તરીકે ઓળખાવે છે. તેણે ઉત્તર આપ્યો, "રાબ્બી, તમે ઈશ્વરના દીકરા છો ! તમે ઈઝરાયલના રાજા છો." ઈસુ સાથેનો થોડોક ઈન્ટરવ્યુ - મુલાકાતે તેને ઈસુનો સાચો શિષ્ય બનાવી દીધો. તે પ્રાર્થનાવાદી આગેવાન હતો જે પ્રેરિતોની સાથે પ્રાર્થનામાં જોડાયેલો રહ્યો. પ્રેરિતોના સમયમાં મંડળીઓની સ્થાપનામાં સૌથી મહત્વપૂર્ણ આગેવાનોમાં તેનો સમાવેશ થતો હતો. તેણે ભારત અને આર્મેનિયન દેશોમાં જુસ્સાભેર ઉપદેશ કર્યો. અંતમાં તેને નિર્દયતાથી મારવામાં આવ્યો, જીવતાં જીવતાં તેની ચામડી ઉતારી લેવામાં આવી અને ત્યારબાદ તેનો વધસ્તંભ પર વધ કરવામાં આવ્યો. વધ કરાએલ વર્ષ : ઈ.સ.**70**

**7.** **થોમા :** તે પણ એક માછીમાર હતો. ઈશ્વરમાં તેનો વિશ્વાસ અંધ માનવીની જેમ ન હતો. જ્યારે તેણે ઈસુ ખ્રિસ્તના પુનરૂત્થાન પર શંકા કરી રહ્યો હતો, ત્યારે ઈસુએ બધા શિષ્યોની વચ્ચે તેને દર્શન આપ્યું હતું. આ શિષ્યને જ ઉત્થાન પામેલાં પ્રભુ ઈસુને જોવાની તથા સ્પર્શ કરવાની અજોડ તક અને આશીર્વાદ પ્રાપ્ત થયેલો હતો. ઈ.સ. પર માં તેઓ ભારતના કેરાલા રાજ્યમાં આવ્યાં. જ્યાં તેઓએ ૧૦ વર્ષ સેવાઓ આપી. ત્યારબાદ તેમણે ચેન્નાઈમાં આશરે ૧૦ વર્ષ સેવાઓ આપી તથા ભારતના લોકોને પ્રભુ ઈસુની સુવાર્તા પ્રગટ કરી. જ્યાં મંદિરના પુજારીઓએ ભાલાથી વધ કરીને, તેમને સળગતી ભઠ્ઠીમાં નાખીને મારી નાખ્યાં. તેઓ ભારતમાં મરણ પામનાર ખ્રિસ્તના એકમાત્ર પ્રેરિત હતા. સમગ્ર વિશ્વમાં ફક્ત ત્રણ જ ચર્ચો છે જેમને પ્રેરિતોની કબર પર બાંધવામાં આવ્યાં છે. જેમાં સંત પિતર વેટીકનમાં, સંત જેમ્સ સ્પેનમાં અને સંત થોમા ચેન્નાઈ ભારતમાં છે. ભારત સરકાર દ્વારા સંત થોમાની યાદગીરીરૂપે ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી છે.







વધ કરાએલ તારીખ : **03-07-0072** સ્થળ : મૈલાપૂરા, ચેન્નાઈ-ભારત.



**8.** **માથ્થી :** માથ્થી દાણી રોમન સરકારના તાબા હેઠળ કફર-નહૂમમાં કર ઉઘરાવનાર હતો. તે ધનવાન તથા શિક્ષિત ગુણવત્તાથી સભર હતો. જ્યારે ઈસુએ તેને ટોલની ચોકી પર બેઠેલો જોઈને કહ્યું, "મારી પાછળ ચાલ." તે તરત જ ઈસુના તેડાને આધીન થઈને, પોતાની નોકરી છોડીને, પોતાની મિલકતોને બાજુ પર મૂકીને ઈસુની પાછળ અનુસરવાનું નક્કી કર્યું. ઘણા બધાં કર ઉઘરાવનારાઓ અને અન્ય અપ્રતિષ્ઠિત પાપીઓ સાથે, તેમણે ઈસુ તથા શિષ્યોને રાત્રિ-ભોજનના મહેમાનો તરીકે તેના ઘરે આમંત્રણ આપવામાં તે ખુશી અનુભવતો હતો. તેણે દરેકનો ઈસુની સાથે પરિચય કરાવ્યો. જેથી તેઓ પણ આશીર્વાદ પામે. અરામી, ગ્રીક, હિબ્રૂ અને લેટિન ભાષાઓમાં તેની સારી પકડ હતી. તેણે ઈથોપિયા, પર્શિયા અને સિરિયામાં સેવાકાર્ય કર્યું તથા આ દેશોમાં તેણે ત્યાં મંડળીઓની સ્થાપના કરી. તેણે અરામી ભાષામાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિશે સુવાર્તા પણ લખી. તેને ભાલાથી મારી નાખવામાં આવ્યો.

વધ કરાએલ વર્ષ : ઈ.સ.**60-70**

**9.** **યાકૂબ -અલ્ફીનો દીકરો :** તેના ભાઈ માથ્થીની જેમ, યાકૂબ પણ ઈસુનો એક શિષ્ય હતો. જે પણ ઈસુને અનુસરવા લાગ્યો. પ્રભુ ઈસુના ઉત્થાન બાદ યરૂશાલેમમાં પ્રભુ ઈસુની સુવાર્તાપ્રચાર દ્વારા ઘણી બધી મજબૂતાઈથી ત્યાં મંડળીઓની સ્થાપના કરી. જ્યારે યાકૂબ દિવાલ પર ઉપદેશ આપી રહ્યો હતો ત્યારે ધાર્મિક આગેવાનોએ તેને નીચે ફેંકી દીધો. જો કે તે સદ્ભાગ્યે બચી ગયો. જ્યારે લોકોને જાણ થઈ કે તે મરણ પામ્યો નથી તેથી તેઓએ તેને માર માર્યો, પથ્થરો માર્યા તથા કપડાં ધોવા માટે વપરાતી લાકડી-સ્ટીકથી ફટકાઓ માર્યા. જેથી તેનું મગજ બહાર આવી ગયું. આમ તે મરણ પામ્યો.

વધ કરાએલા વર્ષ : ઈ.સ. **63**

**10.** **થદ્દી :** તે પણ યાકૂબનો દીકરો જે યહૂદા પણ કહેવાતો હતો. એકવાર તેણે ઈસુને પ્રશ્ન કર્યો, "પ્રભુ તમે અમારી આગળ પોતાને પ્રગટ કરશો, અને જગતની આગળ નહિ, એનુ શું કારણ છે ?" ઈસુએ ઉત્તર આપ્યો, "જો કોઈ મારા પર પ્રેમ રાખતો હશે, તો તે મારું વચન પાળશે; અને મારા પિતા તેના પર પ્રેમ રાખશે, અને તેની પાસે આવીને અમે તેની સાથે

રહીશું.અને જે વચન તમે સાંભળો છો તે મારું નથી, પણ પિતા જેમણે મને મોકલ્યો છે તેમનું છે.'' થદ્દી જ પ્રથમ શિષ્ય હતો,જેણે યરૂશાલેમ છોડીને વિદેશી ધરતી પર સુવાર્તાનો પ્રચાર કર્યો. તેણે પર્શિયા અને ઉત્તર પર્શિયા દેશમાં અનંતજીવન વિશે પ્રચાર કરીને ઘણાં બધાંને ખ્રિસ્તની પાસે દોરી લાવ્યો. થદ્દી જ્યારે આર્મેનિયામાં હતા ત્યારે તેમને લાકડીનાં ફટકાઓ મારીને તેમનું મરણ નિપજાવવામાં આવ્યું હતું. **વધ કરાએલ વર્ષ : ઈ.સ.72**

**11.** સિમોન કનાની (ઝલોટસ) : તે પણ ઝેલોતસમાંનો એક હતો. જેઓ રોમન સામ્રાજ્યની વિરુદ્ધ બંડ પોકારતા હતા અને તેઓએ ઘોષણા કરી હતી કે ઈશ્વરે યહૂદીઓ પર રાજ્ય કરવું જોઈએ. તે એવી માન્યતા ધરવતો હતો કે તલવારની ધાર પર રાજ્ય સ્થાપી શકાય છે. પરંતુ ઈસુ ખ્રિસ્તના શિષ્ય બન્યા બાદ, તે જાણી શક્યો કે રાજ્ય ફક્ત પ્રેમ દ્વારા જ સ્થાપી શકાય અને તે મુજબ તે નમ્ર બન્યો. યહૂદા ઇશ્કારિયોત જે વિશ્વાસઘાતી હતો તેની જેમ તે પણ માનતો હતો કે ઈસુ તેઓને રોમનોના હાથમાંથી છોડાવશે. જ્યારે યહૂદા ઇશ્કારિયોતે ઈસુનો વિશ્વાસઘાત કરીને તેણે આપઘાત કર્યો. જ્યારે આ સિમોન ઝેલોતસે ઈસુની ખાતર મરણ પામ્યો. આ શિષ્યે ગ્રેટ બ્રિટન, ઈજીપ્ત, આફ્રિકા, બારાઉની, લિબિયા અને અન્ય દેશોમાં સુવાર્તાનો પ્રચાર કર્યો. સિમોન ઝેલોતસ જેમણે ઈશ્વરના પ્રેમને ઘણાં બધાં લોકોની સમક્ષ પ્રગટ કર્યો.તેમને પણ વધસ્તંભ પર જડાવીને મારી નાખવામાં આવ્યા અને તેમજ તેમનાં શરીરનાં ટુકડાઓ કરી નાખવામાં આવ્યાં.

**વધ કરાએલ વર્ષ : ઈ.સ.74**

**12. યહૂદા ઈસ્કરિયોત** : એક વખત, એક મહિલા અતિ મૂલ્યવાન જટામાંસીનું એક શેર અત્તર લઈને આવી. તેણે આ અત્તરથી પ્રભુ ઈસુના પગોને ચોળ્યા અને પોતાના ચોટલાના વાળથી તેમના પગને લૂછ્યા. અને આ અત્તરની સુગંધ આખા ઘરમાં પ્રસરી રહી. આ દેખીને યહૂદાએ ટિપ્પણી કરી કે આ અત્તરને ત્રણ સો ચાંદીના સિક્કા જેટલી કિંમતમાં વેચી શકાય તેવું છે. યહૂદાનું આ પ્રમાણેનું જણાવવુ સ્પષ્ટ કરે છે કે પ્રભુ ઈસુ પર પ્રેમ



હોવાને બદલે તેને નાણાં પર વધારે પ્રેમ હતો. પ્રભુ ઈસુ ખ્રિસ્તે, પોતાના પૂર્વજ્ઞાન પ્રમાણે, યહૂદાના આ બધાં કાર્યો કે કૃત્યોનું અગાઉથી જ અનુમાન લગાવી લીધું હતું, તેમ છતાં તેમણે તેને સાડા ત્રણ વર્ષ સુધી પોતાની સાથે રાખ્યો અને અંત સુધી તેના પ્રત્યે પોતાનો પ્રેમ દર્શાવ્યો. આ વર્ષો દરમિયાન જ્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવન, ઉપદેશ, બોધ અને ચમત્કારો દ્વારા ઘણા બધાં પાપીઓ અને દુષ્ટ લોકોના જીવનોમાં પરિવર્તન આવ્યું, પરંતુ યહૂદાના જીવન કે તેની જીવનશૈલીમાં કોઈ ફેરફાર થયો નહિ. યહૂદાનો નાણાં પ્રત્યેનો એવો અત્યાધિક પ્રેમ - જે દરેક પાપનુ મૂળ છે, આ બાબતે તેને પ્રેરણા આપી, અને તેણે અંતે પ્રભુ ઈસુને ફક્ત ત્રીસ ચાંદીના સિક્કાની લાલચમાં વિશ્વાસઘાત કર્યો. આ રીતે, તે ઈતિહાસના સૌથી કુખ્યાત વિશ્વાસઘાતીઓમાંનો એક બની ગયો, જેમાં તેણે માનવજાતના ઉદ્ધારક એવા પ્રભુ ઈસુને તેમના દુશ્મનોના હાથમાં સોંપી દીધાં, તેના આવા બદનામીભર્યા વિશ્વાસઘાતને કારણે આજ સુધી, માતાપિતા તેમના બાળકોનું નામ ''યહૂદા'' રાખવાનું ટાળે છે. પછી, યહૂદાએ જાતે આપઘાત કર્યો, જેથી તેનો આત્મા નાશ પામ્યો. જો તેણે સાચે જ પશ્ચાત્તાપ કર્યો હોત અને પ્રભુ ઈસુની માફી માગી હોત, તો નિશ્ચિતપણે તેને માફી મળી હોત. બાઈબલમાં વર્ણવ્યા મુજબ, એક સમયે તેનું નામ નવા યરૂશાલેમના પાયા પર બાર પ્રેરિતોની સાથે લખાયેલું હોત, પરંતુ તેના વિશ્વાસઘાતે તે સન્માન તેને પ્રાપ્ત થયું નહિ.

**આત્મહત્યાનું વર્ષ - ઈ.સ.૩૩**

**13.** માથ્થીઅસ : શરૂઆતથી જ તે ઈસુન અનુસરનાર હતો. ઈસુએ પસંદ કરેલાં ૭૦ શિષ્યોમાંનો તે એક હતો. યહૂદા ઇશ્કારિયોતે ફક્ત ચાંદીનાં ત્રીસ સિક્કા માટે ઈસુનો વિશ્વાસઘાત કર્યો ત્યારબાદ અન્ય સઘળાં શિષ્યો માથ્થયસને જાણતા હતા. તેઓએ બધાંએ સાથે મળીને પ્રાર્થના કરી અને ચિઠ્ઠીઓ નાખીને માથ્થીયસની પસંદગી કરી અને તે પણ અગિયાર શિષ્યોમાં ગણાયો. પ્રક્ટીકરણના પુસ્તકમાં નોંધ કર્યા પ્રમાણે ''નગરના કોટના પાયાના બાર પથ્થરો હતા. અને તેમના પર હલવાનનાં બાર પ્રેરિતોનાં બાર નામ હતાં.'' આ પ્રમાણે માથ્થીયસનું નામ પણ તેમાં ઉમેરવામાં આવેલું હતું. કેટલો મોટો

આશીર્વાદ ! તેણે યરૂશાલેમમાં સુવાર્તા પ્રગટ કરી. અંતમાં તેને પથ્થરોથી મારીને તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. તેનાં શરીરનાં અવશેષોને જર્મનીના ટ્રીએર અને રોમમાં દાટવામાં આવ્યાં છે. વધ કરાએલ વર્ષ : ઈ.સ.**70**

**14.** પાઉલ : ઈસુ ખ્રિસ્તે તેમના પુનરુત્થાન બાદ વિશેષ સંજોગો હેઠળ પાઉલને દર્શન આપ્યું અને ઈઝરાયેલનાં વંશજો,વિદેશીઓ, રાજાઓને ઈસુનું નામ લઈ જવા માટે તેની પ્રેરિત તરીકે પસંદગી કરી હતી. આજના પ્રમાણ મુજબ, તે દરેક પ્રકારનો સર્વોચ્ચ પ્રતિનિધિ હતો એટલે કે જન્મ, કૂળ, રૂઢિચુસ્તતા, ધાર્મિકતા, સામાજિક મોભો અને વ્યક્તિગત ન્યાયીપણું. પરંતુ પાઉલ આ બધાં વાનાંઓને ઈસુ ખ્રિસ્તના જ્ઞાનની શ્રેષ્ઠતાની સરખામણીમાં વ્યર્થ ગણે છે.એક સમયે પાઉલ ખ્રિસ્ત અને ખ્રિસ્તી વિશ્વાસનો સખત વિરોધી હતો, તે યહૂદી પંથ માટે તેને ભયસ્થાન તરીકે માનતો હતો. તે જ્યારે ખ્રિસ્તીઓની સતાવણી કરવા માટે દમસ્કના રસ્તે જતો હતો ત્યારે તેને મહિમાવંત ખ્રિસ્તનું દર્શન થયું અને ખાતરી થઈ કે ઈસુ જ સાચે જ સત્ય ઈશ્વર છે અને લોકોને તેમના પાપોથી ઉદ્ધાર પામવા માટે માનવદેહરૂપે પ્રગટ થયા. આમ, પાઉલ દમસ્ક શહેરમાં સતાવણી કરનાર તરીકે નહિ પણ એક વિશ્વાસી તરીકે પહોંચ્યો અને જૂના કરારનાં શાસ્ત્રોમાંથી તેણે સાબિતઓ આપવાની શરૂઆત કહી કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે અને જગતના ઉદ્ધારક છે. ત્યારબાદ પવિત્ર આત્માની દોરવણી નીચે, તેમણે ત્રણ મુખ્ય મિશનેરી મુસાફરીઓ કરી જેમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર ફક્ત વિશ્વાસ કરવાથી તારણ પ્રાપ્ત થાય છે તે મુખ્ય બાબત હતી. જેઓએ તેમનાં પ્રચાર પર વિશ્વાસ કર્યો તેઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તની આરાધના કરવા માટે ચર્ચોમાં એકઠા મળવા લાગ્યા. પાઉલે બાઈબલમાં ૧૩ જેટલાં પુસ્તકો લખ્યા. જેમાં ખ્રિસ્ત તથા મંડળીના સિદ્ધાંતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેઓને સૌથી મહાન પ્રેરિત તરીકે ગણવામાં આવ્યા છતાં પણ સુવાર્તાને કારણે તેમની પીઠ ૩૦૦ જેટલાં ફટકાઓને કારણે વિકૃત થઈ ગઈ હતી, તેમનું શરીર ભૂખ, તરસ, ઉજાગરાથી ક્ષીણ થઈ ગયું હતું. તેમને કેટલીય વખત કેદખાનામાં નાખવામાં આવ્યાં. તેમની સતાવણી ખુદ પોતાનાં લોકો યહૂદીઓ અને વિદેશીઓ



(ગ્રીકો) દ્વારા થઈ. તેમણે શહેરોમાં, રણપ્રદેશમાં અને સમુદ્ર મધ્યે જોખમો વેઠ્યાં. એક સ્થળેથી બીજા સ્થળે તેમને હાંકી કાઢવામાં આવ્યા અને રોમમાં તેમનો વધ કરવામાં આવ્યો. વધ કરાએલ વર્ષ : ઈ.સ.**67**

## ઉપસંહાર

ઉપર જણાવેલ સર્વ પ્રેરિતો ખ્રિસ્તની સાથે આશરે સાડાત્રણ વર્ષ સુધી રહ્યા અને તેઓએ ફક્ત નિષ્કલંક જીવન અને ઈશ્વરી પ્રકૃતિને નિહાળી ન હતી અને પુનરૂત્થાન પોલાં ખ્રિસ્તની સાથે ચાલીસ દિવસો સુધી રહ્યા. વધુમાં, તેઓ ઈસુ ખ્રિસ્તના સ્વર્ગારોહણના સાક્ષીરૂપ બન્યા, તેઓને અસંખ્ય મુશ્કેલીઓ તથા સતામણીઓ મધ્યે તેઓએ પોતાનું જીવનોનું બલિદાન આપ્યું, ખ્રિસ્તના સંદેશાનો ઉપદેશ કરવા માટે તેઓ ખ્રિસ્તને ખાતર મરણ પામવા ઈચ્છા ધરાવતા હતા અને ખ્રિસ્તને ખાતર અપમાનો, દુઃખ સહન કરવામાં ખુશી અનુભવતા હતા.

ઉપરોક્ત જણાવેલ પ્રેરિતોએ માનવજાતને માટે ઈસુ ખ્રિસ્તના શિક્ષણનો પ્રચાર કરવા માટે તેઓએ પોતાનાં જીવનોનું બલિદાન આપ્યું. અસંખ્ય મુશ્કેલીઓ તથા સતાવણીઓ મધ્યે પણ તેઓએ અસંખ્ય દેશોમાં મુસાફરીઓ કરીને પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કર્યો. તેઓ ઈસુ ખ્રિસ્તના નામ ખાતર અપમાન તેમજ મરણ પણ સહેવા માટે ખુશીથી તૈયાર રહેતા હતા.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સેવાકાર્ય ફક્ત ઈશ્વરના રાજ્ય સંબંધી પ્રચાર કરતું નથી. પરંતુ અસંખ્ય અજાયબ ચમત્કારો દ્વારા તેને અધિકૃત પણ કરે છે. ઈસુ ખ્રિસ્તનું શિક્ષણ ઈશ્વરી જ્ઞાનને આત્મસાત કરે છે. તેમજ સમાજમાં તેઓને સક્ષમ કરીને ઈશ્વરી ગુણવત્તાઓને આત્મસાત કરીને ઘણા બધાંના જીવનને પવિત્ર બનાવ્યું છે. સુવાર્તાનો આ પ્રચારકાર્ય પ્રેરિતો/શિષ્યો દ્વારા ચાલુ રાખવમાં આવ્યું છે. પ્રેરિતો દ્વારા બેસાડેલ બલિદાનયુક્ત જીવન આપવાનો વારસો અસંખ્ય મિશનેરીઓ દ્વારા અનુસરવામાં આવ્યો છે. જેમાં ડૉ. ગ્રેહામ સ્ટેઈન્સ તેમાંનાં એક છે.

# ડૉ.ગ્રેહામ સ્ટેઈન્સ



**_Dr. Graham Stains Family_**

ઓસ્ટ્રેલિયાથી આવેલા ડૉ.ગ્રેહામ સ્ટેઈન્સ આપણાં દેશનાં ઓરિસ્સા રાજ્યમાં લેપ્રસી દર્દીઓ મધ્યે સેવાઓ આપતા હતા. તા.22-1-1999 ના રોજ જ્યારે મિશનેરી ગ્રેહામ સ્ટેઈન્સ, તેમનાં બે પ્રેમાળ બાળકો, 10 વર્ષનો ફિલિપ અને 6 વર્ષનો તિમોથી સાથે મનોહરપુર ગામે વાનમાં સૂતા હતાં, ત્યારે તોફાની તત્ત્વોએ રાત્રે તેમની વાનને સળગાવી દીધી અને તેમને મારીને રાક્ષસી રીતે જીવતાં સળગાવી દીધાં. તેમાં જાણવા મળ્યું કે તેમનાં બાળકોના હાડપિંજર પર પિતાના હાથ વીંટળાયેલાં હતાં. જેઓ અછૂત રક્તપિત્તિઓના પુનર્વસન જેવા સેવાકાર્ય કરે છે તેઓ માટે કેટલી નિર્દયતાપ્રૂવક વર્તાવ-વ્યવહાર.જોકે આ જઘન્ય અપરાધ - ઘટના - હત્યાકાંડ બાદ પણ, ગ્રેહામ સ્ટેઈન્સનાં પત્ની ગ્લેડીસ અને તેમની પુત્રી એસ્તરે તે ગુનેગારોને માફી બક્ષી. આ એક દૈવી પ્રેમ છે. હા, જો આવા પ્રકારનું વલણ દરેક માનવીમાં જોવા મળે તો, આપણે આ પૃથ્વી પર સ્વર્ગની રચના કરી શકીએ. ડૉ.ગ્રેહામ સ્ટેઈન્સ અને તેમના કુટુંબની સેવા તથા બલિદાનની કદરરૂપે, ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડ અને તેમજ મધર ટેરસા મેમોરીયલ ઈન્ટરનેશનલ એવોર્ડથી નવાજ્યા. આ ઉપરાંત, તેઓએ તેમનાં મહાન ગુરુ પ્રભુ ઈસુનાં પગલાંઓને અનુસર્યા. જે મહાન ગુરુ ઈસુએ તેમને વધસ્તંભ જડાવનારાઓ પ્રત્યે પ્રાર્થનાઓ કરી હતી, **"પિતા, તેઓને માફ કરો. કેમ કે તેઓ શું કરી રહ્યા છે તે તેઓ જાણતાં નથી."**



તે સમયના તત્કાલીન ભારતના રાષ્ટ્રપતિ કે.આર.નારાયણે કહ્યું, "જે વ્યક્તિ રક્તપિત્તિયાઓ મધ્યે સેવા કરવા માટે આવ્યો છે તેનો આભાર માનવો જોઈએ અને તેને આદર્શરૂપ ગણવો જોઈએ. પરંતુ આ અમાનવીય કાર્ય જે સહિષ્ણુતા તથા અહિંસાના દેશ તરીકે જાણીતા ભારતમાં થયું છે તે વિશ્વમાં અંધકારમય કાર્યોમાંનો એક અપરાધ છે."

અત્યારે સ્ટેઈન્સની દીકરી તેમના પતિના સહયોગ સાથે તેની માતાને ટેકો આપી રહી છે. તેણીએ ઓસ્ટ્રેલિયામાં પોતાનું મેડિકલ અભ્યાસ પૂર્ણ કરી, લગ્ન કર્યા અને ઓસ્ટ્રેલિયમાં સ્થાયી થયા બાદ તેઓએ બરીપાડામાં એક નવીન ગ્રેહામ સ્ટેઈન્સ મેમોરિયલ હોસ્પીટલનું નિર્માણ કર્યું છે. ગ્લેડિસે હજુ પણ લેપ્રસી હોમમાં રોગીઓનાં ઘાઓને બાંધવાનું કાર્ય ચાલુ રાખ્યું છે.

આ જ કારણે કરોડો લોકો, જેઓ ઈસુના શિક્ષણ-ઉપદેશથી પ્રભાવિત થઈને સમગ્ર વિશ્વમાં સુવાર્તાનો પ્રચાર કરવા માટે તેમનાં જીવનોને સમર્પિત કરે છે. આ જ કારણથી અસંખ્ય લોકોને ભયાનકપણે મારી નાખવામાં આવ્યાં છે. તેમ છતાં પણ પ્રભુ ઈસુની સુવાર્તા અને માનવજાતનું સેવાકાર્ય આજે પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તના જ્ઞાનનો બચાવ કરવા અને આપણા સમાજના ભલાઈ માટે ફાળો આપે છે.



## મધર થેરેસા



યુગોસ્લાવીયા દેશમાં ૨૬-૮-૧૯૧૦ ના રોજ જન્મ થયેલો,તેમણે તેમના પિતાને ૮ વર્ષની ઉંમરે ગુમાવી દીધા હતા. તેમની માતાએ તેઓ ૧૮ વર્ષનાં થયા ત્યાં સુધી તેમનો ઉછેર ક્યો. એગ્નેસે ભારતના મિશનેરી બનવા માટે સીસ્ટર્સ ઓફ લોરેટો નામની સંસ્થામાં જોડાઈ. તેઓ ૧૯૨૯માં કલકત્તામાં આવ્યા, જ્યાં તેમણે ૨૦ વર્ષો સુધી શિક્ષક તરીકે કાર્ય કર્યું. તે વર્ષો દરમ્યાનમાં તેમણે અનુભવ્યું કે લોકો ઝૂંપડપટ્ટીમાં માંદગીન કારણે પીડાઈ રહ્યા છે અને તેમણે તેઓને મદદરૂપ થવાનો નિર્ણય કર્યો. તેમણે નર્સની તાલીમ લેવા માટે પોતાનું નામ નોંધાવ્યું અને તાલીમ પૂર્ણ કર્યા બાદ, ફક્ત પોતાના હાથમાં પાંચ રૂપિયાના સહારે તેમણે શરણાર્થી શિબિર ગરીબ તથા જરૂરિયાતમંદ લોકો માટે સ્થાપી. એક વખત તેઓએ શેરીઓમાં ગરીબ લોકોની દવાઓ અને તેમની સારવાળ માટેનાં નાણાંની મદદ માટે હાથ લંબાવ્યો,ત્યારે એક વ્યક્તિએ તેમની આ વિનંતિ પર પોકારી ઉઠ્યો કે મિશનેરીઓ દંભી હોય છે અને તે તેમની હથેલીમાં થૂંક્યો. ત્યારબાદ તેમનો બીજો હાથ ખેંચીને કહેવા લાગ્યો “આ થૂંક મારા માટે છે, મને ગરીબોની સંભાળ માટે કંઇક આપો.” જોકે જે માણસ તેમના હાથમાં થૂંક્યો હતો,તેણે પાછળથી પસ્તાવો કર્યો જે કંઈ કર્યું તેને માટે અને દિલગીરી વ્યક્ત કરી તેમજ તેણે ગરીબોને મદદ પણ કરી.

કલકત્તામાં કાલી માતાના મંદિરની બાજુમાં જ્યાં તેઓ સેવા કરી રહ્યા હતાં,ત્યાં મંદિરની આજુબાજુમાં રહેતાં લોકોએ તેના કહેવા પર કે તે લોકોનું ધર્માંતરણ કરે છે તેવી ફરિયાદ કરી.જે અધિકારી તપાસ કરવા માટે આવ્યા હતા તેમણે જોયું કે મધર થેરેસા દર્દીઓનાં ઘા સાફ કરી રહ્યા હતા, જે લોકોએ ફરિયાદ કરી હતી તેઓને બોલવીને કહ્યું, “જો તમારી માતા, બહેનો જે પ્રમાણે આ લોકો લોકોની સેવા કરી રહ્યા છે તે પ્રમાણે તેઓ કરતા હોય તો અમે આ લોકોને તાત્કાલિક ધોરણે આ જગ્યા ખાલી કરવાનું કરીશું.”



આજુબાજુનાં જે લોકોએ જે કંઈ કર્યું હતું, તેને લીધે શરમાઇ ગયા અને પાછા જતા રહ્યાં.

૨૦૦૭ સુધીમાં તેમણે ૧૨૩ દેશોમાં લગભગ ૬૦૦ જેટલાં આવા કેન્દ્રો ગરીબો, માંદાઓ અને જરૂરિયાતમંદ લોકો માટે સ્થાપ્યાં.તેમની સેવાની કદરરૂપે ભારત સરકાર દ્વારા તેમને ભારત રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને તેઓને શાંતિ માટેનું નોબલ પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યું .કેથોલિક સંપ્રદાય મુજબ તેઓને સંતનું બિરુદ પણ આપવામાં આવ્યું. જ્યારે તેઓ ૫-૯-૧૯૯૭માં અવસાન પામ્યા. ત્યારે ભારત સરકાર દ્વારા મધર થેરેસાની દફનક્રિયામાંની યજમાનગીરી કરી. તેઓને લશ્કરી સન્માન આપવામાં આવ્યું. એટલે કે તેમના પાર્થિવ શરીરને ગન કેરેજમાં લશ્કર દ્વારા તેની શોભાયાત્રા કાઢવામાં આવી. જે એમ.કે.ગાંધી અને જવાહરલાલ નહેરુને માટે અનામત રાખવામાં આવ્યું હતું. ઘણાં બધાં વડાપ્રધાનો, રાષ્ટ્રપતિઓ અને અસંખ્ય દેશોના આગેવાનોએ તેમની દફનક્રિયામાં ભાગ લીધો હતો. દરેક ભારતીય માટે ગર્વ હોવું જોઈએ.

જો આ પૃથ્વી પરનો દરેક માનવી ગરીબો તથા જરૂરિયાતમંદો તરફ તેવા જ પ્રકારની દયા તથા કરુણા દર્શાવતો. આ પૃથ્વી પર ચોક્કસ સ્વર્ગ હોઇ શકે. કરોડો લોકોએ જેઓ ઈશ્વરના પ્રેમનો અનુભવ કર્યો છે, તેઓ બીજાઓને એક યા બીજી રીતે પોતાનો પ્રેમ વહેંચી રહ્યા છે. ઘણાં બધાં લોકોને ખ્રિસ્તમાંનાંવિશ્વાસને કારણે સતાવણી કરવામાં આવે છે. આ બધું થવા છતાં આ લોકો ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરે છે. તેનો હેતુ એ છે કે લોકો તેમનાં જીવનો દ્વારા પ્રેમ, દયા અને ભાઈચારો દર્શાવે અને ઈસુ ખ્રિસ્ત દ્વારા મફતમાં મળનાર તારણ અને અનંતજીવન પ્રાપ્ત કરે. તેઓ સમાજમાં આજુબાજુ રહેતાં લોકો માટે એક મહાન નમૂનારૂપ બની શકે છે.

ચાલો જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં શિક્ષણનો પ્રચાર કરી રહ્યા છીએ તેને સલામ પાઠવીએ.

તા.**09-12-2013**ના રોજ શિવમોગાના સ્થાનિક સમાચારપત્રમાં પ્રકાશિત થયેલ એ લેખ.



# 20. ઈશ્વરી ડહાપણ



> જો હું પૂર્વનો માણસ હોઉં તો મારે નાઝરેથના ઈસુની આરાધના કરવી, જે મારા માટે એક જ માર્ગ બાકી રહ્યો છે. તેથી, તેમને એક ઈશ્વર તરીકે ભજો અને બીજું કોઈ નહિ.
>
> - સ્વામિ વિવેકાનંદ
>
> **(ધ કમ્પ્લીટ વર્ક્સ ઓફ સ્વામિ વિવેકાનંદ, Vol-4 , Page No:143 )**

ઈઝરાયેલ દેશમાં ૩૦૦૦ વર્ષો પહેલાં રાજા સુલેમાનના ડહાપણની એક ઘટના બની તેમાં પ્રદર્શિત થયું.

તે વેળા બે સ્ત્રીઓ જે વેશ્યા હતી, તે રાજા પાસે આવીને તેની સંમુખ ઊભી રહી.એક સ્ત્રીએ કહ્યું, હે મારા મુરબ્બી, હું તથા આ સ્ત્રી એક જ ઘરમાં રહીએ છીએ; જે ઘરમાં હું તેની સાથે રહેતી હતી તેમાં મને બાળકનો પ્રસવ થયો.મારી પ્રસૂતિને ત્રીજે દિવસે એમ થયું કે આ સ્ત્રીને પણ બાળકનો પ્રસવ થયો; અમે એકઠાં રહેતાં હતાં; અમારી સાથે ઘરમાં બીજું કોઈ માણસ નહોતું, અમે બે જ ઘરમાં હતાં.આ સ્ત્રીનો દીકરો રાતે મરી ગયો; કેમ કે ઊંઘમાં એણે પોતાની તળે તેને ચગદી નાખ્યો.પછી એણે મધરાતે ઊઠીને આ તારી દાસી ઊંઘતી હતી એટલામાં મારો દીકરો મારી સોડમાંથી લઈ જઈને પોતાની સોડમાં સુવાડ્યો, ને તેનો મૂએલો દીકરો મારી સોડમાં સુવાડ્યો.સવારમાં હું મારા દીકરાને ધવડાવવા ઊઠી, ત્યારે તો, જુઓ, તે મૂએલો હતો; પણ મેં તેને સવારે ધ્યાન દઈને જોયો, તો જુઓ, તે મારે પેટે જન્મેલો મારો દીકરો નહોતો.ત્યારે પેલી બીજી સ્ત્રી બોલી ઊઠી કે, એમ નહિ; જીવતો તે મારો દીકરો છે, ને મૂએલો તે તારો દીકરો છે. એણે કહ્યું કે, એમ નહિ; પણ મૂએલો તે તારો દીકરો છે, ને જીવતો તે મારો દીકરો છે. એમ તેઓ રાજા આગળ બોલી.ત્યારે રાજાએ કહ્યું કે, એક કહે છે કે, આ



જીવતો તે મારો દીકરો છે, ને મૂએલો તે તારો દીકરો છે અને બીજી કહે છે કે, એમ નહિ; પણ મૂએલો તારો દીકરો, ને જીવતો મારો દીકરો છે.પછી રાજાએ કહ્યું કે, મારે સારુ એક તરવાર લઈ આવો. તેઓ રાજા પાસે એક તરવાર લાવ્યા.રાજાએ કહ્યું કે, આ જીવતા છોકરાને કાપીને બે ભાગ કરો, અને એકને અડધો, ને બીજીને અડધો આપો.ત્યારે જીવતો છોકરો જે સ્ત્રીનો હતો તેણે રાજાને અરજ કરી, કેમ કે પોતાના દીકરાને વાસ્તે તેની આંતરડી કકળતી હતી; અને તેણે કહ્યું કે, હે મારા મુરબ્બી, એને જીવતો છોકરો આપ, ને ગમે તેમ હોય પણ તેને મારી તો ન જ નાખ. પણ પેલી બીજીએ કહ્યું કે, તે મારો પણ ન થાય, તેમ તારો પણ ન થાય; એને ચીરો.ત્યારે રાજાએ ઉત્તર આપ્યો કે, પેલીને જીવતો છોકરો આપો, એને મારી તો ન જ નાખો; તે જ એની મા છે. રાજાએ જે ન્યાય કર્યો હતો, તે વિષે સર્વ ઇસ્રાએલે સાંભળ્યું; ત્યારે તેઓને રાજાનો ભય લાગ્યો; કેમ કે તેઓએ જોયું કે ન્યાય કરવા તેનામાં ઈશ્વરનું જ્ઞાન છે. (1રાજા 3:16-28)

ઈશ્વરે તમામ પ્રાણીઓને શરીર તથા જીવન સાથે ઉત્પન્ન કર્યા. પરંતુ માનવીને આત્મા, જીવન તથા શરીર સાથે ઉત્પન્ન કરવામાં આવ્યો. ફક્ત આત્માઓને ડહાપણ હોય છે. ડહાપણ કે બુદ્ધિ વગર માનવી પશુવત છે. જો કોઈ વ્યક્તિ માલમિલકત ધરાવે, સુંદરતા તથા બીજી અન્ય કુશળતાઓ ધરાવે. પરંતુ આ મોભો પણ નીચો ગણાય. પરંતુ જે વ્યક્તિ પાસે કંઈ પણ ન હોય, પણ તેની પાસે જ્ઞાનનો ભંડાર હોય તો તે વ્યક્તિનો મોભો ઊંચો ગણવામાં આવે છે. સુજ્ઞો અંતરિક્ષના પ્રકાશની માફક અને ઘણાઓને નેકીમાં વાવી લાવનારાઓ સદાસર્વકાળ તારાઓની માફક પ્રકાશશે. તેથી ડહાપણ એ માનવી જીવનમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. ડહાપણની બરોબરી કોઈ ન કરી શકે.

આ વિશ્વની યુનિવર્સિટીઓ, શિક્ષણકેન્દ્રો અને ગૂગલ/સોશિયલ મીડિયા આપણને જ્ઞાન આપી શકે છે. પરંતુ જગત-વિશ્વ ઈશ્વરી ડહાપણ/ જ્ઞાન આપી શકતું નથી. કેમ કે આ જગતનું જ્ઞાન ઈશ્વરની આગળ મૂર્ખતારૂપ છે. ઈશ્વરી જ્ઞાન/ડહાપણ એ આત્માની સાથે સંબંધિત છે. આપણા આત્માનો

પ્રભુ એ સર્વશક્તિમાન  ઈશ્વર છે અને આ તેમના દ્વારા જ આ જ્ઞાન/ડહાપણ મેળવી શકીશું. પવિત્ર બાઇબલ જણાવે છે કે ઈશ્વરનું ભય એ જ્ઞાનનો આરંભ છે ; મૂર્ખો જ્ઞાન તથા શિક્ષણને તુચ્છ ગણે છે. ઈશ્વરનું ભયનો અર્થ ફક્ત એ નથી કે પ્રાર્થનાઓ, આરાધનાઓ તથા અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ. પરંતુ ભૂંડું, અભિમાન, ગર્વ, દુષ્ટતાના માર્ગો અને કઠોર શબ્દો બોલવા વગેરેનો ધિક્કાર કરવો.

તેથી જ ઈશ્વરનું વચન મેળવો અને ખજાનાની જેમ તમારા હૃદયમાં ઈશ્વરની આજ્ઞાઓ સંઘરી રાખો, તમારા કાનો જ્ઞાન તરફ અને તમારા હૃદયો સમજણ/બુદ્ધિ તરફ ફેરવો; વિવેકબુદ્ધિને માટે ઘાંટો પાડો તેમજ સમજણ મેળવવાને માટે ખંત રાખો. જો તમે સોનારૂપાની પેઠે શોધશો તો તમે ઈશ્વરનું જ્ઞાન મેળવશો. કેમ કે ઈશ્વર જ્ઞાન આપે છે. તેમના મુખમાંથી વિદ્યા તમારા મનને ખુશકારક લાગશે. વિવેકબુદ્ધિ તમારી ચોકી કરશે અને બુદ્ધિ તમારું રક્ષણ કરશે. વિવેકબુદ્ધિ દુષ્ટ માણસોના માર્ગમાંથી તમને બચાવશે. તે તમને વ્યભિચારી સ્ત્રીથી બચાવશે. પોતાના શબ્દોથી મોહ પમાડનાર પરસ્ત્રીથી ઉગારશે. કેમ કે તેનું ઘર મૃત્યુ ભણી ઢળેલું છે અને તેનાં માર્ગો મૂએલાં તરફ ઢળતા છે. તેમની પાસે જનારાઓમાંથી કોઈ પાછો આવતો નથી, તેઓ જીવનનો માર્ગ સંપાદન કરી શકતા નથી.

જેમ દ્રવ્ય આશ્રય છે તેમ બુદ્ધિ પણ આશ્રય છે; પણ જ્ઞાનની ઉત્તમતા એ છે કે, તે પોતાના માલિકના જીવનું રક્ષણ કરે છે. (સભાશિક્ષક ૭:૧૨). ડહાપણની ઇચ્છા રાખો, સમજણમાં વૃદ્ધિ પામો; જ્ઞાનને ભૂલી જશો નહિ અને તે તમારું રક્ષણ કરશે, અને તે તમારી ચોકી કરશે. જો કે તે તમને ખર્ચાળ લાગે, તો પણ મેળવો. જો તમે જ્ઞાન મેળવશો, તો તમારી પાસે સમૃદ્ધિ આવશે. જો તમે તેને ગળે લગાડશો, તો તમને માન મળશે. તે તમારા માથા પર કૃપાનો હાર પહેરાવશે અને તમન તેજસ્વી મુગટની ભેટ આપશે. સોનું તથા માણેક મોતી પુષ્કળ પ્રમાણમાં હોય છે. પરંતુ જ્ઞાન કે ડહાપણના હોઠો અથવા જ્ઞાની હોઠો તો એક મૂલ્યવાન જવાહિર છે.



હું તારા નિયમ પર કેટલો બધો પ્રેમ રાખું છું! આખો દિવસ તેનું જ મનન કરું છું.  તારી આજ્ઞાઓ મારા શત્રુઓના કરતાં મને બુદ્ધિમાન કરે છે; કેમ કે તેઓ સદા મારી પાસે છે.  મારા સર્વ શિક્ષકો કરતાં હું વધુ સમજું છું; કેમ કે હું તારાં સાક્ષ્યોનું ધ્યાન ધરું છું.  વૃદ્ધોના કરતાં હું વિશેષ જાણું છું, કેમ કે મેં તારાં શાસનો પાળ્યાં છે. (ગી.શા. 119:97-100)

## વિવિધ શોધખોળ

જેઓએ બાઇબલના શિક્ષણને અનુસર્યા છે તેઓએ અસંખ્ય શોધોને શોધી છે જેને કારણે પૃથ્વી પરનું આપણું જીવન સુવિધાજનક, માંદાઓને સાજાપણું, ભૂખ/ગરીબીને દૂર કરવામાં આવી. આયુષ્યમાં વધારો, સલામતી, સુધારેલ શિક્ષણ પદ્ધતિ, સંદેશાવ્યવહારની સરળતા, ઝડપી મુસાફરી, જ્ઞાનમાં વધારો વગેરે વગેરે. જેમાંની થોડીક શોધો તમારી જાણકારી માટે અહીં નીચે નોંધવામાં આવી છે.

### INVENTIONS

| Sl.No. | Inventions | Inventor | Country | Year |
|---|---|---|---|---|
| 1 | Adding Machine | Blaise Pascal | France | 1642 |
| 2 | Addressograph | J.S. Duncan | U.S | 1893 |
| 3 | Airship (non-rigid) | Henri Giffard | France | 1852 |
| 4 | Airplane & Wilbur Wright Kitty Hawk | Orville Wright North Carolina | U.S | 1903 |
| 5 | Airship (rigid) Zeppelin | Graf Ferdinand von | Germany | 1900 |
| 6 | Antiseptic | Dr. Joseph Lister | England | 1867 |
| 7 | Arc Lamp | C.F. Brush | U.S | 1879 |
| 8 | Argon | Sir William Ramsay and Baron Ray Leigh | Great Britain | 1894 |
| 9 | Aspirin | Dr. Felix Hoffman | Germany | 1899 |
| 10 | Atom Bomb | Julius Robert Oppenheimer | U.S | 1945 |
| 11 | Autogiro | Juan de la Cierva | Spain | 1923 |
| 12 | Automobile (steam) | Nicolas Cugnot | France | 1769 |
| 13 | Automobile (gasoline) | Karl Benz | Germany | 1855 |
| 14 | Bakelite | Lwo H. Backcland | Belgium/U.S | 1907 |
| 15 | Balloon | Jacques Montgolfier & Joseph Montgolfier | France | 1783 |
| 16 | Ballpoint Pen | John J. Loud | U.S | 1888 |
| 17 | Barbed Wire | Joseph F. Glidden | U.S | 1873 |
| 18 | Bicycle Tyres (pneumatic) | John Boyd Dunlop | Scotland | 1888 |

| Sl.No. | Inventions | Inventor | Country | Year |
|---|---|---|---|---|
| | | Elmer Wavering | USA | 1929 |
| 19 | Cash Register | James Ritty | U.S | 1879 |
| 20 | Cellophane | I.E. Brandenberger | Switzerland | 1900 |
| 21 | Celluloid | Alexander Parkes | England | 1861 |
| 22 | Cement | Joseph Aspdin | England | 1824 |
| 23 | Chain Drive | Leonardo da Vinci | Italy | 1491-93 |
| 24 | Chlorine | Karl Wilhelm Scheele | Sweden | 1774 |
| 25 | Chronometer | John Harrison | England | 1735 |
| 26 | Clock (mechanical) | I-Hsing and | | |
| | | Liang Ling-Tsan | China | 725 |
| 27 | Clock (pendulum) | Christian Huygens | Netherlands | 1657 |
| 28 | Dental Plate | Anthony A. Plantson | U.S | 1817 |
| 29 | Dental Plate (rubber) | Charles Goodyear | U.S | 1855 |
| 30 | Diesel Engine | Rudolf Diesel | Germany | 1895 |
| 31 | Disc Brake | Dr. F. Lanchester | England | 1902 |
| 32 | Electric Battery | Volta | Italy | 1800 |
| 33 | Electric Blanket | Simmons Co. | | |
| | | Petersburg, Virginia | U.S. | 1946 |
| 34 | Electric Cooking Utensil | St. George Lane-Fox | England | 1874 |
| 35 | Electric Fan | Wheeler | USA | 1882 |
| 36 | Electric Generation (Static) | Otto von Gueriche | Germany | 1660 |
| 37 | Electric Lamp | Thomas Alva Edison | U.S | 1879 |
| 38 | Electric Motor (DC) | Zenobe Gramme | Belgium | 1873 |
| 39 | Electric Motor (AC) | Nikola Tesla | U.S | 1888 |
| 40 | Electromagnet | William Sturgeon | England | 1824 |
| 41 | Electromagnetic Induction | Michael Faraday | Great Britain | 1831 |
| 42 | Electronic Computer | J.G. Brainerd, J.P. Eckert | | |
| | | J.W. Mauchly | U.S | 1942 |
| 43 | Elevator | Elisha G. Otis | U.S | 1852 |
| 44 | Film (musical) | Dr. Lee de Forest | U.S | 1923 |
| 45 | Film (talking) | Warner Bros. | U.S | 1926 |
| 46 | Fluroine | Ferdinand Frederick | | |
| | | Henri Moissan | France | 1886 |
| 47 | Food Frozen | Birdseyes | USA | 1923 |
| 48 | Fountain Pen | Lewis E.Waterman | U.S | 1884 |
| 49 | Gas Lighting | William Murdock | Scotland | 1792 |
| 50 | Generator | Piciontti | Italy | 1860 |
| 51 | Glass (stained) | Augsberg | Germany | 1080 |
| 52 | Glider | Sir George Cayley | England | 1853 |
| 53 | Gramophone | Thomas Edison | USA | 1878 |
| 54 | Gyro-Compass | Elmer A.Sperry | U.S | 1911 |
| 55 | Helicoter | d'Ascanio | Italy | 1930 |
| 56 | Helium | Sir William Ramsay | Great Britain | 1868 |
| 57 | Hovercraft | C.S. Cockerell | England | 1955 |
| 58 | Iron Working | Hallstatt | Austria | 1000BC |
| 59 | Jet Engine | Sir Frank Whittle | England | 1937 |
| 60 | Laser | Dr. Charles H Townes | U.S | 1960 |
| 61 | Lathe | Greeks | England | 1500BC |
| 62 | Launderette | J.F. Cantrell | U.S | 1934 |



| Sl.No. | Inventions | Inventor | Country | Year |
|---|---|---|---|---|
| 63 | Laws of Gravitation | | | |
| | and Motion | Issac Newton | England | 1678 |
| 64 | Lightning Conductor | Benjamin Franklin | U.S | 1752 |
| 65 | Linoleum | Frederick Walton | England | 1860 |
| 66 | Locomotive | Richard Trevithick | England | 1804 |
| 67 | Loom(power) | Edmund Cartwright | England | 1785 |
| 68 | Loudspeaker | Chester W.Rice and | U.S | 1924 |
| | | Edward W. Kellogg | | |
| 69 | Machine Gun | Richard Gaffing | U.S | 1861 |
| 70 | Maps | Sumerians | | 2500BC |
| 71 | Margarine | Hippolyte Mege-Mouries | France | 1863 |
| 72 | Match (Safety) | J.E. Lundstrom | Sweden | 1855 |
| 73 | Microphone | Alexander Graham Bell | U.S | 1876 |
| 74 | Microscope | Zacharis Janssen | Netherlands | 1590 |
| 75 | Microscope (Electron) | Vladimir Kosme Sworykin | U.S | 1939 |
| 76 | Ship (turbine) | Hon.Sir Charles Parsons | England | 1894 |
| 77 | Silicones | F.S. Kipping | England | 1904 |
| 78 | Silk Manufacture | Reeling Machines devised | China | c.50 BC |
| 79 | Skyscraper | William Le Baron Jenney | U.S | 1882 |

મોટેભાગે ઉપરોક્ત જણાવેલ તમામ શોધો યહૂદી વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી છે. કારણ કે તેઓ ઈશ્વરની પસંદ કરેલ પ્રજા છે. જેમની વંશાવળીમાં જગતના તારણહાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આવ્યાં. તેઓ બાઈબલને ઈશ્વરનું વચન ગણે છે. ઈશ્વરે તેમને અસાધારણ જ્ઞાન કે ડહાપણથી ભરપૂર કર્યા છે. ઉદાહરણ તરીકે, નોબલ પ્રાઈઝ-ઈનામ આપવાની શરૂઆત ઈ.સ.૧૯૦૧થી થઈને અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વની વસ્તીના ભાગ્યે જ ૦.૧૯% યહૂદીઓ હોવા છતાં તેઓને ૨૧૦ નોબલ ઈનામો પ્રાપ્ત થયેલાં છે.

તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય તો ઈશ્વર જે સર્વને ઉદારતાથી આપે છે, તેની પાસેથી તે માગે, એટલે તેને તે આપવામાં આવશે. પરંતુ કંઈ પણ સંદેહ રાખ્યા વગર વિશ્વાસથી માગવું : કેમ કે જે કોઈ સંદેહ રાખે છે, તે પવનથી ઉછળતા તથા અફળાતા સમુદ્રના મોજાના જેવો છે. એવા માણસે પ્રભુ તરફથી તેને કંઈ મળશે એવું ન ધારવું. બે મનવાળું માણસ પોતાના સઘળાં કાર્યમાં અસ્થિર છે.

ચાલો આપણે પ્રાર્થના કરીએ કે દયાળુ ઈશ્વર આપણને તેમનાં ડહાપણથી ભરપૂર કરે અને આપણને તારણ (મોક્ષ) આપે. (મુક્તિ)